જ્ઞાન ગીતા

ॐ

॥ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

: પ્રકાશક :

કાકાશ્રી ગોરધનભાઈ નગીનદાસ

આચાર્યશ્રી

ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી

પીરાણા.

જ્ઞાન ગીતા

ૐ

॥ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

: પ્રકાશક :

કાકાશ્રી ગોરધનભાઈ નગીનદાસ

આચાર્યશ્રી

ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી

પીરાણા.

આ પુસ્તક

સ્વર્ગસ્થ છીબાભાઈ મગનભાઈ પટેલના

સ્મરણાર્થે

તેમના પરિવાર તરફથી....



કાછીયાવાડીવાળા હાલ લંડન.

ના સૌજન્યથી

અનુક્રમણિકા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

 ॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

અ.નં.	વિગત	પા.નં.

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

અ.નં.	વિગત	પા.નં.
૯૬.	શ્રી વૃંદાવનમાં ખેલતા સાહેલી રે	૧૧૭
૯૭.	આવ્યા ગોવિંદ જગતમાં ગારડી રે	૧૧૮
૯૮.	રાજ કરાવું રંગભરી સાહેલી રે	૧૧૯
૯૯.	ગુણ ગોવિંદના ગાયા સરવે સાચીજી	૧૨૦
૧૦૦.	હવે રાંમે રમત કીધી - ગરબી	૧૨૧
૧૦૧.	કહાન રૂપે કરી નવાઈ - ગરબી	૧૨૩
૧૦૨.	જેણે સ્નેહ શું કર્યા નર વારણાં રે લોલ	૧૨૫
૧૦૩.	જેને શાખ પડી સંસારમાં રે લોલ	૧૨૬
૧૦૪.	વાહલો બુધ્ધા રૂપે બળિયા - સૂણો ચંત ધરી	૧૨૭
૧૦૫.	વાહલો વહારા રૂપે વારૂ - સૂણો ચંત ધરી	૧૨૮
૧૦૬.	વાહલો પ્રેમ ગલીમાં પેઠા - સૂણો ચંત ધરી	૧૩૦
૧૦૭.	વાહલો હેત કરી બોલાવે - સૂણો ચંત ધરી	૧૩૧
૧૦૮.	હેજી બિસમિલ્લા બોલીને પહેલ પડવેથી કીધીરે	૧૩૨
૧૦૯.	ઉણીયાં આચારી વાત કહે છે સતગોર આજ	૧૩૪
૧૧૦.	પૂર્વના સંચે તમને મળ્યા મોરારીરે - વીરા શાહજી બાવા ઊઠયાનું	૧૩૫
૧૧૧.	ઈમામથી ઉત્પન્ન વાતો	૧૩૬
૧૧૨.	જીરે હરખેથી હરજીવન બોલીયા રે	૧૩૭
૧૧૩.	એમ વદે રે વાણી	૧૩૮

|| ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ||

શ્રી બુદ્દરદીન બાવાનાં વચનો

અખંડ જાગરણ કરવાની તારીખો

૧ : રજબ માસની ર૬ તારીખ

૨ : રમજાન માસની ર૭ તારીખ

૩ : શાબાન માસની ૧૪ તારીખ

૪ : મહોરમ માસની ૯ તારીખ

આ પુસ્તક ખૂબ વંચાય એવી ઈચ્છા છે. મૌખિક જ્ઞાન થાય તેવાં છે. માટે દરેક ધર્મીઓ નાના નાના જ્ઞાન શીખી મંદિરમાં ગાય અને ઝીલે.

લી. નક્રૂચ આનંદીબેન શીવાભાઈ સુખડિયા.

મુ. પાટણ, જી. પાટણ .

// મંગલાચરણ //

પરથમ પહેલા આદર માંડ્યા, જ્ઞાન તણા મંડાણ રે,
પાટ પાથરણાં આસન કીજીએ જી ।।૧।।

કરણ કલફના દેવ આવે, ને ચારે જુગના આવે રે,
કર્તા ત્રેતા દ્વાપર કળજુગ આવે આ સમેજી ।।૨।।

રૂગ્વેદ યજુર્વેદ આવે, સામવેદની શાખ રે,
અથર્વવેદ આવે પોતે નરધણીજી ।।૩।।

પાંચ સાત ને નવ કરોડી, બારે ગોર સહદેવ રે,
અનંત સાથે કમળાકુંવર સૂરજાસતીજી ।।૪।।

સાત સમુદ્રને નવસો નવ્વાણું, સરિતા છે જે આદે રે,
તે સરવે આવે ને વાણી વેદ સુણે જી ।।૫।।

સકળ જાત્રા ને ગત જાત્રા, અડસઠ તીરથ આવે રે,
તે ગત તીરથથી પાવન પોતે કરે જી ।।૬।।

સરવે આવે ધ્યાન ધરીને, સાંભળે સાચી વાણી રે,
અગોચર આવી ગોરને પાયે પડેજી ।।૭।।

તમે ધરમી ધ્યાન ધરો રે, શ્રવણે સૂણો સત્ય જ્ઞાન રે,
આવ્યા પછી પરનિંદા નવ કીજીએ જી ।।૮।।

જ્ઞાન તણો જે સાર કહીએ, ગાંઠે બાંધી જઈએ રે,
જે થકી કારજ સરે જીવ તણાં જી ।।૯।।

જ્ઞાન સૂણો ને ગતમાં આવી, દુર જાશે પાપ રે,
જાપ તો જકર કરી જીતીએ જી ॥૧૦॥
બોલ્યા રે **બુદરદીન** બાવા, જ્ઞાન તણા મંડાણ રે,
મંગળાચરણ પરથમ ઓચરો જી ॥૧૧॥

શ્રી સતગોર સહદેવ વાચા ૨

કલીજુગ સંધે કાયમજી આવ્યા,
પ્રગટ દેવ ભણાવ્યા ॥૧॥
આલ અમારી સાચી જાણો,
કેમ ખૂટે નિરધાર ॥૨॥
ગરબે રમતા ગોરજી આવ્યા,
આલેને અવતાર ॥૩॥
આપે હરીયાને આપે રે રમતા,
આપે દેવ મોરાર ॥૪॥
દડૂલો નાંખી જમનામાં પડીયા,
કહાનજી કિરતાર ॥૫॥
ગોપીઓ સાથે રંગે રમતા,
તે રંગ ભોગ છે આજ ॥૬॥
તે ધણી છે તે દહાડો છે,
તે લીલા નિરધાર ॥૭॥
તેજ રંગેને તે રૂપે છે,
તે લીલા અપાર ॥૮॥

૧ જીતીએ. ૨ હરતા-ફરતા

રામે રે રમાડી દુનિયા,
તે એ લીલા નિરધાર ॥૯॥
જનોઈ ધરી જુગતાઈએ મહાલ્યા,
પીતાંબર પ્રકાશ ॥૧૦॥
તરેહ તરેહ મુગટ મોરારી,
વાંસળી વહેવાર ॥૧૧॥
કફની ટોપી કાયમ પહેરે
દહાડી દેવ મોરારી ॥૧૨॥
પાવડીઓ પહેરી પ્રભુએ
આંણી સઘળી નાર ॥૧૩॥
નમણી ખમણી બહું શું કરો,
ભાઈ શું જાણે સંસાર ॥૧૪॥
એકવીસ વદ શ્રાવણ માસે,
નામ નિરંજન સોહી ॥૧૫॥
પરખણ હારા પરખો ભાઈ,
કહે **શરીફ સવાઈ** ॥૧૬॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ***3***

એમ વદે સૂરજા ને કમળા કુંવર,
સાંભળો પુત્ર વાતજી ॥૧॥

એક અચરત અમે દેખીયું,
પાછલી પૂનમની રાતજી ॥૨॥
તમે સૂણો ભાઈને હુઈ વધાઈ
આવ્યા વૈકુંઠ નાથજી ॥૩॥
સ્વામી જંબુદ્દીપમાં પરવર્યા,
સૌ સૈન્ય લેવા સાથજી ॥૪॥
તેત્રીસ કોટીને છપ્પન બત્રીસ
પાંચ સાત નવ બારજી ॥૫॥
હરિએ ચાર જુગના ભગત તાર્યા,
સૂબા પાંડવ સાથજી ॥૬॥
આજ અનંત કરોડીના અનંત તરશે,
કમળાકુંવર સરદારજી ॥૭॥
રણઝણ વાગેને અમર ગાજે,
ભાગે અસુરના ઠાઠજી ॥૮॥
ત્યારે પશ્ચિમથી દળ દોડ્યાં આવે,
ઉગમતે પ્રભાતજી ॥૯॥
એક હડીએ હનુમંત ધજાએ બેસસે
રોહિણી અમર કંપશે ॥૧૦॥
ત્યારે ચીન નગરમાં ઘોર પડશે
કાળિંગાને સ્વામી મારશે ॥૧૧॥
એને માંડવે મૂળ સ્થાન રચશે,
લેઈને કાંકણ બાંધશે ॥૧૨॥

એવું બોલ્યા **ગોર સહદેવ** સૂણો રૂખેસરો,
હીમ સરખી કસણી સહેશો ત્યારે છે વૈકુંઠ વાસજી ॥૧૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૪

આવો આવો મુનિવર વીર,
વાતો કરીએ રે ॥૧॥
કહું શિખામણના સવાલ
તે શીર ધરીએ રે ॥૨॥
પાળો તો પ્રાયશ્ચિત,
દૂર તમારાં થાશે રે ॥૩॥
કસણીના ઝીલો ભાર,
તો કાંઈ સારૂ રે ॥૪॥
મારાં હરફે હરફનાં જ્ઞાન,
તે કહી સંભળાવું રે ॥૫॥
વ્હાલે રંગ કર્યા રાસ માંહી
કહાનજી કાળારે ॥૬॥
ગોપીના લીધા દાંણ,
થઈ મતવાલા રે ॥૭॥
અમો અકળ છું અવિનાશ
જુગોજુગ એવા રે ॥૮॥
તે તો મળીઆ તમને આજ,
કરોને સેવા રે ॥૯॥

તે ગોપીના ગોવાળ,
કહે છે કેવા રે ॥૧૦॥

શિખામણ સર્વે સાર,
દે છે તેવા રે ॥૧૧॥

ગોર બુદરદીન કિરતાર,
બળવંત બોલ્યા રે ॥૧૨॥

ગરબાના છંદ વિલાસ,
પડદા ખોલ્યા રે ॥૧૩॥

● ● ●

રૂખેસરો દલના ડોલાવો,
ચંતસાચા ધરોજી ॥૧॥

વેળા વિચારીને ચાલો,
આચરણ હુવાજી ॥૨॥

સ્વામી તમારા ફરમાન,
દીધા કોલ પહોંચ્યાજી ॥૩॥

ધરણી તો હલહલકાર,
પવન બહોત ચલેજી ॥૪॥

ભૂલાવે સકળ સંસાર,
દુનિયાં બહોત ચૂકેજી ॥૫॥

પશ્ચિમ દેશે પરિયાંણ,
સ્વામી રાજા આવેજી ॥૬॥
પહેલાં તો દિલ્હી મહેલાંણ,
જબુદ્દીપ ભેળેજી ॥૭॥
અસુર દાનવને સંહારે,
ખલકે ખલક લડેજી ॥૮॥
સેંકડા છમછર સંઘે,
ધર્મ રાજ્ય હોશેજી ॥૯॥
રૂખેસરો કરોને આનંદ,
મળી અમી પીવોજી ॥૧૦॥
રૂખેસરો મહાદન આવ્યા,
અવલ શાને જપોજી ॥૧૧॥
બોલ્યા તે **હાશમશાહ**,
વીરા મન બૂઝોજી ॥૧૨॥

● ● ●

શ્રી સતોગર સહદેવ વાચા ૯

બ્રહ્માજી કહે એક વિનંતિ,
તમો સાંભળો જુગના તાત,
દેત્ય વાર્યા ના કરે,
તો વાડી વણસી જાત ॥૧॥

૧ ૬૨

હળવા હળવા રૂખેસરો,
હવે વિલંબ નહિ રે લગાર,
ખડગ લેઈશું ને તોરીંગ ચઢશું,
ચઢશે જાદવ કુળ નાથ ॥૨॥

ખલકમાં ખલક લડાવશું,
ને કરીશું એકાકાર,
અવધ પહોંચીને નવચઢું તો,
મને સતગોર બ્રહ્માની આંણ ॥૩॥

મેઘ કેરાંનીર વરશેને
જળ સ્થળ થાશે એક,
સતગોરનાં દળ આવશે
ત્યારે ભાગે સર્વના ભેદ ॥૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૭

આખર વેળામાં તમે, અવળાશું ચાલો, વીરા અવળા......
તો હવે બાંય અમારી ઝાલોજી ॥૧॥

જે જે ફરમાવ્યાં તે તો, શીષ ચઢાવો રે, વીરા શીષ ......
તો ફરી સમો નહિ આવે આવોજી ॥૨॥

જોતામાં જંગ રચાશે, અવનવું થાશે રે, વીરા અવનવું ......
તો તેમાં તો કોઈ કોઈ ઘાતો ખાશેજી ॥૩॥

દાન ભજનની તમે, તર તીપ રાખોરે, વીરા તરતીપ ......
ત્યારે તો ખુદરત નજરે દેખોજી ॥૪॥

બોલ્યા **બાકર શાહ** હવે, પ્રગટ થાવું રે, વીરા પ્રગટ
તો તેરે માટે રે તમને કહાવુંજી ।।૫।।

• • •

ધરતી માતા રે, ધણીના પૂરાં પાથરણાંજી,
તો કાયમના કોલ પૂરા કીધાજી ।।૧।।
કદળી તે વનમાં સ્વામી મારે ડેરા દેવરાવ્યાજી,
તો વનફળના આહાર પૂરાવ્યાજી ।।૨।।
બાર બાર વર્ષ પાંડવ વનમાં જો ગાળ્યાં જી,
તો સતીએ પહેર્યાંરે સાગવડ ચીરજી ।।૩।।
બાર બાર વર્ષે શ્રી કૃષ્ણ પધાર્યાજી,
તો કહો રે પાંડવ સુખીયા કેવાજી ।।૪।।
તમો મળે દુઃખ નહિ રે જાણતાંજી,
તો રાખો સ્વામી તમારે શરણેજી ।।૫।।
હસ્તિનાપુર વચ્ચે સ્વામી મારે પાંડવ ચલાવ્યાજી,
તો નિંદા કીધી રે તેમની લોકેજી ।।૬।।
જાણી જોઈને જે કોઈ નિંદા જો કરશેજી,
તો તે નર રહેશે રે હાથ ઘસતાંજી ।।૭।।
નુરાણી ખોળીયા લઈને પાંડવ સધાર્યા જી,
તો નુરમાં નુર સમાયાંજી ।।૮।।

બોલ્યા **બુદરદીન બાવા** આપ સવાઈજી,
તો દુનિયામાં કરીશું નવાઈજી ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહેદેવ વાચા ૯

હો હો મુનિવર હોંશે વધાઈજી,
નકલંકી ચઢશેને થાશે નવાઈજી ॥૧॥

નકલંકી નામનો પારના જાંણોજી,
કોઈને કલંક નહિ સત્ય પ્રમાણોજી ॥૨॥

એકવરણ એક નામ ભણાવેજી,
એક ધરમ બીજો ધર્મના કહાવેજી ॥૩॥

એક હુકમ નર નકલંકીનો કહીએજી,
બીજુ નામતો મહમંદ મેંદીનું લઈએજી ॥૪॥

તે ભણતાં તો સૌને પડશે ત્રાસજી,
રાજા પ્રજા સર્વે ઘસશે હાથજી ॥૫॥

હિન્દુ તુર્કને તોબા તાળીજી,
મુનિવરને બહુ ખેલ ખુશાલીજી ॥૬॥

ઈન્દ્રચંદ્ર સૌંના લાંછન જાશેજી,
ખારા સમુદ્ર મીઠા થાશેજી ॥૭॥

ઝેરને વિખવાદ સર્વેના જાશેજી,
ત્યારે તો નકલંકી નામ ભણાશેજી ॥૮॥

મારવો કાળિંગોને સુખ સહાયતા થાશેજી,
ગોર બાકરશાહના રાજ્ય રચાશેજી ॥૯॥

● ● ●

વારણાં તો લેવા છે વારોવાર રે ॥૧॥
જ્ઞાન બોલ્યા બુદરદીન કિરતાર રે ॥૨॥
સર્વેની લેવી છે સંભાળ રે ॥૩॥
હવે તો વિવાહ કેરી વાતો જોર રે ॥૪॥
પ્રથમ મારવો મોટો ચોર રે ॥૫॥
જેનું નામ કાળિંગો ઘમઘોર રે ॥૬॥
વળતી તો વિવાહ વસમના કરશું રે ॥૭॥
જાન લેઈ રૂખેસરની સાથે ફરશું રે ॥૮॥
હરખે ને ઊમેદે લાડ લડાવું રે ॥૯॥
દન દન વાતો તો નવલી કહાવું રે ॥૧૦॥
સાંભળીને સાબુત મન થઈ રહેજો રે ॥૧૧॥
દુઃખ હોય તો બાવા બુદરદીન ને કહેજો રે ॥૧૨॥
જ્ઞાન બોલ્યા **બુદરદીન** નર આગુરે ॥૧૩॥
દુનિયામાં ડંકા તે દેઈ હવે જાગું રે ॥૧૪॥

● ● ●

આવી રૂડી શરદ પૂનમની રાત કે,
પ્રગટ આજ છોરે લોલ ॥૧॥
ગોપી ગરબે રમવા આવ્યાં કે,
ત્રીકમ તેવડેરે લોલ ॥૨॥
સજનીકર રૂડો શણગાર કે,
રમવા કારણે રે લોલ ॥૩॥
તારૂં પેલા ભવનું ભાગ્ય કે,
હેતે હરિ મળ્યા રે લોલ ॥૪॥
વારો વારે વિઠ્ઠલનાથ કે,
તુંજ પૂંઠે ફરે રે લોલ ॥૫॥
જે સુખ વૃંદાવનના ચોક કે,
તે સુખ ભોગવો રે ॥૬॥
ભાગ્યે મળીયા નર નકલંક કે,
અમર ભોગવોરે લોલ ॥૭॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા - ધોળ ૧૨

જ્ઞાન બોલો રે, રૂખેસરનુર ભર્યા,
આગમ થઈને, કરીએ રૂડાં કામ રે ॥૧॥
અંગેને ટોપી રે, હીરલા ઝળહળે,
સ્વામી મારા તેજના અંબાર રે ॥૨॥

રૂપે ને તેજે રે સ્વામી મારા આગળા,
જાણે ઊભા ત્રિભોવન નાથ રે ॥૩॥

ત્રંબોળી વિનારે વણશે પાંદડાં,
ગોર વિનાં વણશે લાખેણી જમાત રે ॥૪॥

હાથ ઝાલીને ગતને તારજો,
ગોર બ્રહ્મા કરજો રૂડાં કામ રે ॥૫॥

ગોર સહદેવ જ્ઞાન બોલીયા,
રૂખેસર મારાને અમરાપુરમાં વાસ રે ॥૬॥

સમજી સમજી જે કોઈ ચાલશે,
તેમનો વાસો હોશે વૈકુંઠ માંહી રે ॥૭॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા - ધોળ ૧૩

રહેણી સફળ જે ઊગીયા,
નવે ખંડ હુવા પ્રકાશ,
સૂરજ ઢાંક્યા કેમ રહે,
જુવો વેદ પુરાણે વાત ॥૧॥

અરસથીનુર આવીયાંને
આલે કરતા જેહ,
કળા અમારી એક છે,
ભાઈ જાણો તેના તેહ ॥૨॥

ગોષ્ટિ કરો તો જ્ઞાન છે,
પરખ્યા કરો પ્રમાણ,
આલ હુસેનીમાં ઉગીયા,
દેવ બુદરદીન નિર્વાણ ॥૩॥

મન તે સૌના મનાવશે,
તમે ધારણ રાખો ધીર,
ઉતાવળે આંચ લાગે,
વેળા વસમી માંહી ॥૪॥

ભણે ઈમામ અખૂટ આલે,
દેવ **બુદરદીન** સવાઈ,
જ્ઞાન ગમતાં બોલીયા,
આ વેળાની માંહી ॥૫॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા - ધોળ **૧૪**

પૂર્વની વાતો ગોરે, વેદે લખાવી રે, વીરા વેદે લખાવી રે...
તો શમશયા સમજો રે મુનિવર મારાજી ॥૧॥
વાંદર રીંછ સેના મહાદળ મળશે રે, વીરા મહાદળ મળશે
તો લંકા લીધી રે તેમ કરીશું જી ॥૨॥
ચીનનગર બોળું દરિયાદળ બોળું રે, વીરા દરિયાદળ બોળું
તો મારી દાનવને ધરણી પરણુંજી ॥૩॥
પછી તો રાજ્ય કરાવું રૂખેસરને મારા રે, મોટા મુનિવરને મારા
તો સવા તે લાખ વર્ષની લીલાજી ॥૪॥

તે તો ને રાજ્ય કરાવું દુનિયાની માંહી રે, વીરા દુનિયાની માંહી
તો આદે અંતેના મુનિવર જોશેજી ॥૫॥

ચાકે ચડ્યા રે તેના મર્મ કોઈએ ના જાણ્યાં રે, વીરા કોઈએ ના જાણ્યા
તો આગળ જાતાં તો ભ્રાંતો ભાગેજી ॥૬॥

બોલ્યા રે ઈમામ આલે શરીફ સવાઈ રે, વીરા શરીફ સવાઈ
તો **બુદરદીન બાવા** કરશે નવાઈજી ॥૭॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ભવિષ્ય વાણી **૧૫**

ગોર નર પશ્ચિમથી ચઢશે,
તેમને દળે કમળ નિશાન રે ॥૧॥

દદામાં દડોદડ વાગશે,
વાગે વાગે ગોરની વાંણ રે ॥૨॥

કટકદળ ચઢશે ગરવા સ્વામીનાં
કેસૂડે ઊડે આસમાન રે ॥૩॥

ખે એ ચાંદા સૂરજ ઝંખાશે,
ને હોંશે હોંશે અંધકાર રે ॥૪॥

સવાગજ લીંદજ ચઢશે,
ને ધરણી હોશે હલહલકાર રે ॥૫॥

નદીએ નીરજ ઘટશે,
ને સમુદ્ર પલટાશે પાણી રે ॥૬॥

પાણી ચિત્રોડગઢ મળશે,
નેનવનેજા ત્યારે પાણી રે ॥૭॥

રામે લંકાગઢ પરજાણી,
ત્યારે હનુમાન વીર આગેવાન રે ॥૮॥

દ્વાપર કૌરવદળ સંહાર્યાં,
ત્યારે પાંચ પાંડવ વીર આગેવાન રે ॥૯॥

કાયમ કાળિંગા ને મારે,
ત્યારે કમળાકુંવરવીર આગેવાનરે ॥૧૦॥

મલગઢ માંડવા રચાશે
ત્યારે તોરણ ગઢ તોરણ બંધાય રે ॥૧૧॥

સતગોર બ્રહ્મા કહે છે મારા મુનિવરો,
વાંચી લે જો શીખી લે જો ગોરનાં જ્ઞાન રે ॥૧૨॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૬

સતગોર કહે મારા મુનિવરો,
તમે દલ રાખો નિરધાર,
અમરાપુરમાં વાસ તમને,
જો રાખો રે ઈમાન ॥૧॥

દહાડાતો હવે આવીયા,
પૂરવે ભાંખ્યા હતા જેહ,
તેની વાતો સાંભળો,
કહું જ્ઞાને ભાંખી તેહ ॥૨॥

મન રાખો રે મારા મુનિવરો
તમે ચાલોને ઈમાંન,
ચંચળ મનને વારીએ,
એમ બોલ્યા રે ઈમામ ॥૩॥

નુર અમારાં રે આવીયાં,
તે પિછાંણો રે ભાઈ,
પીર **બુદરદીન** બોલીયા,
વેદે વાતો નવાઈ ॥૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૭

આવ્યા આવ્યા અનંતના આગુ,
તો તેને નીરખીને વધાવોજી ॥૧॥

આજ કળ સ્વામી મારે તખતે હો બેઠા,
તો તેને કળાએ કર ઝાલોજી ॥૨॥

દેવ જુગતમાં દેવ પધારે,
તો તેને ઓળખીને જે આરાધેજી ॥૩॥

તેનાં પ્રાયશ્ચિત વીરા બળી જાવે,
જે કોઈ ગળી થઈ ગોઠે આવેજી ॥૪॥

અમીએ અમીરસ ભણે **બુદરદીન**
તમે લરજીને આવો આંહેજી ॥૫॥

● ● ●

સુણો મુનિવર સોબત સાચી જી ॥૧॥
વેળા વગુતીને વાર નહિ કાચી જી ॥૨॥
જુવોને જુગતી જાહેર થાશે જી ॥૩॥
પ્રગટ ડંકા આજકાલ થાશે જી ॥૪॥
મીર મુલાયકના માન ઉતરશે જી ॥૫॥
મેંદીની આંણ તો નવખંડ ફરશે જી ॥૬॥
ત્યારે જૂઠ્ઠાને શીર તો જંગ રચાશે જી ॥૭॥
સાચા મુનિવરની સોબત થાશે જી ॥૮॥
અદલ કાંટો તો આપે રચશે જી ॥૯॥
મૂવા મુનિવર જીવતા થાશે જી ॥૧૦॥
દુનિયામાં તેની શાખો દેવાશે જી ॥૧૧॥
પ્રગટ સરવે સાચું પરમાણો જી ॥૧૨॥
દુનિયાં ત્યારે સાચું માનેજી ॥૧૩॥
અંતર દલના આંણો જી ॥૧૪॥
ત્યારે તો પીરને સાચા પરમાણો જી ॥૧૫॥
એ જ્ઞાન બોલ્યા તે આપે **સવાઈજી** ॥૧૬॥

● ● ●

હલ્લાં કરો રે ભાઈલો મુનિવર ભાઈજી ॥૧॥
આગમ ખબરો ઈલમમાં લખાઈજી ॥૨॥
ખુદરત ક્ષણમાં પ્રગટ થાશેજી ॥૩॥
બેરે ઈમાનીનાં મૂળ જ જાશેજી ॥૪॥
ધક્કા ઘણેરા ગોર વિના ખાશેજી ॥૫॥
.સોબત નહિ રે સાચી સગાઈજી ॥૬॥
તે કેમ જીતે આ વખતમાં ભાઈજી ॥૭॥
સાચ વિના તે શર ના ચઢિયાજી ॥૮॥
જૂઠા જુગો જુગે અધવચ પડીયાજી ॥૯॥
અમર આશાના અરથ ના જાણ્યા જી ॥૧૦॥
તેને શીરે તો જંગ રચ્યા જાણોજી ॥૧૧॥
એ જ્ઞાન બોલ્યા **બુદરદીન સવાઈજી**॥૧૧॥
ચેતીને ચાલો મુનિવર ભાઈજી ॥૧૩॥

● ● ●

ભેદ વિના જે કોઈ ઈલમ વાંચેજી ॥૧॥
તે હેતે તો કયાંથી રહેશે સંચેજી ॥૨॥
અંધા થયાને અરથના જાણેજી ॥૩॥

ભેદ વિના તે શું પરમાણેજી ॥૪॥
અંધા ને બહેરા ગોષ્ટિએ બેઠાજી ॥૫॥
કોઈ કોઈના ભેદ અંતર નવ પેઠાજી ॥૬॥
કાયર પણે તો કંપણી લાગીજી ॥૭॥
જ્ઞાન રસાયણ તેને નવ લાગીજી ॥૮॥
કહેતાને સૂણતા બેઊએ સરખાજી ॥૯॥
જ્ઞાનના ભેદ કોઈને ના ઉતરતાજી ॥૧૦॥
સાંભળ્યું તે સરવે જુઠ્ઠુ પાડ્યું જી ॥૧૧॥
વેળા વખતનું જ્ઞાન નવ ઝાલ્યું જી ॥૧૨॥
ગોથામાં ગફલત બહુ ખાધીજી ॥૧૩॥
ગોરની સોબત સાચી સાહીજી ॥૧૪॥
જ્ઞાન બોલ્યા પીર પાસે આવીજી ॥૧૫॥
બુદરદીન કહે તે સાંભળો ભાઈજી ॥૧૬॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા

સૂણો મુનિવર મન સ્થિર રાખીજી ॥૧॥
સાચ છોડી કૂડાં કેમ ભાંખોજી ॥૨॥
સાચ વિના તો મુક્તિના પામીએજી ॥૩॥

ભિસ્ત છોડી દોગજ કેમ જઈએજી ॥૪॥
સતપંથ ચાલ્યાને જેના મનમાં ભ્રાંતજી ॥૫॥
બાર છોડીને ચોવીસના અંધાજી ॥૬॥
ચોવીસ છોડીને એરણના અંધાજી ॥૭॥
એરણ છોડી નરકના સંગીજી ॥૮॥
સતપંથ ચાલે સો ખાંડાની ધારેજી ॥૯॥
ધારે ચાલે સો મુનિવર મારાજી ॥૧૦॥
પીર હાશમશાહ બોલ્યા જ્ઞાનજી ॥૧૧॥
આવ્યા **મહમંદ મેંદી ઈમામજી** ॥૧૨॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા ૨૨

સતગોર નામ પટંતરો,
અબદેણે કુછ નહિ,
કાયા દેઈ ગોરને સંતોષીએ,
ભાઈ હોંશ રહી મન માંહી ॥૧॥

હોંશ તો રાખો મનમાં,
ગોર છે પ્રત્યક્ષ દેવ,
દલદીજે મન નેહથી,
નિત્ય નિત્ય કીજે સ્નેહ ॥૨॥

દલ દીયા ઊને સબ દીયા,
અને અહર્નિશ જાગોવીર,
દિલસે દૂસરા કયા દેવે,
એમ બોલ્યા **સતગોર પીર** ॥૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૨૩

હેજી મારું મારું કરતાં જનમ હાર્યો,
તો પોતાનું તેણે ખોયું ॥૧॥
હેજી પાપ ખોવંતા તેણે ધરમ જો ખોયા,
તો કહે રે પંડિત હું ડાહ્યો ॥૨॥
હેજી દૈત્ય દુસાશન રાવણ ગર્વે જો હાર્યા,
તો માનવી કોણ ગુંજાશો ॥૩॥
હેજી જ્ઞાન અમીરસ **પીર કબીરદીન** બોલ્યા,
તો **પીર સુદરદીને** કથી સૂણાયા ॥૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૨૪

આપે પીરને આપે શાહો,
આપે મુખી મુસાફર હેજી ॥૧॥
વખડી વેળાને પંથ દોહયલા,
કેમ કરી મારગ પાઈએ હેજી ॥૨॥

પીરશાહાને તમે સત કરી જાણો,
તો તમે મારગ પાંમો હેજી ॥૩॥

ગુપ્ત ગોર શાહા નબીજીને ધાવો,
સ્વામીની અસવારી આવી જાણો હેજી ॥૪॥

જ્ઞાન ગોષ્ટિ તમે નીમશું ધાવો
તો તમે મારગ પાંમો હેજી ॥૫॥

જ્ઞાન ગોષ્ટિ તમે નીમ શું ધાવો,
તો સ્વામીની અસવારી આવી હેજી ॥૬॥

આવી ભાઈ કરો કમાઈ,
સૂણો રૂખેસર ભાઈ હેજી ॥૭॥

પીરશાહાને જે માંને નહિ,
તેને કાળિંગો જાણો હેજી ॥૮॥

મોમન સો જે ગોર પીછાંણે,
સો મોમન દેદારી હોજી ॥૯॥

અવલ આખર તમ સ્વામી શરણાગત,
કોલ દીયા કિરતારે હેજી ॥૧૦॥

મેંદી મહમંદ શાહ બોલ્યા જ્ઞાન,
ગત ગંગા કરો કમાઈ હેજી ॥૧૧॥

આખરીત **મહંમદશાહા** બોલ્યા જ્ઞાન,
રૂખેસરો કરો કમાઈ હેજી ॥૧૨॥

● ● ●

વીરા કર્તવ્ય એવાં કીજે,
જેમ જળમાં ના ડૂબે હેજી ॥૧॥

રાજાના હરેને પવનના ઠાલે,
તો અગ્નિ વરાધના છાપે હેજી ॥૨॥

જેમ રે મણીઆરો માણેક વીંધે,
એ જ્ઞાનને રૂખેસર દલ ભીંજે હેજી ॥૩॥

કીધાં સુકીરતનો ગર્વના કીજે,
તો નામ સ્વામીનાં લીજે હેજી ॥૪॥

અહીંયાં દેશો એક ઘણેરૂ,
તો ફળ સવા લાખ લેશો હોજી ॥૫॥

ભર્યા રે ભંડાર તમે ઘમર વણજો,
તો જે થકી પાર લાધી હેજી ॥૬॥

અમીએ અમીરસ બોલ્યા **ગોર સહદેવ,**
તો સેવંતા ફળ લેશો હેજી ॥૭॥

● ● ●

દેશ દુલભ હરિ અવતર્યા,
પ્રગટ દેવ મોરારી ॥૧॥

નવ અવતાર આગે થઈ ગયા,
આજકાલ દશમે અવતાર ॥૨॥

વસમ કુંવારી સ્વામી પરણશે,
મુસ્તકે ભરશે ખુંપ ॥૩॥

મદન ભૈરવ નુરી વાજશે,
એવા થાસે અતિરંગ ॥૪॥

ટોળે ટોળાં રૂખેસર મહાલશે,
કમળા સ્વામીની સાથ ॥૫॥

સતની મનાઈ ફેરવશે,
આજકાલ સ્વામીનાં નામ ॥૬॥

જાગો રે લોકો નવ સૂવો,
ના ઘરો નિંદ્રા શું પ્યાર ॥૭॥

જેવું સ્વપનાંતર રાતનું,
તેવો આ છે સંસાર ॥૮॥

સતગોર સહદેવ બોલીયા,
ગત લોકો હો હોશિયાર ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૨૭

સુણો મુનિવર તમે સત કરી માનોજી,
આલે આવ્યા તે પરાક્રમ કરશેજી ॥૧॥

આલના દીવા તે તો કદીએના ખૂટેજી,
પણ કાચા મનનાને કળિયુગ લૂંટેજી ॥૨॥

સમસ્યા બતાવી તે તો કોઈએના સમજ્યાજી,
તો ગાફેલ પણામાં સરવેએ કાઢ્યુંજી ॥૩॥

જાપની જુગતાઈ તે તો કોઈએના કીધીજી,
તો વરતની વાતો વિઠ્ઠલ જાણેજી ॥૪॥

વીધીસમજાવી તે તો વહેતી જો મેલીજી,
કાળ ક્રોધ કોઈના મેલેજી ॥૫॥

જપ તપ વરત નિવરખ થઈને કરતાજી,
તો અમારે ઘેર ઘાત નહોતીજી ॥૬॥

ક્રોધને કાળ તે તો અમ ઘરે આવ્યોજી,
તો આવ્યોતે પાછો કેમ કરી જાવેજી ॥૭॥

સરવેનો ભાર તે તો અમે ઉપાડ્યોજી,
તો તમે ના સમજ્યા ગાફેલ લોભીજી ॥૮॥

મરવું અવતરવું તે તો અમારે નહિજી,
તો અખંડ અવિનાશી તમે જાણોજી ॥૯॥

ભાર આવ્યો તે તો તમથી નવ ઉપડતોજી,
તો દેહ અમારી ઉપર લઈએજી ॥૧૦॥

લોક અપવાદે દેહ નવો જો ધરતાજી,
પણ તેના તે અંતર તમે જાણોજી ॥૧૧॥

તમને તો લાડ લડાવે રમત રમાડેજી,
તો નિશ્ચે નિર્ભય રે તમે જાંણોજી ॥૧૨॥

દનદન જાણો વાતો અધિક અદકાઈજી,
તો ખુદરત ખેલ કેવા કરશેજી ॥૧૩॥

રાજા પ્રજા તો સર્વે આંણજો માંનેજી,
પણ ખાંડે ખુદરત ખેલ કરશુંજી ॥૧૪॥

ભણે બ્રહ્માંડ વાતો શમશેર પુરાજી,
તો બાવા અલ્લીરે નહિ અધુરાજી ॥૧૫॥

બાકરઅલી સાહેબ હવે બરદ જો પાળેજી,
તો અમર પદવી સહુને આલેજી ॥૧૬॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૨૮

કદળી હો વનમાં ચરે છે ગાવલડી,
ચરે છે ગાવંત્રી, તો વીરા વાઘજીએ ઘેર્યાંજી ॥૧॥

રહો રહો વાઘજી મત ભરખો અમને,
મત ભરખો અમને, તો વચનના બાંધ્યાં અમે આવીશુંજી ॥૨॥

લો લો વાછરડાં છોરાં દૂધ પીવો મારાં,
દૂધ પીવો મારાં, તો અમને કાલે વાઘજી ભરખશેજી ॥૩॥

એરે દૂધ માતા પીધાં કેમ જાયે,
પીધાં કેમ જાયે, તો અમે આવીશું તમ સાથેજી ॥૪॥

આગળ વાછરડાને પાછળ ગાવલડી,
પાછળ ગાવલડી, તો ચાલ્યાં વાઘજીની પાસેજી ॥૫॥

લો લો વાઘજી, આજ ભરખો અમને,
આજ ભરખો અમને, તો વચનના બાંધ્યા અમે આવીયાંજી ॥૬॥

એરે શુધ બુધ તમને કોણે બતાવી,
કોણે બતાવી, તો કોણે તમને પરમોધ્યાંજી ॥૭॥

એરે શુધબુધ સતગોરે બતાવી,
સતગોરે બતાવી, તો **મહમંદમંદીએ** પરમોધ્યાંજી ॥૮॥
કદળી હો વનની સીમ છે બહોળી,
સીમ છે બહોળી, ખાવો પીવોને આનંદ કરોજી ॥૯॥

● ● ●

સ્વામી બક્ષોને કરમ અમારાં રે ॥૧॥
હવે આવ્યાં છે અમર બારાં રે ॥૨॥
તક આવીને ત્રેવડ માંડી રે ॥૩॥
સાધુ જનમાં હોળી દિવાળી રે ॥૪॥
હવે મુનિવર કરે જંગ ખુશાલીરે ॥૫॥
આખર વેળાની વખતો આવી રે ॥૬॥
ભવ બંધન કેરાં તાળાં રે ॥૭॥
હવે ઊઘડ્યાં અમર બારાં રે ॥૮॥
કોલ અમે અમારા પાળું રે ॥૯॥
પ્રગટ થઈને જાહેર વાત કરવી રે ॥૧૦॥
તમે મુનિવર પાળો કોલ તમારા રે ॥૧૧॥
જે કર્યાતા ઓદરમાં સારા રે ॥૧૨॥
તે પાળીને મારા યાર રે ॥૧૩॥
હવે પલક પલકની વાતો રે ॥૧૪॥

શું મેલી દીધો સંગાથ રે ॥૧૫॥
ઠાલા ઘરમાં શું જઈને પેઠા રે ॥૧૬॥
ધણી વિના તો જનમ વગોતા રે ॥૧૭॥
ઠાલી કબરે જઈશું કુટો રે ॥૧૮॥
ધણી વિના તો ફલ ક્યાંથી લૂંટો રે ॥૧૯॥
ધણી હોય તો ધરમ કરો ધીરા રે ॥૨૦॥
પાસે બેસીને વાત બતાવે રે ॥૨૧॥
ધણી વિના તો ધક્કા અનેરા રે ॥૨૨॥
લખ ચોરાશીના ફેરા રે ॥૨૩॥
ધણી શમશેર પાર ઉતારે રે ॥૨૪॥
જો મુનિવર ઈમાંને ચાલે રે ॥૨૫॥
એમ બોલ્યા **શરીફ નર** બળિયા રે ॥૨૬॥
આખર વેળામાં ભંડાર ભરીયા રે ॥૨૭॥

દોઢી વાણ

શરીફ સવાઈ એમ બોલીયા રે, શરીફ
વાણી નૌતમ ભેદ રે, વાણી ॥૧॥
રામે રાવણ રોળીયો રે, રામે
એમ આજ કરવા છે ભેદ રે, એમ આજ ॥૨॥
દાનવ નો ભય ટાળશું રે, દાનવ
ચોખ્ખું ચાંદરણું થાય રે, ચોખ્ખું ॥૩॥

નિર્મળ થાશે મેદની રે, નિર્મળ
દૂર મત સહૂની જાય રે, દૂરમત ॥૪॥
જેમ તેમ કરી મન ધારણ રહો, જેમ તેમ
હવે તમને કહું છું મર્મ રે, હવે તમને ॥૫॥
આલે ઈમામે ભાખીયા રે, આલે
તમે રખે ચૂકો ધરમ રે, તમે રખે ॥૬॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા 30

રાજય કરાવું રંગભરી સાહેલી રે,
લેવાં અમર રાજય થાશે બેલી રે ॥૧॥

રથ ઘોડા પાલખી સાહેલી રે,
વિમાને વૈકુંઠ જાવ થાશે બેલી રે ॥૨॥

પંચેતન જેણે સમરીયા સાહેલી રે,
તે લીલાના છે સરદાર થાશે બેલી રે ॥૩॥

આપશે તે નર પાંમશે સાહેલી રે,
જેણે ભજન કર્યાં ભરપુર થાશે બેલી રે॥૪॥

દસુંદ પુજા દલ થકી સાહેલી રે,
સમરણી થાશે સરદાર થાશે બેલી રે ॥૫॥

વરત કર્યાં વરનાથનાં સાહેલી રે,
ઉજવ્યાં આપો આપ થાશે બેલી રે ॥૬॥

ફરમાશે ફળ પામીયા સાહેલી રે,
આલ્યાં અલખને આજ થાશે બેલી રે ॥૭॥

નમીનમી નમણી કરો સાહેલી રે,
મંદિરમાં અપાર થાશે બેલી રે ॥૮॥

ક્રિયા પાળી કર ધરી સાહેલી રે,
તેથી ઉઘડે ભ્રાંત થાસે બેલી રે ॥૯॥

ભણીયા ભાવે સાંભળો સાહેલી રે,
શૈદ શરીફશાહા સરદાર થાશે બેલી રે ॥૧૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા 31

સ્વામી વિનંતી હમારી સૂણીયે રે ॥૧॥
વેળા પહોંચીને દહાડા શું ગણીયે રે ॥૨॥
વેળા આવી જે દીધી વાચા રે ॥૩॥
હવે કોલ કરોને સાચા રે ॥૪॥
અમને વહી ને વાયદા કીધા રે ॥૫॥
દશ ચારના કોલ તો દીધા રે ॥૬॥
હવે વેળાએ કરીએ સાર રે ॥૭॥
જુગ સંઘે ધર્યા અવતાર રે ॥૮॥
હવે પૃથ્વીમાં હલહલ કાર રે ॥૯॥
રાજા પ્રજા કરે પોકાર રે ॥૧૦॥
પોકારે ભાર અઢાર રે ॥૧૧॥
પવન પાણી કરે પોકાર રે ॥૧૨॥

પોકારે ચંદ્રને શૂર રે ॥૧૩॥
આતસ અરજ કરે ભરપુર રે ॥૧૪॥
પોકારે મુનિવર દેવ રે ॥૧૫॥
ગયા અવસર કરતા સેવ રે ॥૧૬॥
મકર્યા તો મદ ભર્યા બોલે રે ॥૧૭॥
તે તો અંતર જ્ઞાન ના ખોલે રે ॥૧૮॥
નવ જાણે તે રૂપ રહેમાન રે ॥૧૯॥
અમે બોલ્યા શરીફ સવાઈ રે ॥૨૦॥
તમે ચેતો મુનિવર ભાઈ રે ॥૨૧॥
મન નિર્મળ કરીએ વીરા રે ॥૨૨॥
થાવો આપ કસાવી હીરા રે ॥૨૩॥
હવે વેળા છે છત્ર પેઢીરે ॥૨૪॥
આવી અસવારી નર કેરી રે ॥૨૫॥
હવે ઘડીમાં પ્રકાશે રે ॥૨૬॥
ખેતર ખરીઓમાં જાશે રે ॥૨૭॥
થાશે ફનાફની જહાંન રે ॥૨૮॥
રોતા ફરશે બે ઈમાંન રે ॥૨૯॥
ચશ્મે દેખો જ્ઞાની વાત રે ॥૩૦॥
અઘોરી ખાશે ઘાત રે ॥૩૧॥
કહે છે કથતા આવ્યા ઈમાંમ રે ॥૩૨॥

પંથ મારગ ચાલે છે એમ રે ॥૩૩॥
તે તો ટળશે જુદા ભાઈ રે ॥૩૪॥
તેને કારણ ખેલ નવાઈ રે ॥૩૫॥
આઘુપાછું તેને છેતરવા રે ॥૩૬॥
બેઈમાનીને જુદા કરવા રે ॥૩૭॥
એમ બોલ્યા તે શરીફ ઈમાંમ રે ॥૩૮॥
શરીફદીન તેના તેમનું જ્ઞાન રે ॥૩૯॥
શમશેર સવાઈ શાહા સાચા રે ॥૪૦॥
અખંડ એમની વાચા રે ॥૪૧॥
ભણે **નિરંજન** નર ન્યાળા રે ॥૪૨॥
હવે આવ્યા અમરના વારા રે ॥૪૩॥

● ● ●

સ્વામી નકુચ એ બંદા તમારા રે ॥૧॥
કોલ હીણાને ઉણીયા આચારી રે ॥૨॥
સ્વામી કળિજૂગ પાપે પૂરા રે ॥૩॥
સતે તમ વિના નહિ કોઈ શૂરા રે ॥૪॥
સ્વામી વખડી એ આખર વેળા રે ॥૫॥
તેમાં મહાજંગ સરવેના મેળા રે ॥૬॥
તમે નજર કરો તમારી રે ॥૭॥

સ્વામી વચન પહેલાં સંભાળો રે ॥૮॥
આખર વેળામાં દુઃખડાં ટાળો રે ॥૯॥
વેદે વાયદા પહોંચ્યા વહેવારે રે ॥૧૦॥
આજ કસણીને દુઃખ અપાર રે ॥૧૧॥
ગોરે કસણી લીધી આપે રે ॥૧૨॥
જીવ સીધે તેના પ્રતાપે રે ॥૧૩॥
તમે આદે અંત છો બેલી રે ॥૧૪॥
તમે સહાય કરી છે પહેલી રે ॥૧૫॥
મચ્છા રૂપે તે વાર્યા વેદ રે ॥૧૬॥
કરી શંખાસુરની છેદ રે ॥૧૭॥
કૌરમ રૂપે તો ધરીયા ભાર રે ॥૧૮॥
સાગર મથીયો તમે તે વાર રે ॥૧૯॥
સાહેર ધ્રુજ્યો તે મહાઘોર રે ॥૨૦॥
માર્યો મધુકૈટભ ચોર રે ॥૨૧॥
દેવ સરવેને અમૃત પાયાં રે ॥૨૨॥
છળભેદમાં દાનવ હાર્યા રે ॥૨૩॥
ત્રીજે વહારા રૂપે વિશાળ રે ॥૨૪॥
ધરારાખી દાઢમાં જોરે રે ॥૨૫॥
હરિણ્યાક્ષ મોરું સંહાર્યા રે ॥૨૬॥
તમે ભગતને દેવ ઉગાર્યા રે ॥૨૭॥
પ્રહલાદની કીધી સંભાળ રે ॥૨૮॥

નરસિંહ રૂપ ઘર્યું વિકરાળ રે ॥૨૯॥
હિરણ્યા કશ્યપ નખે વધેર્યો રે ॥૩૦॥
વર પાળીને દાનવ માર્યો રે ॥૩૧॥
વામન રૂપે તે દાનવ છળીયો રે ॥૩૨॥
બળી રાજા તે મહા બળીયો રે ॥૩૩॥
ફરશુરામે તો ફરશી લીધી રે ॥૩૪॥
પૃથ્વી નક્ષત્રિ કીધી રે ॥૩૫॥
આપ્યાં વિપ્રરૂષિને રાજ્ય રે ॥૩૬॥
ભ્રગુકૂળ આવી કીધાં કાજ રે ॥૩૭॥
રામરૂપે તો વનમાં વસીયા રે ॥૩૮॥
સીતા કારણ લંકામાં ઘસીયા રે ॥૩૯॥
રાવણ મારી ને સીતા વાળ્યાં રે ॥૪૦॥
રાજ્ય આપી વિભિષણ પાળ્યારે ॥૪૧॥
આવ્યા આઠમે રૂપે દયાળ રે ॥૪૨॥
કીધી ગોપી ગોવાળની સંભાળ રે ॥૪૩॥
મથુરા જનમ્યાને ગોકુળ વસીયા રે ॥૪૪॥
આપે ભગતને ભગવાન કસીયા રે ॥૪૫॥
કીધી માત પિતાની સંભાળ રે ॥૪૬॥
કેશગ્રહીને પછાડ્યો કાળ રે ॥૪૭॥
કરી પાંડવની સંભાળ રે ॥૪૮॥
બુધ્ધરૂપે તો દીન દયાળ રે ॥૪૯॥

પંચાલીના પૂર્યાં ચીર રે ॥૫૦॥
સહાય કીધી તે શ્યામ શરીર રે ॥૫૧॥
ભારત રચીને કૌરવ માર્યા રે ॥૫૨॥
ભગત પાંચ પાંડવને તાર્યા રે ॥૫૩॥
આજકળ દશમે અવતાર રે ॥૫૪॥
કરો સતી જીવ તણી હવે સહાય રે ॥૫૫॥
આજ કળિજુગ ઘોર અંધાર રે ॥૫૬॥
તેમાં સત્યના સૂઝે લગાર રે ॥૫૭॥
ગોર નરને તો કસણી પૂરી રે ॥૫૮॥
હવે વેળા નથી અધૂરી રે ॥૫૯॥
ગોર આપે કરે છે કસણી રે ॥૬૦॥
મુનિવરને તો હસણીને કસણી રે ॥૬૧॥
બોલ્યા ગોર કળાએ ઈમાંમ રે ॥૬૨॥
કરી વિનંતી નરને સુધામ રે ॥૬૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા

તમે કરણી કરો વીરા ભાઈ રે ॥૧॥
જુવો આખરની ઓળખાણ રે ॥૨॥
તમે કોણ જાણી ગોરને પૂજો રે ॥૩॥
તમે અવરના જાણો દૂજા રે ॥૪॥

તમે શું સમજી મૂડ મૂડાવ્યાં રે ॥૫॥
તમે ગોરજીનાં કહ્યાં ના કીધા રે ॥૬॥
જયારે માથે આવી નાંખી દીધા રે ॥૭॥
તમે વ્રજ થયા વીરા ભાઈ રે ॥૮॥
તમે જાણો અમરની ઓળખાણ રે ॥૯॥
તમે પિતા જાણીને પાર લીધા રે ॥૧૦॥
તમે છોરૂ કછોરૂ થઈ બેઠા રે ॥૧૧॥
તમે લોભ લજ્જામાં પેઠા રે ॥૧૨॥
એવાં કામના કરો વીરા ભાઈ રે ॥૧૩॥
રાખો આદે તણી ઓળખાણ રે ॥૧૪॥
તમે ઓળખ્યા તો અમને આપો રે ॥૧૫॥
તમે પાછું જોઈશું ભાગો રે ॥૧૬॥
તમે સ્વર્ગના સાથી કહેવાયા રે ॥૧૭॥
તમે દિલાસો દેઈને અમને વહાયા રે ॥૧૮॥
તમે શાંને આવો શું જાવો રે ॥૧૯॥
તમે અકળ ઈમારત શાને ખૂવો રે ॥૨૦॥
આખરની વાતો જુવો રે ॥૨૧॥
તમે આગેવાન કહેવાયા રે ॥૨૨॥
તમે અઘોરપણામાં નવ જાવો રે ॥૨૩॥
તમે આચરણ જુવો અમારા રે ॥૨૪॥

અમે કામ કીધાં છે તમારાં રે ॥૨૫॥
ઓછી નજરોના કીજેવીરાભાઈ રે ॥૨૬॥
તમે કહ્યાં છે તે કરજો ઘાઈ રે ॥૨૭॥
આજ ઈલમે વાતો લખાઈ રે ॥૨૮॥
તેની પત રાખો વીરા ભાઈ રે ॥૨૯॥
સમો આવે ને હોશે વધાઈ રે ॥૩૦॥
તેની તરત જુવોને નવાઈ રે ॥૩૧॥
નર કહે છે જંબુદ્વીપે ભાઈ રે ॥૩૨॥
ચરપટ ચેલા કાળિંગાના આવે રે ॥૩૩॥
તે તો ચારે ખૂણે છત્ર ઢળાવે રે ॥૩૪॥
તે તો આંણ પોતાની ફેરાવે રે ॥૩૫॥
પછી મહમંદ મેંદી જાગે રે ॥૩૬॥
ત્યારે અંગ્રેજ વલંદા સહુ ભાગે રે ॥૩૭॥
ત્યારે ટોપી એ ટોપી અથડાશે રે ॥૩૮॥
તેને માંહે માંહે ખડભડ થાશે રે ॥૩૯॥
એમ તેનાં તો મૂળ જાશે રે ॥૪૦॥
પછે મેંદી ના પસારા થાશે રે ॥૪૧॥
આંણ વરતાશે નવખંડ જ્યારે રે ॥૪૨॥
ત્યારે ઈશા મેંદી આવે રે ॥૪૩॥
ત્યારે ચંડાળ ને ત્યાં ખંપાવે રે ॥૪૪॥
તેને ખાંપીને ખતરવટ કરશે રે ॥૪૫॥

ત્યારે દેવને શૂરાપણ ચઢશે રે ॥૪૬॥
એવી ખબરો લાવ્યા સવાઈ રે ॥૪૭॥
આજ બુદરદીન બોલ્યા નવાઈ રે ॥૪૮॥
તે માટે તમને કહીએ ભાઈ રે ॥૪૯॥
કરો **બુદરદીન** સાથે સગાઈ રે ॥૫૦॥

• • •

મુરીદ થયા તો માનશો સરવ સાચીજી,
જે કહે તે કરવાં કાજ, ના કાઢો તમે પાછીજી ॥૧॥
દહાડાને કહે રાતડી, સરવ સાચીજી,
રાતને કહેજે દન, ના કાઢો પાછીજી ॥૨॥
એવાં વચન તમે શીર ધરો સરવ સાચીજી,
તેમાં ખામી નહિ રે લગાર, ના કાઢો પાછીજી ॥૩॥
ધરમ લીધા તો ધારવું, સરવ સાચી જી,
કરો મન થકી વિચાર, ના કાઢો પાછીજી ॥૪॥
અમો અટારા આદના સરવ સાચીજી,
અમે ઠગીઆ વારોવાર, ના કાઢો પાછી જી ॥૫॥
માથે પડે ત્યારે સાંભળો સરવ સાચીજી,
તો અટકે આવે નાથ, ના કાઢો પાછીજી ॥૬॥
પાઘડીને કારણ સરવ સાચીજી,
તમે સમજ્યા નહિ લગાર, ના કાઢો પાછીજી ॥૭॥

થોડી ઉંમરને કારણે સરવ સાચીજી,
તમે અટકી રહ્યા હો રામ, ના કાઢો પાછીજી ॥૮॥

આવે વખત જ્યારે આકરી સરવ સાચીજી,
ત્યારે શો દેશો જવાબ, ના કાઢો પાછીજી ॥૯॥

હિસાબ પૂછે સ્વામી સરવ સાચીજી,
ત્યાં તે પૂછે પૂછણહાર, ના કાઢો પાછીજી ॥૧૦॥

પેરપેર નાં તો પૂછણાં સરવ સાચીજી,
તેમાં જવાબ કરવો જોર, ના કાઢો પાછીજી ॥૧૧॥

હક્કનાં ત્રાજવાં આપણાં સરવ સાચીજી,
તેમાં તોળી આલશું સાર, ના કાઢો પાછીજી ॥૧૨॥

અદકું ઓછું નહિ આપણે સરવ સાચીજી,
અમો ભોળા નથી કિરતાર, ના કાઢો પાછીજી॥૧૩॥

નામું જોઈને આપશે સરવ સાચીજી,
ત્યાં તો કાગળ લેશે હાથ, ના કાઢો પાછીજી ॥૧૪॥

ગોર બુદ્દરદીન બોલીયા સરવ સાચીજી,
ગરબીના ગુણ રસાળ, ના કાઢો પાછીજી ॥૧૫॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ***૩૫***

તમે વચને ચાલોને વીરા રે ॥૧॥
આપ ગળીને થાવો ને હીરા રે ॥૨॥
મન માંહેથી કાસળ કાઢો રે ॥૩॥
કાસળ રહેશે તો કાળાં થાશો રે ॥૪॥

કર્યાં સુકરીત એળે જાશે રે ॥૫॥
મારા ધરમીતે ધ્યાને રહેજો રે ॥૬॥
જાગી નામ હરિનાં લેજો રે ॥૭॥
જકરે જાગોને રહેમત માગો રે ॥૮॥
હવે કહ્યાં તમારા કરશું રે ॥૯॥
સ્વામી મહેરની નજરો ધરશે રે ॥૧૦॥
ગાફેલ શિર કહેર રચાશે રે ॥૧૧॥
એ તો માયાના બંધન વાયાં રે ॥૧૨॥
એમ બોલ્યા તે આલે ઈમામ રે ॥૧૩॥
સૈદ શરીફ સવાઈનાં જ્ઞાન રે ॥૧૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા — ૩૬

સૂણો મુનિવર માહેરા રે,
કહે બુદરદીન નાથ રે ॥૧॥

ધરમ મારગ જે રુંધશે,
તેનો ભ્રષ્ટ પડ્યો અવતાર રે ॥૨॥

તે નર દાનવ તોલ છે રે,
તે મુખ ઊઠી ઝાળરે ॥૩॥

તે શિર હત્યા પાપણી રે,
જેમ સ્ત્રીને બાળ રે ॥૪॥

ધરમ કરતાં જે વારશે રે,
તેનો આવ્યો કાળ રે ॥૫॥

તેને ઈમાની નવ જાણીયે રે,
બેઈમાની બારે વાટરે ॥૬॥

અમર તેને વેગળાં રે,
ચાલ્યો દો જગ ઘાટ રે ॥૭॥

તે હાલ નીમેડા જાણે નહિ રે,
તે ગત ગંગાથી દૂર રે ॥૮॥

શરમે આવે ગતમાં રે,
પણ ભાવ નહિ લગાર રે ॥૯॥

તે વખત વેળા નથી જાણતા રે,
જેમ અન્ય મારગ બીજા જાણ રે ॥૧૦॥

તે રઘ ક્યાંથી પામશે રે,
જેને હરિ ઉપર હેતના હોય રે ॥૧૧॥

લાજે દાન તો તે કરે રે,
લાજ આવે જાય રે ॥૧૨॥

ભાવ વિના ભય નવ ટળે રે,
મારગમાં ફસાય રે ॥૧૩॥

તે દુનિયામાં ઢૂંઢતા ફરે રે,
બહાર મોટા પણ થાય રે ॥૧૪॥

પણ નાના થાવો તો નામ આહાં રહે રે,
ફળ તે કમાય રે ॥૧૫॥

સતપંથ એવા સાર છે રે,
કેળવે કંચન થાય રે ॥૧૬॥

ધરમ મરમ જે જાણશે રે,
કરમ કરે સરવ દૂર રે ॥૧૭॥
તે શિરવરસે મેહુલા રે,
જેમ નુરાણી નુર રે ॥૧૮॥
તેને ભાંણ ઉદય હુવારે,
જેમ રવિ સઈ સૂર રે ॥૧૯॥
તે પાંચે પાંડવની વારતા રે,
સાંભળો સહુ હજૂર રે ॥૨૦॥
કહે **બુદરદીન** વેદમાં રે,
પડદા કરજો દૂર રે ॥૨૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા **૩૭**

આદ કરણની આલે આવ્યા,
શાહુઅલી ખુદકાર રે,
દાદા અલી રે તમે જાણજો જી ॥૧॥
ખેલ ખુદરત ખાંડે કરશું,
નવેખંડમાં વાત રે,
દીનના દીવા તમે જાણજો જી ॥૨॥
બાવાજીના બોલ પાળો,
તમને લાડ લડાવું રે,
દનદન વાતો અદકી જાણજો જી ॥૩॥
તમે જાણો જે કહેતા આવ્યા,
તમારી ગતના જાણીરે,
આલે આલે સોંપણી કરતા આવ્યા સહીજી ॥૪॥

વેળાએ તો વાતો થાશે,
ઉતાવળનું નહિ કામ રે,
વખત અધૂરી ત્યારે શું કરે જી ।।૫।।

કળિયુગની તો સંધે પહોંચી,
તેથી બુદ્ધિ નાઠી રે,
જપતપ દાન સરવે મૂકી બેઠાજી ।।૬।।

કહેર કાળ તો આવી પહોંચ્યો,
લાહીના લોચા વાળ્યા રે,
તે કશાલે બાવે દેહા મૂકી સહીજી ।।૭।।

અમે સોંપણી તેમને કીધી,
તમે તમારાં જાણો રે,
બારક્શા અલી બંધ સરવેના છોડાવશે જી ।।૮।।

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *૩૮*

કાકા દયાળજી કર જોડીને ઊભા,
તો સાથે તો કેવા શોભે સૂબા,
કહે છે દયાળજી ।।૧।।

તમે જાણો જે મેઘ મન માન્યા આવે,
તો નવે ખંડમાં મહેર થાશે,
કહે છે દયાળજી ।।૨।।

કાકા દયાળજી હઠ લઈને બેઠા,
તો ધરમીને શાની પડી નેઠા,
કહે છે દયાળજી ।।૩।।

પીરના સમજ્યા કાકા કોઈના સમજ્યા,
તો ભગત ભગવાન ભેદના સમજ્યા,
કહે છે દયાળજી ॥૪॥

બોલ્યા **બાકરશાહ** હવે સરવેને ટાળો,
તો ચેત્યો તો તેને પાર ઉતારો,
કહે છે દયાળજી ॥૫॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૩૯

જ્ઞાન સૂણો રે ગલીત થઈ,
અને લળી લળી લીધા ભાર,
હુકમ પાળ્યા અમતણા,
તે સીધ્યા મારા યાર ॥૧॥

વાંકી વાટેના ચાલીયા,
અને વારી પાંચે નાર,
ઈલમના અરથ જોઈને તેણે,
મન કર્યો વિચાર ॥૨॥

કારમી માયા કાલ જાશે,
અને સૂનો રે સંસાર,
શમણાં બાજી વહી જાશે,
જે એવું ધારે યાર ॥૩॥

એવું જાણી આરાધશે,
તે પહોંચે ભવને પાર,
મહાદન માર ચુકાવીને,
તે ભિસ્ત દુવારે જાયે ॥૪॥

અક્કલથી અંદેશા કરો,
પહેરો સાચા સોહાગ,
હાજર ઓળખ્યા ગોરને,
તે ચાલ્યા સીધે રાહ ॥૫॥

પાર જાણ્યા પીયું તણા,
ઓળખીને સંસાર,
કાયા ઉપર કસ કર્યા,
તે મુક્તિ કેરે કાજ ॥૬॥

પીર **બુદરદીન** બોલીયા,
સમજાવી સરવે વાત,
જેણે શિખામણ માની અમતણી,
તેના ટાળ્યા ચોરાસી માર ॥૭॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા **૪૦**

સ્વામી જે હું માગુ તેહ તું દેવે, એસે લાડ લડાવે,
ચારે જુગમાં મેં ફેર ફેર દેખા, તેરે તોલે કોઈના આવે,
સાહેબ રામ તુંહી મુજ ભાવે ॥૧॥

હેજી જશ કેરા ઠાકોર એસા રહો, સો દુઃખીયા કયું કર કહીએ,
સ્વામીને દોષ કેમ કરી દીજે, લખીયા હોય સો લીજીયે,
સાહેબ રામ તું હી મુજ ભાવે ॥૨॥

હેજી મેળ કરવો પીયુ કે દેખે નજરાઈએ, સોહી પીયું અમે પામ્યા,
જશબન ઘડીએ દોહલી રે જાવે, સોહી પીયું મારે મંદિર આવે,
સાહેબ રામ તું હી મુજ ભાવે ॥૩॥

હેજી રામ રહેમાન એક ગોંસાઈયાં, મૂરખ મર્મના પાવે,
સૈયદ મહમંદશાહ ચરણ તમારે, દૂજે દ્વારના જઈએ,
સાહેબ રામ તું હી મુજ ભાવે ॥૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૪૧

હું બલિહારી ગોર આપણા,
જેણે દેખાડ્યા સતપંથજી ॥૧॥

નહિ છૂટે રે ભાઈ માગ કો,
આગળ પહોંચી સંઘજી ॥૨॥

અમે વણઝારે મહા મેદની,
આપ કરો વિચારજી ॥૩॥

છાંડે મુખના પાઈએ,
સ્વામી ઘેર સાચ સોહાયજી ॥૪॥

હંસ ચાલ્યાને સાથ ગયો,
મલીયા બાર કરોડજી ॥૫॥

ઘટ ના સૂઝે રે ભાઈ આપણો,
દાવા દાન કરાયજી ॥૬॥
જૂઠડો એ સંસાર છે,
મીઠડો કેમ કરી જાણોજી ॥૭॥
જે સંસારે નિર્ણાયા,
તે સંસાર લણાયજી ॥૮॥
છોડી શકો તો છોડજો,
જૂઠડાને નહિ ઠામજી ॥૯॥
જોતું દેદાર કું લોહોડીએ,
તો તું દુનિયાં છોડજી ॥૧૦॥
રોવે બાલે પુંગડે,
રૂવે કુટુંબ પરિવારજી ॥૧૧॥
રૂવે સાહેર કેરી મચ્છીયાં,
રોવે સરવે સંસારજી ॥૧૨॥
એકના રૂવે ભાઈ આપણા,
જશકુજીવકુ જીવકી આશજી ॥૧૩॥
લણયાં ખેતર ન ટોહીએ,
લોક હસે અપારજી ॥૧૪॥
પાન વીનાના વૃક્ષડાં,
નહિ રહે તેની કાંઈ છાયજી ॥૧૫॥
જંબુદ્દીપે પડે બૂમડી,
નહિ કોઈ રાખણ હારજી ॥૧૬॥

બોલ્યા **પીર નસીરદીન,**
જપો સાહેબ કેરાં નામજી ॥૧૭॥

દોઢીવાણ

એસા કોઈના મીલે,(૨) જેશું રહીયે લાગ રે,(૨)
સબ જુગ દેખું જલતારે,(૨) સો આપણી આપણી આગે રે,(૨)

પ્રેમી ઢુંડ તમે ફીરો,(૨) પ્રેમી ન મલીઆ કોઈ રે,(૨)
પ્રેમીકું પ્રેમી મીલે તો,(૨) વિષ અમૃત હોય રે,(૨)

શ્રી સતગોર સહદેવ વાચા ૪૨

હેજી સ્વર્ગના સાથીને વેળા છે માઠી,
તેમાં ધરમી જોશે સરવે સાંખી ॥૧॥

હેજી પલાંણ કરશે, હવે તેજી આવ્યા,
તમે સ્વર્ગના સાથી કહેવાયા ॥૨॥

હેજી કરણ ફલકના દેવ જો કહે છે,
તે તો તમને મહેણાં દે છે ॥૩॥

હેજી ચારે જુગની કમાઈ છે ભારે,
તેમાં કળિયુગ છે ભારે ટાંણે ॥૪॥

હેજી તેની કમાઈની થઈ છે જયોતો,
તે તો અમને કાઢી મુકે વહેલા ॥૫॥

હેજી જાન જોરે ને ભલે તોરે,
તે તો શાહાની સાથે વરધોડે ॥૬॥

હેજી નવરંગીભલા બની બની આવે,
પણ ખોયા લાભ ના આવે ॥૭॥

હેજી લાભ ગયા તે ફરી નહિ આવે,
તે તો ક્યાંથી સવાલાખમાં મહાલે ॥૮॥

હેજી ભણે **બાકરશાહ** ભર દરિયામાં,
હવે આંણ પુરી ચલાવે ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૪૩

હેજી દર્શન વીરા જેણેના કીધાં,
તેણે શું જોઈને નુરજ પીધાં ॥૧॥

હેજી અદલ નહિને આવે રે આધા,
તેના દર્શનથી દેવ દૂર ભાગે ॥૨॥

હેજી કજીયા કરેકસણીમાં નહિ કાજી,
તેના ઉપર શાહ નહિ રાજી ॥૩॥

હેજી તામસ તન ઉપર તાંણીને આણે,
તે નુર પીધાની વાતશું જાણે ॥૪॥

હેજી દેવ લે છે ને મેલ મનનો ના કાઢે,
તે તો દેવને શું પરમાણે ॥૫॥

હેજી ભણે **ગોર બુદરદીન** બાકી નહિ વાતો,
જ્ઞાન લખાવ્યાં હાથો હાથ ॥૬॥

● ● ●

હો હો સ્વામી જંબુદીપમાં, તખત નિપજાવીયાં,
વહેલા વહેલા કરજો સ્વામી આપણાંજી ॥૧॥

હો સ્વામી ધીરજ અમને, રહીના શકાય,
તમવિના કેશવાજી ॥૨॥

હો હો સ્વામી જીવણા, છે તમારે હાથ રે,
અવર જીવણાં શું લોક શું જી ॥૩॥

હો હો સ્વામી જુગો જુગે, દેત્યોને સંહારતા,
રૂખેસર જીવને તારતાજી ॥૪॥

હો હો સ્વામી લખ ચોરાશી જીવને આવી પળજો,
રૂખેસર જીવને ઉગારજો જી ॥૫॥

હો હો સ્વામી મચ્છા, કૌરમ, વહારા ને નરસિંહ તમે હતા,
વામન ને તમે સ્વામી ફરસું રામજી જી ॥૬॥

હો હો સ્વામી રામ કૃષ્ણને બુદ્ધ શ્યામ તમે હતા,
આજ કળિયુગે દસમે તમે આવજો જી ॥૭॥

હો હો સ્વામી દુલે દુલે ચઢશો સુભાન રે,
ત્યારે ઈન્દ્ર તંબાળુ વગાડશેજી ॥૮॥

હો હો સ્વામી આજ કળિયુગ, વખમખરો દોહલ્યો,
હાથીડા દઈને ગતને તારજોજી ॥૯॥

હોહો સ્વામી વિનંતી બોલ્યા ગોર **નર ક્બીરદીન,**
દીધી વાચા પોતાની પાળજો જી ॥૧૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૪૫

હું બલિહારી મારા મુનિવરો - મુનિવરો,
જેણે પાળ્યા તે ધરમ આચાર, આચારજી ॥૧॥

તેના અમો છુ આગુઆ, આગુઆ
એતો સત મારગના વિચારજી વિચારજી ॥૨॥

નહિ રે છૂટું ભાઈ અમો તમો, અમો તમો,
એ તો તારે ને મારે સ્નેહજી, સ્નેહજી ॥૩॥

જેવા સ્નેહ તમે રાખશો, રાખશો,
તમે તેવા પડશો પારજી, પારજી ॥૪॥

અમે આવ્યા ગૃહસ્થાશ્રમમાં, ગૃહસ્થાશ્રમમાં,
ગૃહસ્થાશ્રમમાં તે તરવો સંસારજી, સંસારજી ॥૫॥

જે સંસાર સરવે લણીગયા, લણીગયા,
તે તો ફરી ના લણાયજી, લણાયજી ॥૬॥

લણ્યાં રે ખેતર ને બાંધો પરબડી, પરબડી,
જીવજંતુપાછાં ફરી જાયજી, જાયજી॥૭॥

એમ આવતાં જાતાં ભવ ગયા, ભવગયા,
પડીયો ચોરાસી મારજી, મારજી ॥૮॥

આજ અંત જમાનેના ઓળખ્યા, ઓળખ્યા,
તે તો પડીયા મોટે ફેરેજી, ફેરેજી ॥૯॥

વીરાજી ચેતો તે સાર છે, સાર છે,
આ અવતાર છેલ્લો છે આજજી, આજજી ॥૧૦॥

તારા આઠ અધ્યે પુરા થયા, પુરા થયા,
હવે અગિયારે મારે કરવું કામજી, કામજી ॥૧૧॥

એતો બોલ્યા **બુદ્દરદીન** નરધણી, નરધણી,
તમે ચેતો તો સરવે સાથજી, સાથજી ॥૧૨॥

● ● ●

નીશા રતન ચંદ્રમા, દીન રતન રવિભાણ,
કૂળ રતન સુપૂત્ર છે, જે સકળ પદારથ જાણ ॥૧॥

તે સુપુત્ર કેમ જાણીએ, તે શીર શું એંધાણ,
જીવે ત્યાં સુધી માત પિતા નું નવ લોપે વચન, પરમાણ ॥૨॥

તે માત પિતા ભગિની કહે, નવ લોપે તેનું વચન,
તેને સંતોષે હેત કરી, કરે સેવા તેનો તન ॥૩॥

જ્યારે મરણ પામે માતાપિતા, તેનું સફળ પદારથ જેહ,
ઉત્તમકારજ હેતે કરે, મન સિદ્ધ સંગાથે હોય તેહ ॥૪॥

તે ધરમ મારગને નાતમાં, હેતે ઉજવે મા-બાપ,
તે તો સુપુત્ર મહા જાણીએ, તેને અરસ અમરમાં છાપ ॥૫॥

વળી ગુપ્ત ગંગા આજ ગત છે, ને હેતે કરાવે કામ,
વરાવે ઉઠાસણું, સરવે વિધિ શુંતે ઠામ ॥૬॥

સજ્યાને વસ્ત્ર પાત્રને ભોજન, વળી જળપાત્ર દેવનું દાન,
દેવી દક્ષિણા ગોરને, જેમુખે કરે પ્રણામ ॥૭॥

જે સુપુત હોય તે કરે, એજ રીત, ગોર માગે જેહ,
વચન સતગોરનું શીર ધરીને, સતગોરને સંતોષે તેહ ॥૮॥

નહિતર તો સવાપાંચનો નાના-મોટા બાળકનો સમાર,
સમજુજનની રીત છે, તમે દેવને નિરધાર ॥૯॥

ભણે **ઈમામ શમશેર અલી,** એસુપુત્રનો વિસ્તાર,
બાકી જે છે પુત્ર જેણે નવ દાન કર્યાં તે ઠામ ॥૧૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૪૭

સતગોર ભેટ્યા તમે દૃઢ પરમાણો રે, વીરા,
તો કાચી ખોશો કમાઈજી ॥૧॥

આપ મતે ડૂબ્યા ભલભલેરા રે, વીરા,
શ્રાપ થયો તે ઊંધા વળીયા જી ॥૨॥

આપ મતેરે કીધી અજાજેલે રે, વીરા,
તો રાંણ્યા ગયા રે પુરણ શ્રાપેજી ॥૩॥

ગોરજીને વચને રહેજો મન સ્થિર રાખી રે, વીરા,
સત સબુરી ક્ષમિયા ધારીજી ॥૪॥

રંગ અમારા વીરા અવનવા હોશેરે, વીરા,
પહેલી નિશાની જો જો ધારીજી ॥૫॥

કફરાંનો તોડેવીરા કલ નકલંકી રે વીરા,
જાહેર થવાના રંગ પરખોજી ॥૬॥

માંહે માંહે યુદ્ધ વીરા જુલમ જો માંડે રે, વીરા,
તો સાચા તો માલ કાઢી લેશેજી ।।૭।।

ભક્તોને ભીડ પડશે ત્યારે અનેરી રે, વીરા,
ભલા હશે તે રોહાશે પુરાજી ।।૮।।

ખુદરત જાગે વેદ કેરી જોતાં રે,વીરા,
નાના મોટા સરવે બોલ્યાજી ।।૯।।

પછે તો શૂન્ય પડશે સરવે તો જાશે રે,વીરા,
તો વેદ વાણીમાં કાંઈ ન સૂઝેજી ।।૧૦।।

સરસ્વતી બંધ હોશે આખર વેળા માં રે,વીરા,
તો દૈવત સઘળું સ્વામી હરશેજી ।।૧૧।।

ભણે રે **બુદ્દરદીન** ભરપુર આદે **અલખ–સવાઈ** રે, વીરા
તો **બુદરદીન** રે બંધ છોડાવેજી ।।૧૨।।

• • •

શ્રી સતગોર સહદેવ વાચા ૪૮

અવસર આવ્યા છેલ્લા દહાડા શું સમજીને બેઠા ટાઢા,
આ વખતમાં ગળિયા તમે કેમ થયા રે ।।૧।।

દાન નહિને ભજન નહિને ફિકર નહિ ફળ વેળા,
તો કેમ કરી, કારજ કરશો જીવના રે ।।૨।।

આદે અંતે કહેતા આવ્યા તેના તે અમો નાથ રે,
તો, કરું રે અજવાળાં નવખંડમાં રે ।।૩।।

દુનિયાં તો પસ્તાશે ત્યારે, દેખે નવલા રંગતો,
ધન ધન કહેશે રે તમને તે સમે રે ।।૪।।

અમે તો કાંઈ સમજ્યા નહિ, પરિ બ્રહ્મને તમે પૂજ્યા તો,
સફળ જીવ્યું રે દુનિયા બોલશે રે ॥૫॥

જેવું કીધું તેવું પામે, પુન્ય પ્રમાણે સરવતો,
તે દિન કરશો રે વીરા ઓરતા રે ॥૬॥

માટે આજ ચેતી ચાલો કહું છું, જે કરવું તે કરજો તો,
અનંત ઘણું રે આપે તે સમે રે ॥૭॥

લાલચ મેલો કારમીને, લંપટ કોઈના થાશો તો,
આપ બરાબર આવી બેસશો રે ॥૮॥

તેનાં તોત્યાં તેજ ઘણેરાં, જેણે વિધિએ કીધાં દાન રે,
તો સમે સાવધાની અહીં કરી રે ॥૯॥

પુરાજ્યોતિ તેને કહીએ, કસણી હસણી સહેતા તો,
તે તો ઉગે રે નવખંડમાં રે ॥૧૦॥

બોલ્યા રે **બાકરશાહ** બળિયા, જ્ઞાને જે કોઈ ગળીયા રે,
તેની શોભા તો ત્યાં તો અવનવી રે ॥૧૧॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા *૪૯*

અવસર આવ્યા વીરા ચેતોને ભાઈ,
તો કાયમજી કહે છે વાતો સૂણીએ, એક તું દયાળજી.....

ખેવટ આવ્યા ખુદજી કહે છે પોકારી,
તો ગૂના ખોલીને કરો હજૂર, એક તું દયાળજી.....

ઘમઘોર દિલ તમારાં શાને કરો છો,
તો ગૂના ખોલો તો ખેર હમારે, એક તું દયાળજી.....

નમળી કરીને તમે નીમ ચોખળાવો,
તો પાપના પડદાં તમે ખોલો, એક તું દયાળજી.....

ચાનક નહિને તમે દેવે શું આવો,
તો લજ્જા મેલીને ગૂના બક્ષાવો, એક તું દયાળજી.....

નહિ કહેશો તો ગૂના ઘણા લખાશે,
તો પ્રગટ કરો તો પ્રલય થાશે, એક તું દયાળજી.....

પાકી વેળામાં તમે પૂંઠ સંભાળો,
તો પાપના મૂળ તમે ખોલો, એક તું દયાળજી.....

લોકો કહું છું ગતમાં હશે લોચા ઘણેરા,
તો સનમુખ બાવા બેઠા કહે છે, એક તું દયાળજી.....

સરવે સૈન્યા મારી નીમ ચોખળાવો,
તો પરખીને પાવન પુરા થાજો, એક તું દયાળજી.....

નહિ કહેશો તો ગૂના અમર લખાશે,
તો લંછન લાગ્યાં તે તો દેવલોક જોશે, એક તું દયાળજી.....

ભણે **બુદરદીન** આપે સવાઈ,
તો દન દન વાતો કરશે નવાઈ, એક તું દયાળજી...

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા **૫૦**

અક્કલ સ્વરૂપી આલે આવ્યા ઐલોકી રે, વીરા,
તો જગતના કરતા હરતા આપેજી ॥૧॥

આલે અકળ દીવાવેદમાં વહેવા રે, વીરા,
તો પગલે પરખી લેજો વીરાજી ॥૨॥

આલ અમારી અખંડ અગમ ઐલોકી રે, વીરા,
તો જમલી જો જો રે વેદે વાતો જી ॥૩॥

મનડાં ના ડોલાવો મારા સ્વર્ગના સાથી રે, વીરા,
તો રખે રાખો મનમાં બાજીજી ॥૪॥

ઈલમ દરિયા આલે જુગે જુગે આવ્યા રે, વીરા,
તો આજ કેમ ખૂટે ખુદરત જાણોજી ॥૫॥

જે જે જોઈએ તે તમને આપું હો વીરા રે, વીરા,
તો મુક્તિ દાયકને ઈલમ દરિયાજી ॥૬॥

અમ પર વિશ્વાસ રાખો દલ તમારાં રે, વીરા,
તો મનડાં ના ડોલાવો મોંઘી વેળાજી ॥૭॥

આખર વેળામાં તમે ઓસરીના જાશો રે, વીરા,
તો કોલ કારણ અમે આવ્યાજી ॥૮॥

ભણે રે **બુદ્દરદીન** આલે સૈયદ હુસેની રે, વીરા,
તે વેળા વેળાની જૂજવી વાતોજી ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૫૧

વિષ્ણું એ ચિઠ્ઠી મોકલી, લઈ જબરાઈલ જાયજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧॥

ભગત અમારા દુનિયા વિષે, તેમને જઈને કહેજો જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૨॥

આફિયત આવે બહુ જોરથી, તમે ચેતીને રહેજો જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૩॥

જોગણીઓનાં જોર ઘણાં, જોતાં ચૂસી ને લેશેજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૪॥

ત્રાસેત્રાસે પોકારે સરવે મેદની, ફૂંકે જીવડો જાયજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૫॥

ચાલીસ દનનો છલ્લો કરો, મધે માળાજો કરજો જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૬॥

જાપની જુગતાઈ કહું, તમે દરૂદ ભણજોજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૭॥

શરદો કરીને ફૂંક મારજો, સ્વામી શેતાન ઉડાડો જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૮॥

મોટા ગામના સવા પાંચ છે, નાના ગામનો સવા જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૯॥

કોટે તો ફાળિયા નાંખતા, વળી મહેર તો માંગો જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧૦॥

કાફર કુફી લોક છે, દાવાદારી અપારજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧૧॥

વેળાના તો પ્રેશ ઘણા, વરજોડ અપારજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧૨॥

ધરમી તો બોલી એમ બોલતા, કાકા કોણ છે આજજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧૩॥

મુસલીમે મુશ્કેલીથી જીવ કાઢીયા, એવી કાકાને વીતીજી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧૪॥

બોલ્યા **બાકરશાહા** બળ કરી, મહેર કરજો મહારાજ જી રે,
છેલ્લી વેળાનો સંદેશડો ॥૧૫॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા **૫૨**

કાયમવાડી તાહાં મોરારી,
સાગરમાંહે સાર ॥૧॥

ગુપ્તા છપાતા લપાતા આવ્યા,
જુગ ચારે સરદાર ॥૨॥

ઘમ્મર પાણી ખૂટે નહિ,
અખંડ છે અપાર ॥૩॥

નાને વેષે નર નકલંકી,
ગુર્જરખંડ દુવાર ॥૪॥

ચંદ્રશશી પૂનમ જેવા,
એવા નંદ કિરતાર ॥૫॥

છેલછબીલા છત્રધારી,
સૌથી છે એ ન્યારા ॥૬॥
જકર ફકર તે જાણી કરજો,
લેશો અપરમ પારા ॥૭॥
જીતી જાશો વીતી રહેશો,
તે અમરાપુર લેશે ॥૮॥
નહિતો ચરણ ઝૂરણ વિષે કે,
કોને કયાં જઈ કહેશો ॥૯॥
ટકોર મારી ટૂટી જાશે,
તે હાથે દો જગ લેશો ॥૧૦॥
તક આવે તરસ્યાં રહીએ,
મેણાં સહુના સહીએ ॥૧૧॥
જદુપતિ તો જુગમાં કહીએ,
તેના થઈને રહીએ ॥૧૨॥
દાન કરો તો વિલંબ ના કીજે,
પરખીપાત્ર જેહ ॥૧૩॥
આદે ઉનાદે તે જુગો જુગે,
ભગતના ભગવાન ॥૧૪॥
કહે **બુદરદીન** બાર સદીમાં,
ભૂલો નહિ નાદાન ॥૧૫॥

● ● ●

સંઘ કરો તો સાર છે,
ને લરજીને આવાર,
સંતોષ રાખીને સ.શો,
તો ઉતરો ભવને પાર ॥૧॥

શાંતિ ગુણેથી સ્વર્ગ પામશો,
તામસ તજી ભિસ્ત મુકામ,
માર મોટા છે મન તણા,
તમે મેલો મારા યાર ॥૨॥

પેર કરજો પાંચની,
જે ચુંકાવે વારો વાર,
મનઘોડાને વશ રાખીએતો,
છૂટે નહિ રે લગાર ॥૩॥

ચોકડાં કરીએ જ્ઞાનનાં,
ને લગામ લાખેણી સાર,
તંગ ભીડીને પલાણ માંડીએ,
તમે વળતી થાવો અસવાર ॥૪॥

એવી શિખામણ દલ ધરો,
ગોર બ્રહ્માના ફરમાન,
મનઘોડાને વશ રાખજો,
તમો મુનિવર મારા વીર ॥૫॥

● ● ●

પ્રથમ પ્રગટની વાચા,
બીજે તે અક્ષર સાચા,
ત્રીજે તત્વ પામશો,
વીરા રેભાઈ પામશો ॥૧॥

ચોથે તે જુગે કેરી સાંધા,
પાંચમે બંધ બાંધ્યા,
છઠ્ઠી જ્ઞાનની વાતરે,
વીરા રે ભાઈ પામશો ॥૨॥

સાતમે રાખો તો સત,
આઠમે અધિકાર,
નવે નિધ પામશો,
વીરા રે ભાઈ પામશો ॥૩॥

દસમે દુશ્મનનો વારો,
અગિયારમે હુકમ પાળો,
બારે બંધ છૂટશે,
વીરા રે ભાઈ છૂટશે ॥૪॥

તેરસે તત્વ જાણજો,
ચૌદશે મનવશ રાખો,
પંદરે તિથિ પૂજીએ,
વીરા રે ભાઈ પૂજીએ ॥૫॥

સોળે કળા ભરપુર,
સત્તારે વરસ્યાં નુર,
અઢારે વરણનો આંતરો,
વીરારે ભાઈ આંતરો ॥૬॥

ઓગણીસે ગત ગંગા,
વીસે પંથ પુરા,
એકવીસે અમર થયા,
વીરા રે ભાઈ અમર થયા ॥૭॥

સાચુ માનો તો **શરીફ સવાઈ**,
કહે છે વેદની વાતો,
એ જ્ઞાન બોલીયા,
વીરા ભાઈ બોલીઆ ॥૮॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૫૫

મહમંદ મેંદીરે આવીઆ,
નવેખંડ થઈ છે જાણ રે ॥૧॥
પહેલાં તો હૈયામાં હરખીયા,
મુખડે વરસ્યાં છે નુર રે ॥૨॥
ચઢ્યા ચઢ્યા તે સહદેવ નીકુળ,
અર્જુનને અભિમન્યું રે ॥૩॥

કુંતામાતા રે જ્યારે રથે બેઠાં,
રથ તો ભમે છે આકાશ રે ॥૪॥

રાજા યુધીષ્ઠિર ખુશી થયા,
માતા તમને ક્યાં લાગી આવી વાર રે ॥૫॥

રમતાં નારાયણ દેવ રિસાયા,
રીઝવતાં લાગી છે વાર રે ॥૬॥

કરતા જુગના જીવડા,
જુએ છે ત્રેતાજુગની વાટ રે ॥૭॥

ત્રેતા જુગના રે જીવડા,
જુવે છે દ્વાપર જુગની વાટ રે ॥૮॥

દ્વાપર જુગના જીવડા,
જુવે છે કળિજુગની વાટ રે ॥૯॥

છેલ્લા આવ્યા રે કળિજુગ કાળમાં,
કરવાં છે મુનિવરના કામ રે ॥૧૦॥

નહિ ઓળખ્યાં છોરૂ ને વાછડાં,
નહિ ઓળખી ઘરની નાર રે ॥૧૧॥

નહિ ઓળખ્યાં મુખી મુસાફર,
નહિ ઓળખી જમલી જમાત રે ॥૧૨॥

એક ઓળખ્યા રે મારા રૂખેસરને,
તે પામ્યા મુક્તિના દેદાર રે ॥૧૩॥

● ● ●

જીરે, વૈકુંઠના નાથ પધારીયા,
સતગોર બ્રહ્માજી આવ્યા છે આજ,
પવિત્ર કીધાં આંગણાં ॥૧॥
હરિને સતને સમાણાં કીજે બેસણાં,
પહેલાં અવિચળ રાખો ઈમાન,
પવિત્ર કીધાં આંગણાં ॥૨॥
જીરે, સત-દત ભેળાં કરી દીજીએ,
ખમીયા સરીખાં નહિ કોઈ દાન,
પવિત્ર કીધાં આંગણાં ॥૩॥
જીરે,દસુંદી સુક્રિત દીજીએ,
પછી જપીએ અજપ્યાના જાપ,
પવિત્ર કીધાં આંગણાં ॥૪॥
જીરે, પશ્ચિમ થકી રે અલી આવશે,
મેળા હોશે જંબુદીપ મોજાર,
પવિત્ર કીધાં આંગણાં ॥૫॥
જીરે, નરનકલંકી જ્યારે ચઢશે,
તેમના ઈમામ મેંદી ધરાવશે નામ,
પવિત્ર કીધાં આંગણાં ॥૬॥
જીરે, આલ ઈમામ ઘરે આવીઆ,
તેનાં નર મહમંદ શાહ છેરે નામ,
પવિત્ર કીધાં આગણાં ॥૭॥

જીરે, સોળ કળા રે તેમની શોભતી,
તેમના મુખ ઉપર ઝળકે છે નુર,
પવિત્ર કીધા આંગણાં ॥૮॥
જીરે, આલ ઈમામ ગોરની સેવીએ,
તેમને શોધીને પડીએ રે પાય,
પવિત્ર કીધાં આંગણાં ॥૯॥
જીરે, આલ ઈમામ ગોરની પૂજીએ,
તેમના પ્રગટ પૂજીએ પાય
પવિત્ર કીધાં આંગણાં ॥૧૦॥
જીરે, અનંત કરોડી વર જે લાવીઆ,
નર ઈસ્લામ શાહીની વાર,
પવિત્ર કીધાં આંગણાં ॥૧૧॥
જીરે, અનંત કરોડી વરજે લાવીઆ,
તેનાં હસન કબીરદીન છે નામ,
પવિત્ર કીધાં આંગણાં ॥૧૨॥
જીરે, થાળ ભર્યો રે શગ મોતીએ,
ચાલો વધાવો નકલંકી નાથ,
પવિત્ર કીધાં આંગણાં ॥૧૩॥
જીરે, થાળ ભર્યો રે શગમોતીએ,
ચાલો વધાવો સતી મળી ચાર,
પવિત્ર કીધાં આંગણાં ॥૧૪॥
જીરે, સીતા, કુંતાને સતી દ્રોપદી,
ચોથાં તેડાવો હરિચંદ્રની નાર,
પવિત્ર કીધાં આંગણાં ॥૧૫॥

જીરે, એમ બોલ્યા **ઈંદ્ર ઈમામશાહ,**
આખર વેળાનાં બોલ્યાં છે ધોળ,
પવિત્ર કીધાં આંગણાં ॥૧૬॥

● ● ●

મુનિવર તમે સરવે જો જન,
પરમારથ કરનાર કો જન રે, સજની ॥૧॥

પુન્ય કરે તેની પાસે રે રહેતા,
સારી શિખામણ તેને દેતા રે, સજની ॥૨॥

સારી વાતનો તેને ઉપદેશ કરતાં,
પોતાનું કામ પરહરતા રે, સજની ॥૩॥

વિદ્યાગુરૂ તોવીરા તે નર કહેવાતા,
બીજા મોરાતબ મળવા રે, સજની ॥૪॥

દીન મારગમાં તેને આદમ કહેતા,
તે તો જવરલા લહાણ લેતા રે, સજની ॥૫॥

ખેરાત કરનારો તે તો ખુદનો રે બંદો,
પેલા આદમ ગુરુની પાસે રહેતા રે, સજની ॥૬॥

જ્ઞાન ધ્યાનનાં ઓઠાં બતલાવે,
એમ કરી સીધી રાહ દેખાડે રે, સજની ॥૭॥

ત્યારે આદમનાં લહાંણ તો મળતાં,
બીજા પરમારથ પુન્ય લખાતાં રે, સજની ॥૮॥

પરને કાજે જે જન પાસે રહીને,
બોલ કબોલ સરવે સહીને રે, સજની ॥૯॥

તે તો સિધ્યા છે સરવે શૂરાને પૂરા,
કરણ કલફ ધંધુકારે, રે સજની ॥૧૦॥

ચારે જુગમાં ભગત સરવે સધાર્યા,
કસ વેઠી થયા સરદાર રે, સજની ॥૧૧॥

હરિચંદ્ર રાયે કીધી પર ઉપકારી,
અવગુણ કેડે ગુણ કરીને રે, સજની ॥૧૨॥

વિશ્વામિત્રને તેણે પહેલા બક્ષાવ્યા,
ત્યારે કહેવાયા સરદાર રે, સજની ॥૧૩॥

વખડી વેળામાં પર ઉપકાર કરતા,
કાયા કસોટી શીર સહેતા રે, સજની ॥૧૪॥

અષ્ટ પહોર ધરમીની ચિંતામાં રહેતા,
તોબા સાહેબ મુખે કહેતા રે, સજની ॥૧૫॥

ધરમીના અવગુણ સરવે સમાવતા,
એકરતિ દલમાં નવ ધરતા રે, સજની ॥૧૬॥

ગાયને વાછરૂના જુવો નમૂના,
માંહે ધરમીનાં હૈયા સૂના રે, સજની ॥૧૭॥

સૂન અંધારા સરવે કાઢી નાંખો,
દીપક જ્ઞાન તણા રાખો રે, સજની ॥૧૮॥

વાછરૂ મુસ્તક મારે દુધ પીલાવે,
પ્રેમ કરી ગવરી ધવરાવે રે, સજની ॥૧૯॥

એવા નમૂના કાકા દયાળજી કરતા,
સરવેના અવગુણ સમાવતા રે, સજની ॥૨૦॥

અમ વચનથી સરવે અવગુણ ટાળી,
તામસ તનથી ઉઠાવી રે, સજની ॥૨૧॥

તામસ તનમાંહે જો નવ ધરતા,
ઈન્દ્ર સરવે વશ કરતા રે, સજની ॥૨૨॥

દેવકળાએ સરવે દેવ પધારતા,
તેનાં દર્શન તે નર કરતા રે, સજની ॥૨૩॥

કાકા આગળ તમે કરજોડી આવો,
પ્રણામ કરી શીર નમાવો રે, સજની ॥૨૪॥

કાકાને નમીયા તે નર અમને તો ગમીયા,
રૂવેરૂવે તો પરવરીયા રે, સજની ॥૨૫॥

ભગત ભગવાનની પૂજા રે થાય,
તેના લાભના લેખ લખાય રે, સજની ॥૨૬॥

તેનાં જ્ઞાન બીજાં લખી સંભળાવું,
ધીરજ રાખો મારા તન રે, સજની ॥૨૭॥

બોલ્યા **બાકરશાહ** તમને કહે છે વિચારી,
રિધ્ધિ આલવા બેઠી સારી રે, સજની ॥૨૮॥

આખર વેળાના છોરૂ કરવા છે મોટા,
સરવે સહેવા અમારા સોટા રે, સજની ॥૨૯॥

● ● ●

કળિજુગ સંઘે કામ કરીને, મોહમાયાને ચળીયો રે,
લખચોરાશીની ચુંદી મોટી, તેમાં શાને પડીઓ રે,
ઘણાંમાં ધણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ||૧||

ધનલક્ષ્મીના ઢગલા કીધા, મારુ મારું કરીને રે,
અંતકાળે સાથે નહિ આવે, મણીધર નાગ થઈને ફરીઓરે,
ઘણામાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ||૨||

ડાહ્યાં શાણા ઘણા થયા છો, વિઠલવંતા વહવાશોરે રે,
અંતકાળના ચોઘડિયામાં ગોદા ઘણેરા ખાશો રે,
ઘણાંમાં ધણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ||૩||

મારું મારું કરી સંગ્રહ કીધું, એકે કામના સીધ્યું રે,
મરવા કેરાં જ્યારે તેડાં આવે ત્યારે, સરવે અવરથા થાશે રે,
ઘણાંમાં ધણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ||૪||

આખર વેળા તે તો લો સંભાળી,
અંત જમાના ઓળખી કાઢો . રે,
ઘણાંમાં ધણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ||૫||

જીવ લેવાને જમડા આવ્યા, આવીને ત્યાં ફરીયા રે,
સગા સબંધી બેસી રહ્યાં છે, તસ્દી તુજને દેવા રે,
ઘણાંમાં ધણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ||૬||

સગાં સબંધી સ્વાર્થનાં સરવે મળ્યાં મન મેલી રે,
કરડી ખાધો કાંઈના રહ્યું, ઠાલા જાશો તેડી રે,
ઘણાંમાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ॥૭॥

પાંચ દહાડા છબકલાં કરશે, પાછળ કીર્તિ ધરશે રે,
તસ્દી પડશે તારા તનને, તેમાં તારું શું સરશે રે,
ઘણાંમાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ॥૮॥

નારી સાથે સ્નેહ ઘણો કીધો, હસી હસી મન મેલી રે,
મોહ માયાનો આખલીઓ, તેમાં શું રહ્યો મોહી રે,
ઘણાંમાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ॥૯॥

ચોપગાને શું લઈને ભાર ઘણેરો ભરીયો, અવાચક અવળું કીધું,
એવો સબંધ શીદ કરીઓ રે,
ઘણાંમાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ॥૧૦॥

મોહન મળશે માણસ દેહા, અમર દેહા તારી રે,
નહિતર નશંખ થઈ જાશો, હોંશ રાખો હરિ સાથે રે,
ઘણાંમાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ॥૧૧॥

ભણે બુદરદીન ભાવ કરીને, દે શિખામણ સાચીરે,
સૌ પહેલાં તો **શરીફ સવાઈ**, તેને રાખો ઝાલી રે,
ઘણાંમાં ઘણેરૂ થાશે આ અવસરમાં ના કરીએ રે ॥૧૨॥

• • •

પહેલડા પહોરની રાત તેની રાતે કોણ જાગ્યાજી,
જાગ્યા જાગ્યા તે ધ્રુવને પ્રહલાદ નિદ્રામાં પળ ના સૂતાજી,

મુનિવર પાંચ કરોડીની સાથ, અમરાપુર જઈને પહોંચ્યાજી,
ધન્ય ધન્ય તેમનો અવતાર પ્રભુજીને પ્રેમે પૂજયાજી,
ધન્ય ધન્ય તેમને બલિહાર ખેલવંતાખેલી ગયાજી ॥૧॥

બીજલા તે પહોરનીરાત, તેની રાતે કોણ જાગ્યાજી,
જાગ્યા જાગ્યા તે હરિચંદ્રરાય, નિદ્રામાં પળના સૂતાજી,
મુનિવર સાત કરોડીની સાથ અમરાપુર જઈને પહોંચ્યાજી, ॥૨॥

ત્રીજલા તે પહોરની રાત તેની રાતે કોણ જાગ્યાજી,
જાગ્યા જાગ્યા તે પાંચ પાંડવવીર નિદ્રામાં પળના સૂતાજી,
મુનિવર નવ કરોડીની સાથ, અમરાપુર જઈને પહોંચ્યાજી ॥૩॥

ચોથલા તે પહોરની રાત તેની રાતે કોણ જાગ્યા જી,
જાગ્યા જાગ્યા તે ગોર સહદેવ, નિદ્રામાં પળના સૂતાજી,
મુનિવર બાર કરોડીની સાથ, અમરાપુર જઈને પહોંચ્યાજી, ॥૪॥

હવે પાંચમાં જુગની સંધે તેની રાતે કોણ જાગેજી,
જાગે જાગે તે કમળાકુંવર વીર, નિદ્રામાં પળના સૂવેજી,
મુનિવર અનંત કરોડની સાથ અમરાપુર જઈને પહોંચેજી ॥૫॥

વાણી બોલ્યા તે **હાશમશાહ** વીરા વિચારી ચાલોજી,
હવે અનંત કરોડની સાથ સર્વે મુક્તા મહાલોજી ॥૬॥

• • •

અષ્ટકુળ પરવત મેર, પરવતમેર,
શાહોજીએ કાંકણ બાંધીયા ॥૧॥
એ રે ઈમાન, એરે ઈમાન,
શાહોજીને મહોલે પાવધર્યા ॥૨॥
સ્વામી વાટડીઓ વહેવાર,
ફૂલડાં અપાર, ફૂલડીએ ફળ બેસશે ॥૩॥
એમ બોલ્યા **ઈમામ**, બોલ્યા **ઈમામ**,
સચીયારા ફળ પામશે ॥૪॥

● ● ●

(ઉઠાસણું કામ વળાવ્યા પછી બોલવાનું જ્ઞાન : પહેલું)

અષ્ટ પહોર આરાધો ભગવાન, (૨)
શાહોજીએ છાપો કરી ॥૧॥
હવે તરશો રે સંસાર, તરશો રે સંસાર,
ભવસાગરના ફેરા ટળ્યા ॥૨॥
જીહો અમરનાદાવ, અમરના દાવ,
ઈકોતેરસો મુક્તા હુવા ॥૩॥
મળ્યા ઈમામ કિરતાર, ઈમામ કિરતાર,
સ્વર્ગમાં ઊભા કર્યા ॥૪॥

વેળા વરસું રે આજ, વરસું રે આજ,
ચાલો કર જોડી પાંસરા ॥૫॥

ડંકા થયા દેશો દેશ,
થયા દેશો દેશ, ઈકોતેરસો વધામણાં ॥૬॥

પ્રગટ દેવોની રે પ્રિત, દેવોની રે પ્રિત,
કીધી ત્યાં કળા ધરી ॥૭॥

ત્યાં તો મળ્યો છે સૌ સાથ, મળ્યો છે સૌ સાથ,
સાક્ષી છે સૌ દેવતા ॥૮॥

ત્રણ મુરતની છાપ, મુરતની છાપ,
કરોતો કલ્યાંણ ભલા ॥૯॥

જેના સંચા સ્વર્ગ માંહી, સંચા સ્વર્ગ માંહી,
હોય તો શાખો ભલી ॥૧૦॥

વધાઈઓ વહેંચઈઓ અપાર, વહેંચાઈઓ અપાર,
દેવામાં ડંકા હુવા ॥૧૧॥

જાણી જોઈનેરે આજ, જોઈને રે આજ,
રખેદલ ઓછાં કરો ॥૧૨॥

સ્વર્ગ નર્કની રે પ્રીત, એવી છે રે રીત,
સુધાતો સંચે ભલા ॥૧૩॥

બોલ્યા **શરીફ સવાઈ, શરીફ સવાઈ,**
વેદોમાં વધામણાં ॥૧૪॥

• • •

(ઉઠાસણા કામ વળાવ્યા પછી બોલવાનું જ્ઞાન : બીજું)

જી હો વેદે વધાઈઓ રે, સ્વર્ગે નવાઈઓરે,
સતગોર ભેટ્યા તો ભય તો સર્વે ટળ્યાં શંશય મર્યાજી ॥૧॥

જીહો જે દન હાજર અમી રસ પીધાં, કાયા અમરજાંણો રે,
સત ધરમના સંચા ત્યાં મળ્યા ત્યાં મળ્યાજી ॥૨॥

જીહો કોલ કર્યા તા ઓદરમાના, તે આવી સંભાળો રે,
કાંકણ બાંધ્યા તો બિરૂદ પાળજો પાળજોજી ॥૩॥

જીહો બાકી ના રાખો બૂડતી વેળા, તેડે આવી બેઠારે,
તેડે આવ્યા તો બંધન છોડાવજો, છૂટશેજી ॥૪॥

જીહો ઈકોતેર સૌ સાથ તમારો, કુટુંબ પરિવાર રે,
બીજા બક્ષાવો તે તો બળ કરી, દલ ધરીજી ॥૫॥

જી હો જો મન તપસ્યા સાચા સાચી, સંચે સર્વે લોકરે,
પાર પડ્યાની પ્રીતો પૂરી કરો, મનધરોજી ॥૬॥

જી હો કાંકણ બાંધ્યાની પૂજા, પૂરી સવા પાંચ રે,
અધૂરી રહેશે તો અટકાવ ત્યાં થશે, વૈકુંઠ જાતાંજી ॥૭॥

જી હો એમ કરી કહે છે અલખ નિરંજન, વિષ્ણુ વરદાતા રે,
ઈમામ શમશેર અલી કહી વળ્યા, કથી વળ્યાજી ॥૮॥

• • •

પાયે ખૂંચે ઝીણી કાંકરી, અગ્નિના વરસે મેહા જો,
અયોધ્યા કેરો રાજીઓ જેની સત્યે ના દાઝે દેહા,

પ્રાણીના કરીશ મનમાં મોહ,
સ્વામી કેરી વાટડીએ વળાવ્યાં લક્ષ કરોડ,
પ્રાણી ના કરીશ ॥૧॥

ચીર પટોળાં પહેરતાં, જમતા દાણો પાણીજી,
માથા ઉપર તૃણ જ લેઈ વેચાયા તારા રાણી,
પ્રાણી ના કરીશ ॥૨॥

સોના કેરો ઘડૂલોને રૂપલા ઊઢાંણીજી,
આંપડો ઝાંપડો નહાવા બેઠા, ત્યારે હરિચંદ્રે ભરીયાં પાણી,
પ્રાણી ના કરીશ ॥૩॥

ભમ્મર પલંગ પર પોઢતાને ખૂંચેઝીણાં સૂતરજી,
રોહીદાસ પોઢ્યા સાથ રે, એ લાડકવાયા પુત્ર,
પ્રાણી ના કરીશ ॥૪॥

જે વાવશે તે લણશેને આને આ સંસારજી,
વગર વાવે જે લણે તે મુજને બતાવ,
પ્રાણી ના કરીશ ॥૫॥

સતગોર સહદેવ બોલીયા, તમે જુગ જીત્યા જુગ જાણોજી,
અનંત કરોડીનું ભરણ ભરાશે, ત્યારે સબસંગાથે ચલના,
પ્રાણી ના કરીશ મન ॥૬॥

● ● ●

ચીનનગર ચોર મારવો, કમળાંકુવર છે કામદાર રે ॥૧॥
નવખંડે ખાંડે ખેતર ખેડવા, વાળવો છે દૈત્યો કેરો દાટરે ॥૨॥
કલંકી ઘોડા રે કુંતલ ચાલશે, મેઘાડંબર છત્ર ઢળાયરે॥૩॥
ગજપતિ ઘેમર હાથીયા, છુટશે લારોને લાર રે ॥૪॥
પાણી પંથા રે ઘોડા હંસલા, પવન વેગી બહુ પરવરીયા રે ॥૫॥
રથશું અજવાળાં રે શોભતાં, સુખપાલોનો નહિ પાર રે ॥૬॥
અમર ઘરેણાં તમારે પહેરવાં, મોતીડાં તપે છે લેલાટરે ॥૭॥
દશમે અસમાનથી કળારે આવશે, તેની તો શાભાનો નહિ પાર રે ॥૮॥
જાનૈયા મળે રે જુગ ચારના, ચાલશે કેશરીઆ ગરકાવ રે ॥૯॥
સતીઓ મળી રે જુગ ચારની, ચાલશે જોડારે જોડ રે ॥૧૦॥
પહેલે તોરણે મુનિવર પરણશે, મનમાંની લહાણી તો લેવાય રે ॥૧૧॥
બીજે તોરણે નકલંક નાથજી, અમર છાબોતો વહેંચાય રે ॥૧૨॥
પાટે બેસેરે પિયુજી પાતળા, બ્રહ્માજી બેસશે થાળ રે ॥૧૩॥
ભરણના ભેરૂરે આવશે, કરશે અનંતો કેરા કાંમરે ॥૧૪॥
માતા પિતાને બક્ષાવશે, વળાવો ઈકોત્તેરસો ના કાંમ રે ॥૧૫॥
ગોર બ્રહ્માજી ઘોળ બોલીયા, ઘોળ તો બોલ્યા ધમધમ કાર રે ॥૧૬॥

• • •

મંડપ રચીયા મોહ ભર્યા જેની શોભાનો નહિ પાર,
દેવ જોવા આવીયા, જુગ ચાર કેરા યાર ॥૧॥

પખાળ કીધાને પરવર્યા દીપકદર્શન જેહ,
રૂપા દીવી શોભતી, જળહળ જ્યોત વિષેક ॥૨॥

રૂપા બાજઠ પાથર્યા, એ દેવકળાને કાજ,
સર્વે દેવ આજ આવશે, તમે વધાવોને આજ ॥૩॥

સ્થળે થાળી રૂપાઝારી, કમળ કેરાં મંડાણ,
ચોગમ સ્તંભ રૂપા કેરા કળશ કળા પ્રમાણ ॥૪॥

નવદાણા તે નવખંડ વસ્યા, ઉપર કળશનો આધાર,
સાત સમુદ્ર જળ ભર્યા, જળ કળશનો વિસ્તાર ॥૫॥

છત્રીસ ઈમાંમે પ્રવેશ કીધો, સંસાર સાગર જેહ,
તેહ તણો આધાર છે માંહી પાવળ ઘોળ્યાં તેહ ॥૬॥

પ્રગટ ઈમામ હાજર બેઠા, તેહ તણો વિસ્તાર,
સર્વે દેવ આજ આવશે, તેત્રીસ કરોડી યાર ॥૭॥

કરણ કલફના દેવ આવે, અડસઠ તીર્થ જેહ,
ગત ગંગામાં પરવર્યા દર્શન કરવા તેહ ॥૮॥

કળશ કમળમાં ફૂલ સાડત્રીસ આરોપો હરિ એહ:
સુગંધ વ્યાપી ઓપતી, કપૂર ઉજવળ તેહ ॥૯॥

રૂપાથાળ ભરાવીએ રસોઈ બત્રીસી સાર,
વિધિ વિધિએ નિત્ય કીજીએ અમૃત ભોજન સાર ॥૧૦॥

શાક સારાં તેત્રીસનાં તે જમે ત્રિભોવન રાય,
બ્રહ્મા વિષ્ણુ ને ઈશ્વર કહીએ તે એક કળા કહેવાય ॥૧૧॥

બ્રહ્મા પાટ બેસાડીયા તે ભાવ કરી ભગવાન,
નર કળા નરનાથની તે, જાણે સરજનહાર ॥૧૨॥

ભાવ કરી પોતે જમે મુખવાસ પાન પ્રકાશ,
મુનિવર મારા મલપતા તે સૌને સ્વર્ગની આશ ॥૧૩॥

અગર ચંદનના છાંટણાં, અત્તર સુગંધી સાર,
કળશ કમળને અરચીયેતોહરખે દેવ મોરાર ॥૧૪॥

છાંટ લેવી સૂરતા રાખી, તો ગૂનો કરાવોને ત્યાગ,
આજ વેળામાં બક્ષશે **બાવા બુદ્દરદીન** મહારાજ ॥૧૫॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૬૬

આવ્યા આવ્યા નિરંજન અવતાર,
આદે હતા તે અંતે આવીયા હોજી ॥૧॥
પ્રગટ ખેલે જંબુદીપ મોજાર,
જાહેર વેદ ભણાવીયા હોજી ॥૨॥
સંચા વિના શું કરે સંસાર,
પ્રગટ દેખે ને નવ પારખે હોજી ॥૩॥
એવા અટપટા છે રામજી ના રંગ,
ઢંગ કરે રે ધણી અવનવા હોજી ॥૪॥

ચારે જુગે ચકફદે છે વાત,
ભાગ પડયારે ત્રણ તે સમે હોજી ॥૫॥

કર્તા જુગમાં પંદર કરોડ,
ભાગ પડ્યારે ત્રણ તે સમે હોજી ॥૬॥

પાંચ કરોડી સીધ્યા પ્રહલાદ સાથ,
પાંચ કરોડી દોજખ વહી ગયા હોજી ॥૭॥

પાંચ કરોડી કાચા પાકા જેહ,
ત્રેતા ના ભરણમાં તેમને ઓરીયા હોજી ॥૮॥

ત્રેતાજુગના એકવીસ કરોડ,
ભાગ પડ્યારે ત્રણ તે સમે હોજી ॥૯॥

સાત કરોડી સીધ્યા હરિચંદ્ર સાથ,
સાત કરોડી દોજખ વહી ગયા હોજી ॥૧૦॥

સાત કરોડી કાચા પાકા જેહ,
દ્વાપરના ભરણમાં તેમને ઓરીયા હોજી ॥૧૧॥

દ્રાપર કેરા સત્તાવીસ કરોડ,
ભાગ પાડ્યા રે ત્રણ તે સમે હોજી ॥૧૨॥

નવ કરોડી સીધ્યા પાંડવ સાથ,
નવ કરોડી દોજખ વહી ગયા હોજી ॥૧૩॥

નવ કરોડી કાચા પાકા જેહ,
કળિયુગના ભરણમાં તેમને ઓરીયા હોજી ॥૧૪॥

કળિયુગ કેરા છત્રીસ કરોડ,
ભાગ પડ્યારે ત્રણતે સમે હોજી ॥૧૫॥

બાર કરોડી સીધ્યા ગોર સહદેવ સાથ,
બાર કરોડી દોજખ વહી ગયા હોજી ॥૧૬॥

બાર કરોડી કાચા પાકા જેહ,
અનંતના ભરણમાં તેમને ઓરીયા હોજી ॥૧૭॥

અનંતમાં તો બે ભાગ છે વાત,
સ્વર્ગ નર્ક પણ આવાગવન નહિ હોજી ॥૧૮॥

બ્રહ્મ કળાએ ઝૂરે છે સતગોર,
રૂદન કરે રે બ્રહ્મા માવડી હોજી ॥૧૯॥

માતાને જેમ અંતર વહાલાં બાળ,
ગોરને વહાલા રે મુનિવર અતિઘણા હેજી ॥૨૦॥

બોલ્યાં મીરાં **સૈયદ શરીફ**,
આજના ભૂલ્યાનો ઠામ કાંઈ નથી હોજી ॥૨૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : ગરબી : ૬૭

કોઈ જાણે જે નંદનો કુંવર, કોઈ જાણે કિરતાર રે,
કોઈ જાણે જે વૈકુંઠવાસી કોઈના લહે એમના પાર,
જુવો એમની ભૂલવણી,
ભૂલવણીમાં ભૂલ્યા જેહ અંતે કોણ ધણી ॥૧॥

ખેલ કર્યાને ખેલ રચાવ્યા ગોપી સાથે રંગ રે,
દહીં માખણના ચોર થઈને, દૈત્યકર્યા નિર્ભંગ,
જુવો એમની ભૂલવણી ॥૨॥

વૃદાંવનમાં ગાયોચારી થઈ બેઠા ગોવાળ રે,
માસી પુતનાના પ્રાણ જ શોષ્યા, એવા નાના બાળ,
જુવો એમની ભૂલવણી ॥૩॥

ગોવર્ધન પર્વત હાથે તોળ્યો સૌને રાખ્યા માંહીરે,
કોઈના જાણે ગતિ હમારી, એવા છે જુગ માંહી,
જુવો એમની ભૂલવણી ॥૪॥

વાસુદેવને કહે ઊઠો, નાશો, અમને લઈ આજ રે,
ગોકુળમાં ગૌચારી રહે છે નંદ જશોદા માત,
જુવો એમની ભૂલવણી ॥૫॥

ચૌદ ભુવન મુખમાં દેખાડ્યાં, નંદ જશોદા કહાંનરે,
એવા સ્વામી હાજર હોશે, તેની કોઈના જાણે વાત,
જુવો એમની ભૂલવણી ॥૬॥

છાંના રહીને છેતર્યાને બ્રાહ્મણ ઋષિ રાયરે,
કરી રસોઈ અભડાવી પોતે, માતા આવી સહાય,
જૂવો એમની ભૂલવણી ॥૭॥

જદુપતિ થઈ જુગમાં કહાવ્યા, થઈ બેઠાં ગોવાળ રે,
મહી માખણનાં દાણ લીધાં, એવા નાના બાળ,
જૂવો એમની ભૂલવણી ॥૮॥

જાહેર થઈને જુધ્ધ કર્યાને, દૈત્ય નિકંદન કીધારે,
દેવ કેરાં વેર લેવા, મામાને પટકી દીધા,
જુવો એમની ભૂલવણી ॥૯॥

જોષી થઈ જજમાન કીધા, હયલોચનને તાંહે રે,
કપટ પિંજરમાં તેને દીધા, એવા છે જુગ માંહી,
જૂવો એમની ભૂલવણી ॥૧૦॥

કહે **બુદ્દરદીન** જુવો વિચારી, એવા મોહન આજ રે,
તેમને ઓળખી આજ આરાધો, રાખે તમારી લાજ,
જુવો એમની ભૂલવણી, ભૂલવણીમાં ભૂલ્યાં ॥૧૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *૬૮*

સતગોર કહે મુનિવર સાંભળો, સત્ય વાચા જો પાળો રે ॥૧॥
કોલ કર્યા તે પૂરા કરો, દસુંદ રસુંદ જો આપો રે ॥૨॥
ભોજન દાન દીજે ભાવશું, દેવે પ્રસાદી દીજે રે ॥૩॥
વરત કરો રે વારા તણાં, જીવનાં કારજ સીધે રે ॥૪॥
ક્રિયા આચાર પાળો પ્રેમશું, ત્યારે ગુણવંતા થાશો રે ॥૫॥
નમી નમી નમણી કરો, મારા ધરમી તે ભાઈ રે ॥૬॥
પરસ્ત્રીથી રહેજો વેગળા, ત્યારે જપતપ ફળશે રે ॥૭॥
છ એ વખત બંદગી કરો, વેળા ખાલીના જાય રે ॥૮॥
ખાલી થશે તો ખોટો અતિધણી, તમને કહે કિરતાર રે ॥૯॥
સંસારની માયા પરહરી, ધરમી ધ્યાનમાં રહેજો રે ॥૧૦॥
જૂઠ ચોરીથી રહેજો વેગળા, ત્યારે લાભ જ લેશો રે ॥૧૧॥
દેવ દર્શને નિત્યે જાવું, રખે રહી નવ જાતા રે ॥૧૨॥

મધ સુધી જાગરણ કરીયે, સ્મરણ જ્ઞાન જો ભણીયે રે ॥૧૩॥

પાછલી ખટઘડીએ જાગીએ, સુકરીત સ્મરણ કરીએ રે ॥૧૪॥

નિંદા લવરીથી રહેજો વેગળા, સુખે અમરમાં ફરીએ રે ॥૧૫॥

જ્ઞાન ગીતા નિત્ય સાંભળો, હૃદય નિર્મળ કરીએ રે ॥૧૬॥

કાળ ક્રોધ નવ કીજીયે, તેથી જપ તપ હારો રે ॥૧૭॥

લોભ લલુતાને વારીએ, ત્યારે ગુણવંતા થઈએરે ॥૧૮॥

બોલ્યા સતગોર બાવા બેલડી, **બાળકશાહ** નર નાથ રે ॥૧૯॥

વચન પ્રમાણે જે ચાલશે, તેમના છે વૈકુંઠ વાસ રે ॥૨૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૬૯

ધન્ય ધન્ય રે આજ જનમ તમારો,
જન્મ તમારો, તો મળીયા છે મહાવ મોરારીજી ॥૧॥

કળિજુગ વારે માણસ દેહા,
માણસ દેહા, તો પ્રગટ ત્રીભોવન ધારીજી ॥૨॥

કરોરે કમાઈ અમર કરો કરણી,
અમર કરો કરણી, તો ગુણ લાવો જેમ ધરણીજી ॥૩॥

મળી મળી ચાલો આ જુગમાંહી,
આજુગ માંહી, તો સતપંથી રે અમારાજી ॥૪॥

આપે મુવા તે અમર ગઢ પહોંચ્યા,
અમરગઢ પહોંચ્યા, તો નિર્મળ નામની સગાઈ એજી ॥૫॥

એવા રમો તમે પ્રગટ પંથે,
પ્રગટ પંથે, તો કામ કરો રે કરારી જી ॥૬॥

દેવે મળ્યા તો દેવગુણ લીજે,
દેવગુણ લીજે, તો બીજી વાતો નવ કીજેજી ॥૭॥

સ્વર્ગ ભૂવન તમે આજ સંભાળો,
આજ સંભાળો, તો છેલ્લો છે જનમ તમારોજી ॥૮॥

કાળ ક્રોધને છળભેદ મેલો,
છળભેદ મેલો, તે ઝીણા થઈને ગતમાંભળજોજી ॥૯॥

નિર્મળ નીર નદીનાં સરીખા,
નદીના સરીખાં, તો એવા થઈને તમે ચાલોજી ॥૧૦॥

અમીએ અમીરસ ભણે ગોર શરીફદીન,
ભણે **ગોર શરીફદીન,** તોઅમરગઢમાંમહાલોજી ॥૧૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : કારતક માસનું ઘોળ : ૭૦

કારતક માસે કરો સ્નેહા, કહે કાયમ કિરતારજી ॥૧॥

કંચન ક્રિયા પાળશો તો ઉતરશો ભવપારજી ॥૨॥

પ્રથમ પહેલી પેર કરજો સ્વામીની સંભાળજી ॥૩॥

જેણે રચના કીધી અવનવીને ભગત પ્રતિ પાળજી ॥૪॥

તે તો આજ સમેરંગ ભરીને ખેલે મહાવ મોરારજી ॥૫॥

એતો મનની મોરાતબો આપશે ॥૫॥

તમે કસ કરો નિરધારજી ॥૬॥

કમર બાંધીને કામ કરશો, તો ઉતરશો ભવપારજી ॥૭॥

કારતક માસે કાનજી કહે, વેદનો વિસ્તારજી ॥૮॥

સંખ્યાતો સઘળી પુરી થશે, જાગે નકલંકી કિરતારજી ॥૯॥

તેમનાં નામ તો નવખંડે થાશે, જયજય કાર વરતાયજી ॥૧૦॥

એતો દુનિયાના દુઃખ ટાળશે, સુખ સરવને થાયજી ॥૧૧॥

કારતક કેરા ઘોળ બોલ્યા આપે **બુદ્દરદીન** નાથજી ॥૧૨॥

• • •

શ્રી સતગોર સંહદેવ વાચા : માગશર માસનું ઘોળ : ૭૧

માગશરે મન મનાવશે, આપે સ્વામીજી કિરતાર રે ॥૧॥

સુખ આપેરે સવાલાખનાં,ખાવાં તો ખુદરતી સમાર રે ॥૨॥

લીલા તે રંગ શા કહું શોભા તો વરણવીના જાય રે ॥૩॥

તેમને ઓળખી ને પરમાણ જો, ઉત્તમ ધરજો ને ભાવ રે ॥૪॥

દાન પૂણ્ય દક્ષિણા આપીએ, બીજોતો ભજન તણો ભંડાર રે ॥૫॥

એકે મને આરાધીએ, તો કાંઈ ગણતાં ના આવે પાર રે ॥૬॥

ચિત્ત ચરણે તમે રાખજો મારા તે યાર રે ॥૭॥

હેતે પ્રિતે હરિને જો ગાવો, ત્યારે તેથી પડશો પાર રે ॥૮॥

પંડ તમારાને પારખો, જો આવ્યા છે આપે નર કિરતાર રે ॥૯॥

સાંભળો તો સારી વાતડી, મુનિવરો હાજર છું અવતાર રે ॥૧૦॥

પીર બુદ્દરદીન બોલીયા માસ તો માગશરના સમાર રે ॥૧૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા **: પોષ માસનું ધોળ :** ૭૨

પોષ માસે પ્રિત કરો પીયું તણી રે,
ઉલટ રાખો હરખ અપાર,
વાજીંતર ઘોળ ધમધમે રે ॥૧॥

સહેજે શિયાળો જોતાં વહી જસે રે,
નવ કીધાં પંડ પોતાના પ્યાર,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૨॥

એવી રીતે જાણો સરવે કારમું રે,
જોતાં જોતાં વહી જાશે દન,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૩॥

પડચું રહ્યું ને પલકમાં નીસરે રે,
પછી આવ્યા પસ્તાવાના દન,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૪॥

કાળ આવ્યોને જોતા લઈ જશે રે,
પછી સરવે રહ્યું ઠામોઠામ,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૫॥

માતા પિતા નારી સાથે સ્નેહ ઘણો રે,
પુત્ર પુત્રી પડી રહ્યો પરિવાર,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૬॥

નાતજાતની મોટમ અહિં રહી રે,
પણ સાથે નહિ કોઈ નિરધાર,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૭॥

આગળ થયારે બે જણા બળ કરી રે,
ધરમ પાપ ધબળઘોરી સાથ,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૮॥

શાખ દેવાને સાથે આવે ત્યાં લગી રે,
બીજી સરવે અહિંની જંજાળ,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૯॥

પીર બુદરદીન પ્રેમે બોલીયા રે,
ઘોળના આવ્યા ધમધમ કાર,
વાજીંતર ઘોળ ધમ ધમે રે ॥૧૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *: મહા માસનું ઘોળ :* *૭૩*

મહારે મહિનાની રે વાતડી, ચાલ્યા શિયાળાના દન રે,
સ્વામીજી તમને વિનવે ॥૧॥

ભજન કરોરે તમે ભાવશું, દાન કરો તો દરિદ્ર જાય રે,
સ્વામીજી તમને વિનવે ॥૨॥

કસ કરો તો ક્રિયા અવનવી, કાયાના તોડો રે તન રે,
સ્વામીજી તમને વિનવે ॥૩॥

અંતર ધોઈને અજવાળીએ, મનડાંતો પૂનમ કેરાં ચંદ રે,
સ્વામીજી તમને વિનવે ॥૪॥

દર્પણ જેવા રે નિર્મળા-એવા થઈને રહેજો રે,
સ્વામીજી તમને વિનવે ॥૫॥

મેલ રાખો તો ઝાંખા મહીં પડો, તે તો અમારે નહિ મનરે,
સ્વામીજી તમને વિનવે ॥૬॥

હાલ ગુંજારી હીડો હેતસું નીત આવો દેવને દરબાર રે,
સ્વામીજી તમને વિનવે ॥૭॥

ઝીણા થઈને નૂર જેવા, ત્યારે તો અમરમાં સમાવ રે,
સ્વામીજી તમને વિનવે ॥૮॥

નિર્મળ થઈને ચાલજો, પાણીથી પાતળા થાવરે,
સ્વામીજી તમને વિનવે ॥૯॥

એવી શિખામણ પાળજો, તો કંચન સોના સરખા થાવો રે,
સ્વામીજી તમને વિનવે ॥૧૦॥

ગોર બ્રહ્મા પાસે આવીયા, ધોળ બોલ્યાના આવ્યા દાવ રે,
સ્વામીજી તમને વિનવે ॥૧૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *: ફાગણ માસનું ધોળ :* *૭૪*

ફાગણ માસતો આવીયો રે ફળ વેળાનો દન,
હરિ સાથે હેતે રમો રે, પ્રસન્ન થાયે જુગજીવન,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૧॥

અબીલ ગુલાલ ઉડાડીએરે, ભરઝોળી ગરકાવ,
સંગે શોભીએ અવનવારે, એવા આજ મુનિવર થાવ,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૨॥

રૂખમાંગદ અમરિષ જેવા, ધ્રુવ પ્રહલાદની શાખ,
રહોગુણ રાજા સિધ્ધ થયા રે, કમલ રોહોએ કીધાં રે કાજ,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૩॥

હરિચંદ્ર સરખા હોંશિયા રે, પાંડવ પાંચે વીર,
ઓધવ અકરૂડ અવનવારે, વિદૂર સુદામા સરખા સધીર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૪॥

એવા થાજો આસમેરે, વેળા આવી વીર,
સાથી કરવા સાથના રે, માટે સમજાવી કહે છે પીર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૫॥

કહ્યાં કરો તો કારમાં રે, દન જોતાં જાય,
ફાગણની રીત ફરી જશે રે, આવો વસંત ફરી નહિ આવે,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૬॥

તે માટે તમને કહું રે, કમાઈ કરો આજદન,
પણ શમણાં બાજી વહી જશે રે, પછી પસ્તાવું જનમો જનમ,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૭॥

સગાઈ માટે તમને કહું છું જો સાચવો સરદાર,
પણ અમરનાં સુખ દોહલ્યાં રે, કમાઈ વિના પસ્તાવું અપાર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૮॥

સુખ નહિ સત વિનારે, દુઃખ છે ત્યાં અપાર,
કર્યું તેવું પામશો રે, દેખી પસ્તાવું અપાર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૯॥

હાથ ઘસોને હૈયાં કૂટો, નયને ચાલે નીર,
પછી તે દન કરશો ઓરતા રે, માટે આજ કરો કહે છે પીર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૧૦॥

કંઈક કીજે કંઈક લીજે, કંઈક કરોતો સાર,
પણ ચોઘડિયાનું ચોખઠું રે, તેમાં તરવો આસંસાર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૧૧॥

પરોણાગતે આવીયા રે, જવાના ઉચાટ
પણ રહેવાનો નથી આશરો રે, તેમાં માંડી બેઠાં શું હાટ,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૧૨॥

ઉઠાંતરી હવે કરો રે, સમી સાંજ સમાર,
રાત પડી રવિ ઉઠીયા રે, જુઓ તો ખજાનો નહિ લગાર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૧૩॥

એવી માયા કારમી રે, ઠગારો સંસાર,
પણ સાંઈ તમે એકઠારે, પછે એકલડા નિરધાર,
સ્વામીજી પરણે વસમ કુમારીરે ॥૧૪॥

પીર બુદરદીન બોલીયારે, ધોળના ધમધમ કાર,
પડછંદા વાગે પીરના રે, હવે જાગે તે નર કિરતાર,
સ્વામીજી પરણે વસમ કુમારી રે ॥૧૫॥

● ● ●

ચૈત્ર માસે ચમકારા પુરા, અજવાળાં અપારજી ॥૧॥

હવે રહેણી રજની શોભા સારી, પરણશે કિરતારજી ॥૨॥

હવે ચૈત્ર માસ સોહામણોને રૂડો છે અગાજજી ॥૩॥

એ શુક્લ પક્ષને પૂનમે ઉઘલશે મધરાતેજી ॥૪॥

ત્યાં ચાર જુગના દેવ મલશે, સરવ ઋષિનો સાથજી ॥૫॥

ત્યાં કરણ કલફના આવશે, તે તો તમારા યારજી ॥૬॥

ત્યાં વસમ સાથે વર પરણશે ઉગમતે પ્રભાતજી ॥૭॥

ત્યાં મંગળ ગાશે માનુનીને માનવી, તેની શોભાનો નહિ પારજી ॥૮॥

ત્યાં મોટ મોટેરા ગાય છે, ગુણવંત જ્ઞાનજી ॥૯॥

જે આજની નારી સત કમાશે, તે છે ત્યાં સરદારજી ॥૧૦॥

તે શાહની સાથે પ્રેમ સ્નેહે ગાયે છે ગરકાવજી ॥૧૧॥

શોભતા શણગાર પહેર્યા તેણે લખ્યા કથ્યા નવ જાયજી॥૧૨॥

માટે વર્ણન કરતાં પાર ન આવે, સંક્ષેપે કહે શાહોજી ॥૧૩॥

એ ઘોળ પાસે રહીને બોલ્યા, લખાવે **બુદ્દરદીન** શાહોજી ॥૧૪॥

● ● ●

વૈશાખે મોરારી છે વનવાડી રે ॥૧॥
ખુદરત મુનિવરને દેખાડી રે ॥૨॥
હરખે હીરા પરખોને પૂરારે ॥૩॥
જેને હાજર મલ્યા હજૂરા રે ॥૪॥
તેના તો દુઃખડા જાશે દૂર રે ॥૫॥
જેણે હરખી પીધાં નૂર રે ॥૬॥
તે તો જઈ મલ્યા હજૂરી રે ॥૭॥
તેણે તો પાવન પુરુષની પ્રીતો જાણી રે ॥૮॥
તેને તો અંતરિક્ષની થઈ વાણી રે ॥૯॥
હુરાં તો પ્રેમ સ્નેહે લખાણી રે ॥૧૦॥
જે કોઈ તજશે તરીયા જાણી રે ॥૧૧॥
જેણે ના ઓળખ્યા સારંગ પ્રાણી રે ॥૧૨॥
તેના તો તરીયા જાણ્યા છે ધૂળધાણી રે ॥૧૩॥
સબંધ રાખ્યો સતગોર જાણી રે ॥૧૪॥
તે થયા મુજ બરાબર પ્રાણી રે ॥૧૫॥
દુલવદુઃખીની વાતો સમાણી રે ॥૧૬॥
તે નહિ દુઃખીયા દુલવ પ્રાણી રે ॥૧૭॥
તેણે અમારા ઘરની વાતો જાણી રે ॥૧૮॥

તે ગયા ભિસ્તે હકીકત માની રે ॥૧૯॥
એ કહે કાયમ કિરતાર રે ॥૨૦॥
કાંઈ એક વાતો અપરંમ પાર રે ॥૨૧॥
કહેતાં દન ગયા જુગ ચાર રે ॥૨૨॥
એ ધોળ બોલ્યા **બુદરદીન** કિરતાર રે ॥૨૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : જેઠ માસનું ધોળ : ૭૭

સ્વામી જેઠ માસ રે જુગજીવન,
પ્રિત પુરીને પરખોને આજ,
નયન ભરીને નિરખીએ ॥૧॥
શોભા શાહની તો શી કહું અવનવી રે,
રૂપદીસે કોટી ઉગ્યા ભાણ,
નયન ભરીને નિરખીએ ॥૨॥
હરિને અંગે ઘરેણું રે અવનવું,
કોટે પહેરી મોતીની માળા,
નયન ભરીને નિરખીએ ॥૩॥
હરિને જડિત્ર બાજુબંધ બેરખા,
પાંચી ઘાલી પરિબ્રહ્મનાથ,
નયન ભરીને નિરખીએ ॥૪॥

હરિને કોટે હાર હીરા જડ્યા,
હરિનો કંદોરો કમળની ભાત,
નયન ભરીને નિરખીએ ॥૫॥
હરિને કાને તે કુંડળ શોભતાં,
હરિને દસ આંગળીએ જડાવ,
નયન ભરીને નિરખીએ ॥૬॥
હરિએ પહેરણ પહેર્યા રે અવનવાં,
સરબંધ સાજ અપાર,
નયન ભરીને નિરખીએ ॥૭॥
હરિને નવધારું નવખંડનું,
તેમાં જડિયાં છે ચૌદ ભુવન બ્રહ્માંડ,
નયન ભરીને નિરખીએ ॥૮॥
હરિએ વાઘો પહેર્યો વર વિઠ્ઠલે,
હરિએ ઓઢી છે આછી સાલ,
નયન ભરીને નિરખીએ ॥૯॥
હરિને પાયે પીરૂજીરે મોજડી,
તેમાં હીરા જડિત્ર જડાવ,
નયન ભરીને નિરખીએ ॥૧૦॥
હરિએ પહેરી ઈજાર અવનવી,
હરિને સૂરવાલની શોભા સાર,
નયન ભરીને નિરખીએ ॥૧૧॥

હરિએ તીલક કર્યા ત્રીલોકનાં,
આંખ આંજી અલખનર નાથ,
નયન ભરીને નિરખીએ ॥૧૨॥

હરિને કમરકડાં કાંઈ જુગનાં,
પટકૂળ પીછોડી સાર,
નયન ભરીને નિરખીએ ॥૧૩॥

હરિને ચાર આયુધ ચતુર્ભુજ તણાં,
શંખ ચક્ર ગદા પદ્મ સાર,
નયન ભરીને નિરખીએ ॥૧૪॥

હરિને બીજી શોભા અતિઘણી,
તેનો લખતાં ના આવે પાર,
નયન ભરીને નિરખીએ ॥૧૫॥

હરિ લેશે નવધારૂ રે હાથમાં,
તે તો નકલંકી કિરતાર,
નયન ભરીને નિરખીએ ॥૧૬॥

હરિને અનંત કલા તેજ અતિઘણું,
સામું કોઈથી ના જોવાય,
નયન ભરીને નિરખીએ ॥૧૭॥

એવી શોભાએ વરવાને આવશે,
વસમ કુંવારી કાજ,
નયન ભરીને નિરખીએ ॥૧૮॥

ત્યારે મેંદીને માંન તો બહુ થશે,
રાજ ઋષિઓને અપાય,
નયન ભરીને નિરખીએ ॥૧૯॥

એવી લીલા લલિતા રે અતિઘણી,
ચાલે વરસ સવાલાખ સાર,
નયન ભરીને નિરખીએ ॥૨૦॥

વળતી મહાદન આવી ઊભા રહ્યાં,
તેમાં સરવેનાં સત્ જોવાય,
નયન ભરીને નિરખીએ ॥૨૧॥

ત્યાં તો ગૂનેગારને પૂછણું,
રૂડાં ઋષિઓને છત્તાર ઢળાય,
નયન ભરીને નિરખીએ ॥૨૨॥

એ તો પીર **બુદરદીન** બોલીયા,
ધોળ ગાયે ગજંદર રાય,
નયન ભરીને નિરખીએ ॥૨૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : અષાઢ માસનું ધોળ : ૭૮

અષાઢ અમરત ઉલટ્યાંને અરસના અગાજ,
ચેતી ચાલો માહેરા હવે નવખંડ જય જય કાર ॥૧॥

મેઘા વૃષ્ટિ થાય એટલે હરખ સરવને થાય,
પાણી વરસેને પાવન થાય તો, જશ દુનિયામાં કહેવાય ॥૨॥

એવા પ્રેમ કરો મુનિવરો તમે આ વેળાના ભાવ,
મન રાખી ખેલશો તો સુખે અમર જાય ॥૩॥

ત્રણેથી તૂટી ગયાં, અને ચોથે મલીયા આજ,
આજ ના ભૂલ્યા જીવડા હવે ફરી નહિ આવે દાવ ॥૪॥

દર્શન વેળા વહી ગઈ ને ફરી આવ્યા તે ફોગ,
આપનારા ઊઠી ગયા, વળતી ફાંસુ રહ્યા સહું લોક ॥૫॥

એવો સંસાર આજ છે અને કહે કાયમ કિરતાર,
ઓચિંતા પ્રગટ થશે ત્યારે પસ્તાવાની જાગ ॥૬॥

પેટે પ્રજા થઈ ખરી ત્યારે હરખ્યાં નર ને નાર,
આવી અલોપ થયો ત્યારે જોઈ રહ્યો સંસાર ॥૭॥

આ દુનિયા જૂઠી જાણજો, રહ્યો ઊંધો રે વાસ,
ભરોસો ના રાખશો, હવે મુનિવર મારા દાસ ॥૮॥

કાલે કળિયુગ થઈ રહ્યો, અને પુરણ વેળા કા ભાવ,
પ્રગટ પોતે આવશે, તે આપે **બુદરદીન** શાહો ॥૯॥

પશ્રિમથી પ્રગટ થશે અને ભૂમિનો ઉતારે ભાર,
કાળિંગાને છેદશે તે આપે નર કિરતાર ॥૧૦॥

સૈન્ય મલશે એકઠાં અને સામસામા અપાર,
ગણ્યાનો તો પાર નહિ, તેનો સંક્ષેપ કહ્યો નવ જાય ॥૧૧॥

મહાદન આવે દોડતાં, જેમ પુરણ પાણીએ જોય,
એવી રીતે આવશે વીરા, તેમાં નહિ સંદેહ ॥૧૨॥

કોઈજાણે વાર છે,કોઈ ઊંઘ્યા એળે જાય,
જે આળશુ ભક્તિ તણા, તે ભૂલી ગયા ભેકાર ।।૧૩।।

દેવ દર્શન નવ કર્યા, અને સ્નેહ ન રાખ્યા સાર,
આળશ કરી અળગા રહ્યા, તેને ભૂલાવી છે જાગ ।।૧૪।।

નીત દર્શન જઈ કરે, અને ચૂકે નહિ એક વાર,
તે મુનિવર જાણશે મધરાતના સમાર ।।૧૫।।

એ હકીકત અવનવી, અને લખી કહે કિરતાર,
ચેતનવાલા ચેતજો, હવે નહિ વાર લગાર ।।૧૬।।

પીર **બુદરદીન** બોલીયા, અરસના અગાજ,
ફાલે ફાલ સમજાવીયો હવે ચેતો ચેતનહાર ।।૧૭।।

• • •

શ્રી સતગોર સહદેવ વાચા : શ્રાવણ માસનું ઘોળ : ૭૯

શ્રાવણ માસની વારતા સંક્ષેપે સાંભળો રે ।।૧।।
પ્રિત કરો તો આજ, મુનિવર મન ધરો રે ।।૨।।
સઘળા મળ્યા છે વિચાર, હવે તે તો કરો રે ।।૩।।
રઢિયાળાની સાથ રહેવાનું મન ઘરો રે ।।૪।।
શ્રાવણ સારો માસ તમે તો પૂણ્ય કરો રે ।।૫।।
લાલચ મેલો ને લાવ, તમો તો ધ્યાન ધરો રે ।।૬।।
સરવે દુનિયાંનો મહિમાએ, મુનિવર તેતો વરત કરો રે ।।૭।।
તેમાં શ્રાવણ માસ, સરવે વરત રોજ કરો રે ।।૮।।

પૂણ્ય પદારથ સાર, તમે તો પૂણ્ય કરો રે ॥૯॥
ભજન સ્મરણના દાન ભુદરજી જાળવે રે ॥૧૦॥
તે તો કરો એકે મન, ત્રિકમજી તારવે રે ॥૧૧॥
ભાળે ભાવે નથી વાત, ભાંમાના રાખશો રે ॥૧૨॥
વરત વિના વાડ, વિઠ્ઠલ કેમ રાખશે રે ॥૧૩॥
કસ કરો કસણી સાર, કાયમજી જાળવે રે ॥૧૪॥
ખેતર રાખો વાડ કે, પિયુજી સત મળ્યા રે ॥૧૫॥
ભજન વેળાના ભાર, ઉપાડી જેવા પડ્યા રે ॥૧૬॥
બોલ્યા **બુદરદીન** સાર કે, અમને તે તો મળ્યા રે ॥૧૭॥
જ્ઞાનના ઝાલ્યા સવાલ કે માટી જેવા ગળ્યા રે ॥૧૮॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : ભાદરવા માસનું ઘોળ : ૮૦

ભાદરવાની વાતો વીરા સાંભળો રે,
ગર્જના તો કરે છે અપાર, આરબી દળ ઉલટ્યાં રે ॥૧॥

ગાજે વીજે રે ગુણવંતા જ્ઞાનમાં રે,
મેઘમંડળ મન માન્યા થાય, આરબી દળ ઉલટ્યાં રે ॥૨॥

ચાર દિશાએ વાતો વહી ગઈ રે,
તાપ તો તપે છે લેલાટ રે,આરબી દળ ઉલટ્યાં રે ॥૩॥

સોળ કળાએ ઉગ્યા શોભતા રે,
અનંતરૂપી અલખ નર કિરતાર,આરબી દળ ઉલટ્યાં રે ॥૪॥

પશ્ચિમ પીરાણે આવશે રે,
મૂળ સ્થાને દેશે મુકામ,આરબી દળ ઉલટ્યાં રે ॥૫॥

પડછંદા વાગે પેર પેરના રે,
ત્રણ ભોવન ત્રંબાળું ના નાદ,આરબી દળ ઉલટ્યાં રે ॥૬॥

ગુજરખંડમાં ગરકાવ પૂરો થશે રે,
જે જગ્યાએ માંડ્યાં છે મંડાણ, આરબી ॥૭॥

પ્રભાતે પરખો પરિબ્રહ્મ ને રે,
તે તો ચાલે ગત ગંગાની માંહે,આરબી દળ ઉલટ્યાં રે ॥૮॥

તેમાં તો તજવીજ વીરા રાખજો રે,
તે તો થાશે સૈન્યના સરદાર,આરબી દળ ઉલટ્યાં રે ॥૯॥

મીઠાં વચન પાળો મહાવનાં રે,
ગુણ રાખો માટી જેવા આજ,આરબી દળ ઉલટ્યાં રે ॥૧૦॥

તેવા રૂખેસર આજ અમને ગમે રે,
તેની ઉપર મહેર કરે મહારાજ,આરબી દળ ઉલટ્યાં રે॥૧૧॥

ગોર **બુદરદીન** બોલ્યા પ્રેમ શું રે,
પરઉપકારી આવ્યા નિરધાર,આરબી દળ ઉલટ્યાં રે ॥૧૨॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : આસો માસનું ધોળ : ૮૧

આસો એ તો અમૃત વાણી, અંતરિક્ષની થાયે રે,
ઉગમ હુવા રે સરવે સાથનેજી ॥૧॥

દશેરા તો દલથી કરીએ, દીપક છે દિવાળી રે,
તો કરીએ કાયમ સાથે કરધરીજી ॥૨॥

હરખ સાથે આદર કરીએ, જેમ દિવાળીનાં દન રે,
એવો પ્રેમ રાખી ખેલીએ જી ॥૩॥

પ્રેમવિના તો પ્રિતો નહિ, નહિ આદરને માંન રે,
નહિ નિરખ્યા રે નયણે નાથનેજી ॥૪॥

આસો ના તો ઓરતા રે, કોઈને રહેશે મન રે,
આનંદ દિવાળી નવ મહાલિયાજી ॥૫॥

કંઈક કરે પસ્તાવા મનમાં, શ્યામ વિના સુખ નહિ રે,
દોલત દુનિયાની છે કારમીજી ॥૬॥

જેમ દિવાળીનાદન વહી જશે, વળતી તે પસ્તાશે રે,
એમ દેવના મળ્યાને દોલત વહી ગઈજી ॥૭॥

વળતી જુઓ વાત વિચારી, આગળનો ઉઘારો રે,
તો હાજર ઓળખીપીંડળ પાળીએ રે, ॥૮॥

આપણી કાયા કારમી રે, તે પડતાં ના લાગે વાર રે,
કોલ કર્યો રે કાયમ નહિ ઓળખિયાજી ॥૯॥

કાલ કહેતાં કાળ આવે, આજ અપાર રે,
શોધ કરો રે સાબૂત સર ઘણીજી ॥૧૦॥

આ ઘરમાં વાસ તમારો, તું છે ત્યાં સુધી સંસાર રે,
વળતી સરવે વેગળાજી ॥૧૧॥

માટે તમે આજ ચેતો ખોટે નવ રાચો રે,
રંગ પતંગ જોતાં મેલી જશેજી ॥૧૨॥

જે રંગે રસ ભારતાં, તેની વાતો કેવી રે,
તે ઉતરી ના જાયે અનંત જુગ લગીજી ॥૧૩॥

પતંગ કસુંબો કળિજુગ કેરો, તે રંગ દુનિયા કેરો રે,
તે ઉતરી જાયે રે અલ્પ આ સમેજી ॥૧૪॥

રંગ મજીઠનો જેને લાગ્યો, તે જઈ પડીયા પાર રે,
તે વૈકુંઠ પહોંચ્યાને દીધાં વધામણાંજી ॥૧૫॥

તમને મળીયા આજ વેળા, તેને કીધાં ભેળાં રે,
જ્યાં સાથ મળ્યો રે દેવલોકનો જી ॥૧૬॥

એમ કરતાં એક સમે તે સરવે આવે આંહી રે,
તે રે દહાડે, નજરે દેખશોજી ॥૧૭॥

એવી વાતો આજ કહે છે, નાથ નરહરિ પોતે રે,
સરવેને દેખાડું હાજર પારખુંજી ॥૧૮॥

ધોળ બોલ્યા ધીમા રહીને, પીર **બુદ્દરદીન** નાથ રે,
ગર્જનાએ ગજંદર ડોલીયાજી ॥૧૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૮૨

સૂણો મુનિવરો સાચ કમાવોજી ॥૧॥
જૂઠ કાઢી તમે અમર થાવો જી ॥૨॥

અમર અરસથી કરો નિત્ય નેડાજી ॥૩॥
સ્નેહેથી નિર્ભય કીજે કમાઈજી ॥૪॥
દો મુખ કયું કર બોલો ભાઈજી ॥૫॥
દો મુખે દાવા દરિદ્ર આવેજી ॥૬॥
અમર જ્ઞાનકા ભેદના પાવેજી ॥૭॥
ભેદ લેજો રે ભીરૂ ભિસ્તકી કૂંચીજી ॥૮॥
કૂંચી લેકર તાળાં દલકા ખોલો જી ॥૯॥
ખોલો તાળાં દલ ઊઘડે કમાડજી ॥૧૦॥
ઉઘડે કમાડ તો માલ દેખાવેજી ॥૧૧॥
માલ આપે શમશેર અપરંમપારજી ॥૧૨॥
ગોર **બુદરદીન** ના ઝાલોને હાથજી ॥૧૩॥
સમજાવી કહે તમને વૈકુંઠ નાથજી ॥૧૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૮૩

સૂણો મુનિવરો પંચને વારોજી ॥૧॥
જ્ઞાન સૂણીને અરથ વિચારોજી ॥૨॥
અરથ વિચારો તો સાચું ચાલોજી ॥૩॥
સાચું ચાલો તો ભિસ્તમાં મહાલોજી ॥૪॥
સતપંથ ખાંડા ધારે ચાલોજી ॥૫॥
સાચ કમાઈને દસુંદ આપોજી ॥૬॥

સાચ વિના તો ધરમના હોયજી ॥૭॥
કૂડા અનાડી જૂઠા તરીયાના કોઈજી ॥૮॥
સતગોર જાંણો તો કૂડે ન રાચો કોઈજી ॥૯॥
આદ ઉનાદે તો એ પંથ સાચો જી ॥૧૦॥
સૈયદ શરીફ સવાઈ શાહ બોલ્યા જ્ઞાનજી ॥૧૧॥
આવ્યા આખર વેળામાં પીર ઈમામજી ॥૧૨॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૮૪

દેવકળાએ દેવ પધારેજી ॥૧॥
તેમનાં દરશન કરી પાવન થાશોજી ॥૨॥
અદલની રાહેથી દેવે જશોજી ॥૩॥
કાયમ કળાએ પ્રગટ બેઠાજી ॥૪॥
એમની આગળતો કજીયા કેસાજી ॥૫॥
કજીયા કરો તો કબુદ્ધિ આવેજી ॥૬॥
દેવનાં લહાંણ તેમનાં વહી જાશેજી ॥૭॥
જો મન મારીને ચાલો પંથેજી ॥૮॥
ત્યારે કબુલ કરે તમારા કંથજી ॥૯॥
માટે મમતની મેલોને વાતજી ॥૧૦॥
સમજાવી કહે તમને વૈકુંઠ નાથજી ॥૧૧॥
ગોર **બુદરદીન** ના ઝાલોને હાથજી ॥૧૨॥

● ● ●

તું તો રામજો રામજો રામજો રે.......

મચ્છ કચ્છ વહારા નરસિંહરામ,
વામન ફરસુરામ રાઘવ રાઘવ રામ,
તું તો રામજો રામજો ॥૧॥

કૃષ્ણ બુધ્ધ કલકી અવતાર,
ચારે જુગે એ ચરાચાર,
તું તો રામજો રામજો ॥૨॥

કર્તાજુગ ત્રેતા દ્વાપર માંહે,
કળજુગ દશ ધર્યા રૂપ તે ત્યાં,
તું તો રામજો રામજો ॥૩॥

ઋગ યજુર સાંમને અથર્વવેદ,
અવતાર પાત્ર ન સમજયો ભેદ,
તું તો રામજો રામજો ॥૪॥

ચાર ત્રણ બે ને એક અવતાર,
ચાર ભગતે ભજ્યા નર કિરતાર,
તું તો રામજો રામજો ॥૫॥

રૂખમાંદ અમરિષ ધ્રુવને પ્રહલાદ,
અનેક ભકત થયા આદ ઉનાદ,
તું તો રામજો રામજો ॥૬॥

અમરરોહો કમલરોહો હરિચંદ્રરાય,
તારા રોહીદાસ જુગ ત્રેતા માંહે,
તું તો રામજો રામજો ॥૭॥

ઓધવ અક્રુડ સહદેવ વિદુર સુદામા,
સિધ્યા પાંડવ દેવ,
તું તો રામજો રામજો ॥૮॥

કળિજુગમાં તો સંખ્યા નહિ,
પરગટ મળ્યા તે પામ્યા સહી,
તું તો રામજો રામજો ॥૯॥

કહે **નિરંજન** ચેતજોરે વીર,
આલે આલે એ ગોર પીર,
તું તો રામજો રામજો ॥૧૦॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા : ગરબી : ૮૯

સ્વામી સહેજે રમે સંસારમાં રે લોલ ॥૧॥
વેળા સમેતે રૂપ ધર્યાં કારમાંરે લોલ ॥૨॥
તે તો ઓળખી અલખને આરાધીયા રે લોલ ॥૩॥
તેનાં વખાણ છે વેદમાં રે લોલ ॥૪॥
જે સમજી જાશે ભેદમાં રે લોલ ॥૫॥
તેને મુક્તિ માહવજી આપશે રે લોલ ॥૬॥
તેનાં દુઃખ દરિદ્ર કાપશે રે લોલ ॥૭॥

જેણે સોહાગણ પહેર્યો છે શાહો ને રે લોલ ॥૮॥
તે તો થઈ રહ્યા છે મહાવના રે લોલ ॥૯॥
જેણે શંખ આણ્યો છે જોઈને રે લોલ ॥૧૦॥
તે તો આજ રહ્યા છે મોહી ને રે લોલ ॥૧૧॥
જેણે આખરમાં આરાધીયા રે લોલ ॥૧૨॥
તેના પરીયાં ઈકોતેરસો વાધીયા રે લોલ ॥૧૩॥
છંદ **બુદરદીન** ને લખાવીયા રે લોલ ॥૧૪॥
રાસ મંડળના ભેદ બતાવીયા રે લોલ ॥૧૫॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૮૭

સ્વામી સ્વામી રાજા આવશે, તે તો કરશે નવાઈ ॥૧॥
અટકની આંણ ભાગશે, તે તો આપ સવાઈ ॥૨॥
ચીનનો ચોર જગાડશે, ત્યારે થાશે નવાઈ ॥૩॥
ઈસ્માઈલ આંણ ફેરવશે, નવખંડે રે ભાઈ ॥૪॥
છત્રીસ પંથને તોડશે તેની થાશે ખરાબી ॥૫॥
છ દર્શન ભાગીને એક કરે, તે તો આપ સવાઈ ॥૬॥
રોતા ફરે રણવગડે, તેને સૂઝના આવે ॥૭॥
અમલ કરશે આકરાં, ખરાખરી અપાર ॥૮॥
કાચા મનના તૂટશે, તેની થાશે ભવાઈ ॥૯॥
સહાયતામાં સાગર ભેળશે, કમલા કરારી ॥૧૦॥

જેણેના જાણ્યા જુગપતિ, તેની ગઈ રે કમાઈ ॥૧૧॥
આશા તૂટી આંધળા, દોજગમાં રે ભાઈ ॥૧૨॥
પરમ સુખ જાણ્યા નહિ અક્કલ ભારે ઊંઘા ॥૧૩॥
બાર સદીમાં **બુદ્દરદીન** સમજાવીને કહે છે ॥૧૪॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા ૮૮

સતપંથમાંથી જાગશે, તે કરશે એકાકાર,
ઉલટ સુલટ સરવે થાશે, તમે જાણો મારા યાર ॥૧॥
આજ અવસર ઢૂકડા અને ટૂંકી ટૂંકી વાત,
જોતામાં જાગશે, ત્યારે છેતરાશો યાર ॥૨॥
હલહલકાર અતિઘણા, ઉથલપાથલ થાય,
જાણીને અજાણ્યા થાશે, એવા વખમ કાળ ॥૩॥
આજ કરો તો સાર છે, કાલે કોની આશ,
શમણાબાજી વહી જશે ને પસ્તાશો અપાર ॥૪॥
પૂનમ ચંદા ઉગીયા અને અજવાળા નવે ખંડ,
આપ્યા તેતો પાર પડ્યા, કશુંયન રાખ્યુ પાસ ॥૫॥
કંઈકને અંધારી રાતો, અમાસ અપરંમપાર,
કર્મ કાળા તેનાં જાણો, જેણે ઝાલ્યા નહિ સવાલ ॥૬॥
અથર વાતો આજ છે, અને વેદ અથર આજ,
એમાં સ્થિર મન કેમ રહે, એમ કહે છે કાયમરાજ ॥૭॥

પીર **બુદ્દરદીન** તમને કહે છે, હરફે હરફે વાત,
જેનાં મન છે નિર્મળાં, તેણે ઝીલી અમારી વાત ॥૮॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૮૯

એમ વેદ રે વાંણી બ્રહ્મ જ્ઞાની, કહે છે વૈકુંઠનાથજી ॥૧॥
હવે જંબુદ્રીપમાં જંગ રચાશે, તે જગમાં જાણો વાતજી ॥૨॥
તમે ચેતનહારા ચેતી રહેજો, તેના કરો સંગાથજી ॥૩॥
તમે ભુદર સાથે ભાવે ખેલો, પૂરી ભરાવે બાથજી ॥૪॥
જે ચારે જુગના જીવડા તે, જુએ તમારી રાહજી ॥૫॥
હવે દાનવ દળતો દેવમાં રે, વિલંબ નહિ લગારજી ॥૬॥
તમે ઈલમ જ્ઞાને ઓળખો, ધરમ પાળો સાક્ષાતજી ॥૭॥
હવે ઉંમગ રાખો આવી પહોંચ્યા, સ્વામીજી સરજનહારજી ॥૮॥
હવે **બુદ્દરદીન** ની બાંય પકડો, બૂડતાં ઝાલે હાથજી ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૯૦

કૃષ્ણ જમતા તે સુવર્ણ થાળી રે,
આજે સાન ક્યાંથી કાઢી રે ॥૧॥
હું તો કેમ કરી સેવું આજ રે,
મારા કૂળમાં આવે છે લાજ રે ॥૨॥

કૃષ્ણ બોલતા અમૃત વાંણી રે,
આજે તુરકી બોલી કયાંથી આણી રે ॥૩॥

કૃષ્ણ ફરતા તીલક કાઢી રે,
આજે રખાવી છે દાઢી રે ॥૪॥

કૃષ્ણ ફરતા બ્રાહ્મણ વેશેરે,
આજે મલેચ્છ રૂપમાં દેખો રે ॥૫॥

કૃષ્ણ ખટ કરમ જાપ જપતા રે,
કળ ચોથે તે કલમો પડીયા રે ॥૬॥

કૃષ્ણે ત્રણે જુગે જનોઈ ચલાવી રે,
કળ ચોથે તે સુનત કરાવી રે ॥૭॥

કૃષ્ણ પહેરતા પિતાંબર ધોતી રે,
આજે પહેરે છે કફનીને ટોપી રે ॥૮॥

કૃષ્ણ શંખ ચક્ર ગદા પદ્યમ લેતા,
આજે તબલદંડમાં દેતા રે ॥૯॥

કૃષ્ણ બોલતા તે અમૃત વાણી રે,
મુનિવરો તમે અગમ પીછાણો રે ॥૧૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૯૧

સ્વર્ગ ભુવનકા સાથી કરી લે, જો હે નુર જહુરા,
લોભમતી મેં ક્યા લપટાયા તો, સંસારમાં ચકચુર,
મનવા કાં દોડે તું દૂર, તીજે જાના હે આપે હજૂર, મનવા ॥૧॥

લોભકી લાઠી તુજ તન માટી, જબ કાયા ગળે તન માટી,
જબ જીવકું પૂછણા હોશે, તબ કાયા જલજલે જ્યું ભાઠી રે, મનવા ॥૨॥

માયા મુશીબત માર દીલાવે, ને માયા તારે સોહી,
માયા લેકર દોજગમે ડાલે, તો માયા સે અમર હોઈ, મનવા ॥૩॥

રીસ આવે રાંડ ધૂતારી તે કાલકલેજા તોડે,
અરથગરથ સબ કોઈ લેવે, પીછે કાં બેઠા શીર ફોડે, મનવા ॥૪॥

અહંકાર ઍંઠા દિલમાં પેઠા, સો અંદર જાકર લેટા,
વેજ માલ લેવે સબ કોઈ, જેમ મંદિરમાં ચોર પેઠા, મનવા ॥૫॥

મનકી ચિંતા મનમાં રહેવે, સ્નેહ કરશો હોઈ,
સજન કુટુંબ પરિવાર શું જન, તો સંગેના ચલીયા કોઈ, મનવા ॥૬॥

મનકા મેલ કાઢો તમે ખોજી, તો હોય ભિસ્તકી રોજી,
નહિ તો પ્રપંચ મેલોજી, મનવા ॥૭॥

કહે **બુદરદીન** બંદગી કીજે, હરિશું ધ્યાન ધરી જે,
ખેંચી રાખો મન તમારાં તો, દલશું દાંન દીજે, મનવા ॥૮॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૯૨

મુનિવરો ભજન કરો દનરાત,
વારા આવ્યા રે અનંતના ॥૧॥

મુનિવરો નિંદ્રાના કરશો લગાર,
હવે રહોને હોશિયારીમાં ॥૨॥

મુનિવરો મન સ્થિર રાખીને સેવ,
હક હિસાબે નરહરિ ॥૩॥

મુનિવરો દૂરમત મેલીને છાંડ,
જૂઠ ચોરીને પરસુંદરી ॥૫॥

મુનિવરો નમી નમી દેજો દાન,
મુનિવરને હેતે હુલાવજો ॥૬॥

મુનિવરો જેવાં નિર્મળ નુર,
તેવાં નિર્મળ મન નુરી કરો ॥૭॥

મુનિવરો રૂખમાગદ અમરિષ,
ધ્રુવ પ્રહલાદ જેવા રમો ॥૮॥

મુનિવરો અમલ રોહો કમલ રોહો,
હરિચંદ્ર યુધિષ્ઠિર ખેલીયા ॥૯॥

મુનિવરો તેવા ખેલો ખબરદાર,
જેમ ગોર સહદેવે કાયા કસી ॥૧૦॥

મુનિવરો દેજો ગોર મુખદાન,
આલ જોઈ નર નાથને ॥૧૧॥

બોલ્યા વિરંચીતે જ્ઞાન,
ગોર **બુદરદીન** તે વિનવે ॥૧૨॥

• • •

તમને શરમતો અમને વરજોજી,
નહિ વરશો તો જુગમાંથી ટળશોજી ॥૧॥

હવે કોલ તમારા સંભાળોજી,
વેળા પાકીને હવે શું ના હાલોજી ॥૨॥

તમે પ્રથમ ક્રિયા પાળોજી,
દેવે ગોઠે તો નિત નિત આવોજી ॥૩॥

કોડી દમડી પૂજામાં લાવોજી,
ગૂના નિત નિતના છોડાવોજી ॥૪॥

જાણ્યા અજાણ્યા ગૂના કહીએજી,
કોડી દમડી પૂજામાં દઈએજી ॥૫॥

કોડી વિના તો હસ્તિ હાર્યાજી,
ક્રિયાહીણા તો નૂરના પીજોજી ॥૬॥

નુર ના પીજો તો લહાણ ના લીજોજી,
તમને આ પંથ કોણે બતાવ્યાજી ॥૭॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૯૪

સ્વામી રાજા સ્વામી રાજા આવ્યા,
ચૌદ લોકને ભાવ્યા ॥૧॥

મૂરખ મનના અભાગિયા,
જેણે કીધા છે દાવા ॥૨॥

પરિબ્રહ્મ આવ્યા ના પારખ્યા,
શું આવ્યા ના આવ્યા ॥૩॥
જનની જનેતાને ભ્રષ્ટ પડ્યો,
કર્યા કોલ ગુમાવ્યા ॥૪॥
સંસાર આવ્યા સલાં પડી,
વાચા નવ પાળી ॥૫॥
પરખીને લીધા હીરલા,
તેને થઈ રે દિવાળી ॥૬॥
મોહમાયામાં ભળી ગયા,
તેની રહેણી છે કાળી ॥૭॥
વિગતના જાણી વેદની,
તેતો મહા જંજાળી ॥૮॥
પરખ્યા પરિબ્રહ્મ પ્રિત શું,
સાથ લાવ્યા રે વળી ॥૯॥
ઈકોતેરશો આનંદ કરે,
સરવે દુઃખ ટાળી ॥૧૦॥
નિત નિત દર્શન દેવનાં,
તેને નિત રે દિવાળી ॥૧૧॥
સંસારથી તે તરી ગયા,
માયા મોહ ગાળી ॥૧૨॥
બોલ્યા **બુદરદીન** ભાવશું,
વીરા લેજો સંભાળી ॥૧૩॥

● ● ●

આવો આવો મુનિવર વીર, વાતો કરીએ રે ॥૧॥
કહું શિખામણના સવાલ, તે શિર ધરીએ રે ॥૨॥
પાળો તો પ્રાયશ્ચિત દુર, તમારાં થાશે રે ॥૩॥
કસણીના ઝીલો ભાર, તો કાંઈ સારું રે ॥૪॥
તમને હરફે હરફનાં જ્ઞાન, તે બતાવું રે ॥૫॥
અમે રંગ કર્યા રાસમાં, કાનજી કાળા રે ॥૬॥
ગોપીના લીધાં દાંણ, થઈ મતવાલા રે ॥૭॥
અમો અખંડ છું અવિનાશ, જુગો જુગ આવ્યા રે ॥૮॥
તે તો મળ્યા તમને આજ, કરોને સેવા રે ॥૯॥
તે ગોપીના ગોવાળ, કહે છે કેવા રે ॥૧૦॥
શિખામણ સરવે સાર, દે છે તે વારે ॥૧૧॥
ગોર **બુદ્દરદીન** કિરતાર બળિયા બોલ્યા રે ॥૧૨॥
ગરબાના છે વિસ્તાર, પડદા ખોલ્યા રે ॥૧૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : ગરબી : ૯૬

શ્રી વૃંદાવનમાં ખેલતા સાહેલી રે,
તમને મળીયા મુકુંદ મોરાર, ભગતના બેલી રે ॥૧॥
તે શું કરને પ્રિતડી સાહેલી રે,
એમને તન મન કર કુરબાન, ભગત ના બેલી રે ॥૨॥

સ્નેહના બાંધ્યા નાથજી સાહેલી રે,
હવે તારા તાંણ્યા તેહ, ભગત ના બેલી રે ॥૩॥

જેને મહાજોગી પાંમે નહિ સાહેલી રે,
જે દેહા દમે સંસાર, સુખ સહુ મેલી રે ॥૪॥

તે તમને સહેજે મળ્યા સાહેલી રે,
એ અકળ પુરુષભગવાન, ભગતના બેલી રે ॥૫॥

ભણે **નિરંજન** આ સમે સાહેલી રે,
એકમન શું ખેલ, ભગતના બેલી રે ॥૬॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *: ગરબી :* *૯૭*

આવ્યા ગોવિંદ જગતમાં ગારડી રે,
આવ્યા ગોવિંદ જગતમાં ગારડી રે ॥૧॥

મંત્ર શીખવા મન મેલીને,
જેણે અંતરમાં સારડી રે, આવ્યા ॥૨॥

સ્નેહ રાખ્યો રે જેણે અમ સંગાથે,
વિદ્યા સરવ તેને આવડી રે, આવ્યા ॥૩॥

પેર પેરના મંત્ર ભણાવું,
તરૂણી વિદ્યા સરવ આવડી રે, આવ્યા ॥૪॥

અમારી વિદ્યા એવા રે ભણીયા,
જેણે દુનિયા જાણી માવડી રે, આવ્યા ॥૫॥

હરીને લીધા હંસ સરવના,
એવી ચતુરાઈ આવડી રે, આવ્યા ॥૬॥

વિદ્યા શીખીને થયા રે ફંદા,
લીધી પ્રેમ પદારથ પાવડી રે, આવ્યા ॥૭॥

છોગું ધરીને છગ કરાવ્યાં,
પણ દુનિયાની તરીયા તાવડી રે, આવ્યા ॥૮॥

દેવ **બુદ્દરદીન** પ્રેમે રમાડે,
સન્મુખ રહીને સારડી રે, આવ્યા ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : ગરબી : ૯૮

રાજ કરાવું રંગભરી સાહેલી રે,
લેવાં અમરનાં રાજ થાશે બેલી રે ॥૧॥

રથ ઘોડાને પાલખી સાહેલી રે,
વિમાને વૈકુંઠ જાય, થાશે બેલી રે ॥૨॥

પંચતેન જેણે સમરીયા સાહેલી રે,
તે લીલા ના સરદાર થાશે બેલી રે ॥૩॥

પાંચસો તે નર પામશે સાહેલી રે,
જેણે ભજન કર્યાં ભરપુર થાશે બેલી રે ॥૪॥

દસુંદ પુજા દલ થકી સાહેલી રે,
સમરણી સરદાર થાશે બેલી રે ॥૫॥

ફરમાસે ફળ પાંમીયા સાહેલી રે,
આવ્યા અલખ તે આજ થાશે બેલી રે ॥૬॥

વ્રત કર્યા વરનાથનાં સાહેલી રે,
ઉજવ્યાં આપો આપ થાશે બેલી રે ॥૭॥

નમી નમી નમણી કરો સાહેલી રે,
મંદિરમાં અપાર થાશે બેલી રે ॥૮॥

ક્રિયા પાળી કરધરી સાહેલી રે,
તેથી ઉઘડે પ્રભાત થાશે બેલી રે ॥૯॥

ભણીયા ભાવે સાંભળો સાહેલી રે,
શેઠ શરીફ શાહા સરદાર થાશે બેલી રે ॥૧૦॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા • *: ગરબી :* *૯૯*

ગુણ ગોવિંદના ગાયા, સરવે સાચીજી,
હવે આ વખતમાં આજ ના કાઢો પાછીજી ॥૧॥

સવાલ ઝાલો સાંભળો, સરવ સાચીજી,
તમે તાંણી બાંધો તલવાર ના કાઢો પાછીજી ॥૨॥

સાબદા થાવો તો સાંભળો સરવે સાચીજી,
તમે ઝૂઝો કેવા યાર, ના કાઢો પાછીજી ॥૩॥

દસુંદ આલો તમો દલ થઈને, સરવે સાચીજી,
આળશના કરશો આજ, ના કાઢો પાછીજી ॥૪॥

ભજન સ્મરણ કરો ભાવ શું, સરવે સાચીજી,
પાંચ વખત કરો પ્રકાશ, ના કાઢો પાછીજી ॥૫॥

પાંચે તનને પારખું, સરવે સાચીજી,
તેના લાભતો પારંમપાર, ના કાઢો પાછીજી ॥૬॥

ખરે ઈમાને સેવીએ, સરવે સાચીજી,
દલથી ડગીએ નહિ લગાર, ના કાઢો પાછીજી ॥૭॥

વરત કરો વિઠ્ઠલા, સરવે સ્વામીજી,
તમે ચૂકો નહિ લગાર,ના કાઢો પાછી જી ॥૮॥

ત્રણ દહાડા તપસ્યા કરો, સહુ સાથીજી,
ત્રેલાંની છે તલવાર, ના કાઢો પાછીજી ॥૯॥

પંચાવન દહાડા વરતના, સરવે સાચીજી,
પછી ત્રીસ રોજાનો સમાર, ના કાઢો પાછીજી ॥૧૦॥

વરસ દહાડાની વાતડી, સરવે સાચીજી,
તેમાં ખાલીના જાયે દન, ના કાઢોપાછીજી ॥૧૧॥

એ ફરમાન તો અમ તણાં, સરવે સાચીજી,
અમે માથે ના રાખી વાત, ના કાઢો પાછીજી ॥૧૨॥

તમે જાણો સ્વામી તારશે, સરવે સાચીજી,
અમે બક્ષું નહિ લગાર, ના કાઢો પાછીજી ॥૧૩॥

પીર **બુદરદીન** બોલીયા, સરવે સાચીજી,
તેમાં ખામી નહિ લગાર, ના કાઢો પાછીજી ॥૧૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા — ***: ગરબી :*** — ***૧૦૦***

હવે રામે રમત કીધી, સૂણો ચંતધરી ॥૧॥
વન જવાની રઢ લીધી સૂણો ચંતધરી ॥૨॥
વહાલો માતા વચને વારૂ, સૂણો ચંતધરી ॥૩॥
વન ગયા તેમની સારું, સૂણો ચંત ધરી ॥૪॥
પરાક્રમ કરીને પોઢયા,સૂણો ચંત ધરી ॥૫॥

દેત્યોનો કાઢવો ખોડો,સૂણો ચંત ધરી ॥૬॥
વહાલો પંચવટીમાં વસીયા,સૂણો ચંત ધરી ॥૭॥
ત્યાં મઢુલી બાંધી મનમાની,સૂણો ચંત ધરી ॥૮॥
ત્યાં રહેતા અંતરયામી,સૂણો ચંત ધરી ॥૯॥
વેશ કાઢ્યા વરજી નાથે,સૂણો ચંત ધરી ॥૧૦॥
સીતા ગયાં દૈત્યની સાથે,સૂણો ચંત ધરી ॥૧૧॥
વહાલો એવા અટારા થયા,સૂણો ચંત ધરી ॥૧૨॥
જેને રિધ્ધ છે સમૃધ્ધિ,સૂણો ચંત ધરી ॥૧૩॥
સરવે દુનિયાં લોકને કાજે,સૂણો ચંત ધરી ॥૧૪॥
પછે વન વન તે મહારાજ,સૂણો ચંત ધરી ॥૧૫॥
વાટે વેલી ઝાડને પૂછે,સૂણો ચંત ધરી ॥૧૬॥
સીતાજીને હવે શું છે ?સૂણો ચંત ધરી ॥૧૭॥
એમ કરતાં કરતાં ચાલ્યાં,સૂણો ચંત ધરી ॥૧૮॥
પંખી જાતે મહેણાં માર્યાં,સૂણો ચંત ધરી ॥૧૯॥
એમ કરતાં કરતાં વસીયા,સૂણો ચંત ધરી ॥૨૦॥
વળતી લંકા સામા ઘસીયા,સૂણો ચંત ધરી ॥૨૧॥
વહાલો પેર પલીયા,સૂણો ચંત ધરી ॥૨૨॥
રાવણને સામાં મલીયા,સૂણો ચંત ધરી ॥૨૩॥
વહાલે કેડે કમર બાંધી,સૂણો ચંત ધરી ॥૨૪॥
સેના રિંછ વાંદરની સાધી,સૂણો ચંત ધરી ॥૨૫॥

એમ કરીને રાવણ માર્યો,સૂણો ચંત ધરી ॥૨૬॥
મુસ્તક દશનો ભાર ઉતાર્યો,સૂણો ચંત ધરી ॥૨૭॥
તે આજ અટારા સ્વામી,સૂણો ચંત ધરી ॥૨૮॥
બેઠા છે અંતરયામી,સૂણો ચંત ધરી ॥૨૯॥
છંદ **બુદરદીન** ગાયે,સૂણો ચંત ધરી ॥૩૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *: ગરબી :* *૧૦૧*

કહાન રૂપે કરી નવાઈ,સૂણો ચંત ધરી ॥૧॥
આવ્યા ભરવાડામાં ભાઈ,સૂણો ચંત ધરી ॥૨॥
આહિરની અવળી નાત,સૂણો ચંત ધરી ॥૩॥
ત્યાં આવી બેઠા રઘુનાથ,સૂણો ચંત ધરી ॥૪॥
કીધાં નંદ જશોદા માત,સૂણો ચંત ધરી ॥૫॥
એવી આદે રમત વિખ્યાત,સૂણો ચંત ધરી ॥૬॥
એને ગોવાળિયાનો સંગ,સૂણો ચંત ધરી ॥૭॥
એના નિત નવલા રંગ,સૂણો ચંત ધરી ॥૮॥
એતો ધૂતારો ઠગારો,સૂણો ચંત ધરી ॥૯॥
જેણે રાસ રચ્યો રંગીલો,સૂણો ચંત ધરી ॥૧૦॥
રંગ લગાડ્યા રાસે,સૂણો ચંત ધરી ॥૧૧॥
ગોપીઓ નિત નિત આવે પાસે, સૂણો ચંત ધરી ॥૧૨॥
સ્નેહ રાખ્યા તે નવાઈ,સૂણો ચંત ધરી ॥૧૩॥

એવા સ્નેહ શું ખેલો,સૂણો ચંત ધરી ॥૧૪॥
વહાલે મથુરાં જાતી ઘેરી,સૂણો ચંત ધરી ॥૧૫॥
નાંખ્યા ચીર ચુંદડી ખેંચી,સૂણો ચંત ધરી ॥૧૬॥
ત્યાં નાનાને વેશે નમીયા,સૂણો ચંત ધરી ॥૧૭॥
ગોપીઓને તો વહાલો ગમીયો,સૂણો ચંત ધરી ॥૧૮॥
એ તો મતવાલા થઈ ખેલે,સૂણો ચંત ધરી ॥૧૯॥
વહાલો અટકાવીને મેલે,સૂણો ચંત ધરી ॥૨૦॥
ગોપીઓ આંણ દઈ અથડાયે,સૂણો ચંત ધરી ॥૨૧॥
વહાલો કેડે દોડી જાયે,સૂણો ચંત ધરી ॥૨૨॥
એવા રંગનો નહિ પાર,સૂણો ચંત ધરી ॥૨૩॥
એવા ખેલ અમારા સાર,સૂણો ચંત ધરી ॥૨૪॥
અમે રંગે રંગે રસીયા,સૂણો ચંત ધરી ॥૨૫॥
મથુરા સામા તો ઘસીયા,સૂણો ચંત ધરી ॥૨૬॥
મામાના મુસ્તક ભાંગ્યાં,સૂણો ચંત ધરી ॥૨૭॥
ત્યારે હાક સહેજે વાગી,સૂણો ચંત ધરી ॥૨૮॥
આજ એવાં કરશું કામ,સૂણો ચંત ધરી ॥૨૯॥
યુધ્ધ રચીશું સંગ્રામ,સૂણો ચંત ધરી ॥૩૦॥
છંદ **બુદરદીન** બતાવે,સૂણો ચંત ધરી ॥૩૧॥
એમ કરતાં આજે આપે,સૂણો ચંત ધરી ॥૩૨॥

● ● ●

જેણે સ્નેહ શું કર્યાં નર વારણાં રે લોલ ।।૧।।
તેને ઉઘડ્યાં ભિસ્તનાં બારણાં રે લોલ ।।૨।।
જેણે કૂંચી ઝાલી કિરતારની રે લોલ ।।૩।।
તે ફરી નહિ આવે સંસારમાં રે લોલ ।।૪।।
જે રૂડી રમતના ભોગીયા રે લોલ ।।૫।।
તેને મલીયા બુદરદીન જોગીયા રે લોલ ।।૬।।
જેણે રાવત રંગ શું રીઝવ્યા રે લોલ ।।૭।।
જે જવરલા જીતી ગયા રે લોલ ।।૮।।
તે તો માયા થકી અળગા રહ્યા રે લોલ ।।૯।।
જેણે મર્મ જાણ્યા છે મહાવના રે લોલ ।।૧૦।।
તે પાર પડ્યાં સંસારમાં રે લોલ ।।૧૧।।
જેણે જુગત જીવનની સાંભળી રે લોલ ।।૧૨।।
તે કેમ આપ હૈયા ફરી વળ્યાં રે લોલ ।।૧૩।।
જેણે વારી છે વકરમ વાતડી રે લોલ ।।૧૪।।
તેને સૂઝ પડે સહુ સાચની રે લોલ ।।૧૫।।
કહે છે **બુદરદીન** બાકી નથી રે લોલ ।।૧૬।।
છંદ ગાયે છે આપ કથી રે લોલ ।।૧૭।।

● ● ●

જેને શાખ પડી સંસારમાં રે લોલ ॥૧॥
તેને સરવે વાત વિચારમાં રે લોલ ॥૨॥
જેણે જાણ્યા જુગતના જોષીયા રે લોલ ॥૩॥
તે વાતો કરે વર નાથની રે લોલ ॥૪॥
જેને લાગી તાલી ભાત ભાતની રે લોલ ॥૫॥
જેણે માનશું તે ઉંકર મેલીયાં રે લોલ ॥૬॥
તે જ્ઞાન અમારે ખેલીયાં રે લોલ ॥૭॥
જેણે ગુણ ગરીબના ઝાલીયા રે લોલ ॥૮॥
તે જગો જગેના હારિયા રે લોલ ॥૯॥
અકલ અવિગત જોઈને રે લોલ ॥૧૦॥
તેનું મન રહિયું ત્યાં મોહિને રે લોલ ॥૧૧॥
જેણે જગા કરી જશ લઈને રે લોલ ॥૧૨॥
તેણે કસ કરી જશ લઈને રે લોલ ॥૧૩॥
જેની ભિસ્ત દુવારે શાખ થે રે લોલ ॥૧૪॥
તે આઘું પાછું કેમ ચાલશે રે લોલ ॥૧૫॥
છંદ **બુદરદીને** લખાવીયા રે લોલ ॥૧૬॥

● ● ●

વહાલો બુધ્ધા રૂપે બળિયા, સૂણો ચંતધરી ॥૧॥
પાંડવને પ્રિતે મલીયા,સૂણો ચંતધરી ॥૨॥
દુર્યોધન શું દ્વેષ,સૂણો ચંતધરી ॥૩॥
પછે રૂડો લીધો વેશ,સૂણો ચંતધરી ॥૪॥
મારગમાં સામાં મલીયા,સૂણો ચંતધરી ॥૫॥
અમો એવા આદે કળિયા,સૂણો ચંતધરી ॥૬॥
જગ્યા રાખી જુગનાથ,સૂણો ચંતધરી ॥૭॥
ચોયણો પહેરાવ્યો સાખીયાત,સૂણો ચંતધરી ॥૮॥
અમો એવા આદે નાથ,સૂણો ચંતધરી ॥૯॥
પછે યુધ્ધની માંડી વાત,સૂણો ચંતધરી ॥૧૦॥
કીધો દૈત્યોનો સંહાર,સૂણો ચંતધરી ॥૧૧॥
દુર્યોધન દુ:ખીયારો,સૂણો ચંતધરી ॥૧૨॥
પછી ભીમને ભેદ બતાવ્યો,સૂણો ચંતધરી ॥૧૩॥
અમે અક્કલે કીધાં કામ,સૂણો ચંતધરી ॥૧૪॥
અમે આદે એવા રામ,સૂણો ચંતધરી ॥૧૫॥
વહાલે પેરે પેરે પાડ્યા,સૂણો ચંતધરી ॥૧૬॥
પાંડવની વહારે ધાયા,સૂણો ચંતધરી ॥૧૭॥
જગનમાં જંદ મેલ્યા,સૂણો ચંતધરી ॥૧૮॥

તેવા રે ભેદ કરાવ્યા,સૂણો ચંતધરી ॥૧૯॥
પાંડવને પરચા પાડ્યા,સૂણો ચંતધરી ॥૨૦॥
હસ્તિનાપુર વચ્ચે કાઢ્યા,સૂણો ચંતધરી ॥૨૧॥
અમે એવા તેને જોયા,સૂણો ચંતધરી ॥૨૨॥
પણ હરખે કેવા મોહ્યા,સૂણો ચંતધરી ॥૨૩॥
વહાલે પેર કરી પ્રકાશ,સૂણો ચંતધરી ॥૨૪॥
આદેઅંતે રાખી લાજ,સૂણો ચંતધરી ॥૨૫॥
તે કરે તમારાં કાજ,સૂણો ચંતધરી ॥૨૬॥
હવે રમત રમે સંસાર, સૂણો ચંતધરી ॥૨૭॥
બોલ્યા બ્રહ્માજી કિરતાર,સૂણો ચંતધરી ॥૨૮॥
એ ગરબાના વિસ્તાર,સૂણો ચંતધરી ॥૨૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : ગરબી : ૧૦૫

વહાલો વહારા રૂપે વારુ, સૂણો ચંતધરી ॥૧॥
સુવર રૂપ ધર્યું રઢિયાળું,સૂણો ચંતધરી ॥૨॥
આવી નારદને ઊગાર્યા,સૂણો ચંતધરી ॥૩॥
દૈત્ય હરણ્યાક ને માર્યો,સૂણો ચંતધરી ॥૪॥
તે આજ હરિ અવતાર,સૂણો ચંતધરી ॥૫॥
તે રમત રમે સંસારે,સૂણો ચંતધરી ॥૬॥

વહાલે રૂપ ધર્યું વિકરાળ,સૂણો ચંતધરી ॥૭॥
માર્યો હરણ્યાકશ્યપ કાળ,સૂણો ચંતધરી ॥૮॥
પ્રહલાદની કીધી સાર,સૂણો ચંતધરી ॥૯॥
એવા જુગો જુગ મહારાજ,સૂણો ચંતધરી ॥૧૦॥
આજ તેવે રૂપે જાણો,સૂણો ચંતધરી ॥૧૧॥
અવળાં વિકરાળ પરમાણો,સૂણો ચંતધરી ॥૧૨॥
વહાલે બટુક રૂપ ધરીયાં,સૂણો ચંતધરી ॥૧૩॥
બળના જગનમાં પરવરીયા,સૂણો ચંતધરી ॥૧૪॥
વહાલો ફરસી લઈને ફરીઆ,સૂણો ચંતધરી ॥૧૫॥
ખત્રી નિકંદન કરીયા,સૂણો ચંતધરી ॥૧૬॥
તે વારાની વિગતાઈ,સૂણો ચંતધરી ॥૧૭॥
હરિએ કીધી આજ નવાઈ,સૂણો ચંતધરી ॥૧૮॥
ઘાંણ વાળ્યો અપરંમપાર,સૂણો ચંતધરી ॥૧૯॥
રાજા સવાલાખ સમાર,સૂણો ચંતધરી ॥૨૦॥
અમો તેના તે કિરતાર,સૂણો ચંતધરી ॥૨૧॥
આવો તો અમારી સાથ,સૂણો ચંતધરી ॥૨૨॥
ગુજો કરીએ દન ને રાત,સૂણો ચંતધરી ॥૧૩॥
ગોર બ્રહ્માજી છંદ બોલ્યા,સૂણો ચંતધરી ॥૨૪॥

● ● ●

વહાલો પ્રેમ ગલીમાં પેઠા, સૂણો ચંતધરી ॥૧॥
પાતાળે જઈને બેઠા, સૂણો ચંતધરી ॥૨॥
કૌરમનાં રૂપ ધરીયા, સૂણો ચંતધરી ॥૩॥
વહાલે ઘણાં ચરિત્ર કીધાં, સૂણો ચંતધરી ॥૪॥
સમુદરમાં મેરૂ પઠાવ્યો, સૂણો ચંતધરી ॥૫॥
વલોવી રતન બહાર કાઢ્યાં, સૂણો ચંતધરી ॥૬॥
આપ્યાં સરવેને વહેંચી,સૂણો ચંતધરી ॥૭॥
વિષ શંકરને શીર દીધું, સૂણો ચંતધરી ॥૮॥
વહાલે એવું ચરિત્ર કીધું, સૂણો ચંતધરી ॥૯॥
આ અવસર ટાણે આવી, સૂણો ચંતધરી ॥૧૦॥
ચરિત્ર વાત બતાવી, સૂણો ચંતધરી ॥૧૧॥
દૈત્યોને કેફ કરાવી, સૂણો ચંતધરી ॥૧૨॥
વહાલો વખતે હાજર આવી, સૂણો ચંતધરી ॥૧૩॥
લક્ષ્મીરૂપને વરીયા, સૂણો ચંતધરી ॥૧૪॥
દૈત્યોની સામા ધસીયા, સૂણો ચંતધરી ॥૧૫॥
અમૃત લીધું ઊઠાવી, સૂણો ચંતધરી ॥૧૬॥
ખાવાની પેર બતાવી, સૂણો ચંતધરી ॥૧૭॥
એવા આદે અંતે બેલી, સૂણો ચંતધરી ॥૧૮॥

દેવતાને અમર કીધા, સૂણો ચંતધરી ॥૧૯॥
અમૃત કુંપા હાથે લીધા, સૂણો ચંતધરી ॥૨૦॥
તે આજ રસિયા આવ્યા, સૂણો ચંતધરી ॥૨૧॥
તમને અમર ભેદ બતાવ્યા, સૂણો ચંતધરી ॥૨૨॥
અમે કોલે તમારે પલીયા, સૂણો ચંતધરી ॥૨૩॥
માટે આ વેળામાં મળીયા, સૂણો ચંતધરી ॥૨૪॥
સતગોર બ્રહ્માજી કેરાં, સૂણો ચંતધરી ॥૨૫॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા *: ગરબી :* *૧૦૭*

વહાલો હેત કરી બોલાવે, સૂણો ચંતધરી ॥૧॥
પ્રભુ પેરે પેરે પ્રિછવે,સૂણો ચંતધરી ॥૨॥
જુગ ચારની રમત શું છે?સૂણો ચંતધરી ॥૩॥
અમો રે રમતા રમતા આવ્યા,સૂણો ચંતધરી ॥૪॥
જેણે પાલવ પ્રેમે ઝાલ્યા,સૂણો ચંતધરી ॥૫॥
તેને ભેદ અમારા આલ્યા,સૂણો ચંતધરી ॥૬॥
અમે રૂપ પશુના લાવ્યા,સૂણો ચંતધરી ॥૭॥
મચ્છારૂપે જળમાં વસીયા,સૂણો ચંતધરી ॥૮॥
શંખાસુર કારણ ઘસીયા,સૂણો ચંતધરી ॥૯॥
વેદ લાવી વાતો કીધી,સૂણો ચંતધરી ॥૧૦॥
બ્રહ્માની સાર કીધી,સૂણો ચંતધરી ॥૧૧॥

તે આજ તમારી સાથે,સૂણો ચંતધરી ॥૧૨॥
ગોઠડીએ બેઠા વાતે,સૂણો ચંતધરી ॥૧૩॥
એવી રીતે ગરબા ગાજો,સૂણો ચંતધરી ॥૧૪॥
તેની આજ રમત રૂડી,સૂણો ચંતધરી ॥૧૫॥
જેણે અખંડ પહેરી ચુડી,સૂણો ચંતધરી ॥૧૬॥
ભક્તોની વહારે ધાયે સૂણો ચંતધરી ॥૧૭॥
ગોર બ્રહ્માજી ગરબે ગાયે,સૂણો ચંતધરી ॥૧૮॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૦૮

હેજી બિસમિલ્લા બોલીને પહેલ પડવેથી કીધીરે,
નબી મહમંદ મોટું નામ, મુસલમાની લીધી રે ॥૧॥

હેજી બીજે નબીને વચન કલમો પડીયા રે,
તેનાં દુઃખડાં જાયે સરવે દૂર, ભવસાગર તરીયા રે ॥૨॥

હેજી ત્રીજે મક્કા મહોલ અલી અવતરીયા રે,
તેની માલુમ મહમંદને થાયચારે વેદ પડીયા રે ॥૩॥

હેજી ચોથે દુલદુલના અસવાર, અલીશાહા કહે છે રે,
મેલ્યા મજલા દુલ દુલ ઉપર, જમાલ શાહા રહે છે રે ॥૪॥

હેજી પાંચમે જૂનાગઢ દુલ દુલની ખરીઓ રે,
શાહે કોલ આપ્યા હાથો હાથ, પાળો એમની વાચા રે ॥૫॥

હેજી છઠ્ઠે મેલવાં સૈન્ય કબર કિલ્લા લેશે રે,
લશ્કરમાં નબીરે મહમંદ ડંકા દેશે રે ॥૬॥

હેજી સાતમે નબીરે ઉદાસ,અલ્લી રહ્યા હોંશે રે,
થાઓ દુલદુલના અસવાર, આવો મારી પાસે રે ॥૭॥

હેજી આઠમે એક જ દીન, નબીશાહા પડીયા રે,
માહરા ખાવંદને પડી રે ખબર, તરત અલી ચડીયા રે ॥૮॥

હેજી નવમે તે નાખ્યા નવ પાસ, પાસા પાછા પડીયા રે,
માહરા ખાવંદને પડીરે ખબર તરત અલી ચડીયા રે ॥૯॥

હેજી દશમે એક જ દીન ખૈબર નાંખી તોડી રે,
મારા ખાવંદને પડી રે ખબર, તરત તોપો છોડી રે ॥૧૦॥

હેજી અગિયારસે આનંદ, ડંકા દેશે રે,
લોઢે જડ્યાં કમાડ,ભાંગી ભૂકો કરશે રે ॥૧૧॥

હેજી બારસે દેખાડી આંખ બળ ઘણું કીધું રે,
કલમો પડીયા નબીસાથ, બીજા સરવે ભાગ્યા રે ॥૧૨॥

હેજી તેરસે તેરમી સદી, અલીશાહા કહે છે રે,
શાહા તો નકલંકી અવતાર, એરાખંડમાં રહે છે રે ॥૧૩॥

હેજી ચૌદશે વિદ્યાગુણ ગાયે, એરાખંડના વાસી રે,
મેલ્યાં ગોકુળ મથુરાં ગામ, મેલી દીધી કાશી રે ॥૧૪॥

હેજી પૂનમે પૂરી થાયે, **અલી** દર્શન દેશે રે,
અલી આપે દેશે દર્શન, ભિસ્તમાં લઈ જાશે રે ॥૧૫॥

● ● ●

ઉણીયા આચારી વાત, કહે છે સતગોર આજ ॥૧॥

ચેતો મારા ભાઈ. કરજો અમર સગાઈ ॥૨॥

નિત્ય દેવેરે જાજો, ગત ગંગા માંહે નહાજો ॥૩॥

તેથી થાશો રે પાક સતગોર કહે છે રે આજ ॥૪॥

લાજના કરશો રે વીરા, કરણી કમાજો ધીરા ॥૫॥

માળા કરજો ભાઈ, તે તો વખત સહી ॥૬॥

ખોટી નથી રે વાત, ગોરજી કહે છે રે આજ ॥૭॥

ચિંતા મનમાં રે રાખો, આઘુ પાછું ના ભાંખો ॥૮॥

ખબરદારી રાખો, તો અમર જોવા રે ચાખો ॥૯॥

લાડ લડાવે રે ભાઈ, તે તો આપે સવાઈ ॥૧૦॥

હરતાં ફરતાં રે કરીએ, માળા ભજન આચરીએ ॥૧૧॥

મુખમાંથી મીઠું રે બોલો કડવું શાને રે બોલો ॥૧૨॥

દાન કરજો રે ભાઈ, આજવેળા રે માંહે ॥૧૩॥

પીરની પાસે રે રહી, હકીકત સરવે કહી ॥૧૪॥

જે હોય આપણી રે વાત, તે તો કહો રે આજ ॥૧૫॥

તેથી થાશે રે સારું,પહોંચાડે અમર દ્વાર ॥૧૬॥

રાંક થઈ રહીએ ભાઈ, તો અવગુણ સરવે જાય ॥૧૭॥

પીર **બુદ્દરદીન** બોલ્યા અમર ખજાના ખોલ્યા ॥૧૮॥

• • •

પૂર્વના સંચે તમને મળીયા મોરારી રે, વીરા,
તો છેલ્લી વેળામાં ફલંતર જુગમાંજી ॥૧॥
તરતીપે સેવોએ નિશ્ચે મોરારી રે, વીરા,
તો કોઈશું વાદવિવાદ ના કરશોજી ॥૨॥
મરી મરી ચાલો તમે મરતગ થઈ રહેજો રે, વીરા,
તો સતપંથ મારગ તો ઉતરશોજી ॥૩॥
જૂઠ ચોરીને પરનારી પરવસ્તુ રે વીરા,
તો તેથી તો દૂર દૂર, તમે રહેજો જી ॥૪॥
પાક પવિત્ર રહેજો ક્રિયા આચારે રે, વીરા,
તો જીવતા સુધી કાયા કસણીજી ॥૫॥
સંસારી સાથે તમે પ્રિતના કરશો રે, વીરા,
તો જેવી સંગત રે તેવી બુદ્ધિ થાયજી ॥૬॥
સતસંગરે કરજો મલજો નિતગત માંહે રે, વીરા,
તો પાપ પ્રકાશી નિર્મળ થાજોજી ॥૭॥
ગત રે ગંગાનો પરભા ગુપ્ત વહે છે રે, વીરા,
તો તે તો પાપ ધોવાને નિર્મળ કરવાજી ॥૮॥
તેમાં તો સ્નાન કીજે પાપ પ્રકાશી રે, વીરા,
તે તો મહિમા છે અડસઠ તીરથનોજી ॥૯॥
તેમાં કોણ કોણ નહાયા એનર ઘર પહોંચ્યા રે, વીરા,
તો આદેથી અંત સુધી જોઈએજી ॥૧૦॥

તેમાં તો સુરિનર નહાયા તેમાં મુનિવર નહાયા રે, વીરા,
તો ગુણી ગાંધર્વને જાખા મેધાજી ॥૧૧॥

કિન્નર દેવ નહાયા પાવન કીધા રે, વીરા,
તો પાંચ સાત નવ બાર ગતમાં મળીયાજી ॥૧૨॥

અનંત કરોડી મળીયા ગત માંહે રે, વીરા,
તો તમે તો આ જુગતમાં મહાલોજી ॥૧૩॥

ભણે રે **નિરંજન** આલે દેવ સવાઈ રે, વીરા,
તો આજ સંભાળો મુનિવર ભાઈજી ॥૧૪॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : શાહજી બાવા ઉઠ્યાનું જ્ઞાન : ૧૧૧

ઈમામથી ઉત્પન વાતો, એવું બોલ્યા વિશ્વમ્ભરનાથ,
ધારણ રાખજો.......... ॥૧॥

દીવે દીવો સ્વામી મેલી ગયા છે,
તો રખે કરો ઉત્પાત, ધારણ રાખજો ॥૨॥

વિપત્તી કાળમાં સ્વામી એ જામો મેલ્યો છે,
તો ગુપ્તીની કેમ રહેશે લાજ, ધારણ રાખજો ॥૩॥

વૈશાખ વદ દશમ રવિવારે,
ચાંપાનેરમાં લીલા અપાર, ધારણ રાખજો ॥૪॥

પ્રગટી અમારા પહેલા પકડશે,
તો સવારી કરુ અચુક, ધારણ રાખજો ॥૫॥

અમારું જ્ઞાન સાંભળો સહી,
એમ બોલ્યા **શરીફ સવાઈ**, ધારણ રાખજો ॥૬॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૧૨

જી રે હરખેથી હરજીવન બોલીયા રે,
તમો સાંભળોને સરવે મારા વીર,
વીરા ચંતધરી સાંભળો રે ॥૧॥

હવે વિલંબના જાણો દન પહોંચ્યા ખરારે,
અમો ગાદીએ બેઠા વિશ્વાધાર,
વીરા તોરણ ત્યાં તો બાંધશું રે ॥૨॥

તેની તજવીજ કરવી છે અવનવી રે,
સહુ રૂખેસર તેજનો અંબાર,
વીરા અવસર આવ્યા ઢુકડા રે ॥૩॥

હવે અસવારી કરશે શાહોજી શોભતી રે,
તેને તેજે સૂરજ દેવ ઢંકાય,
વીરા જાહેર ઝંડા રોપશું રે ॥૪॥

હવે પીરાણાની ખુરશીએ શાહોજી બેસસે રે;
આપે બેસશે પીર બુદરદીન નાથ,
વીરા જુગતે નામ ભણાવશે રે ॥૫॥

● ● ●

એમ વદે રે વાણી,ને બ્રહ્મ જ્ઞાની,
આવી પહોંચી સંઘજી ॥૧॥

હવે જ્ઞાન ગીતાના મર્મ જોઈને,
બાંધી રહેજો બંધજી ॥૨॥

હવે લીલા અવિનાશની રે,
જોતામાં રચાશે જંગજી ॥૩॥

હવે ચીનનગરમાં રૂશનાઈ થાશે,
જાગીઆ દેવ નકલંકજી ॥૪॥

હવે હીમપુરથી હલ્લાં થશે,
જંબુદીપ તો ભેળાયજી ॥૫॥

હવે ખાડું લઈને આપે ચડશે,
ઉતારે ભૂમિનો ભારજી ॥૬॥

સ્વામી કાળિંગાને માર્યા પછી,
પછી આપે પરણે શાહોજી ॥૭॥

એમ ઘોળ ધમધમકાર બોલ્યા,
આપે **બુદરદીન** નાથજી ॥૮॥

• • •

વીરા વરજી વેદે આવ્યા વેપારી,
પરણે પીતાંબરનાથજી ॥૧॥

વેળા વેળાએ વરને વધાવશો,
તો સરસે જીવનાં કાજજી ॥૨॥

નરના છેડા નારી સાથે,
વસમ પરણે આજજી ॥૩॥

વીરા કાયમ કેશવા કસણી લાવ્યા,
પાળો તો પરમાણજી ॥૪॥

પીર પિતાંબર પાસે આવ્યા,
બોલ્યા **શમશેર** નાથજી ॥૫॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા ૧૧૫

સતપંથની વાત વીરા આજે બતાવું રે, વીરા આજે બતાવું,
તો છેલ્લે જમાને સરવે સમજોજી ॥૧॥

મહા વકટી વેળા વ્રજ જાણો રે, વીરા,
તો પુરા હશે તે ધારણ રહેશે જી ॥૨॥

સાલાં પોલાં તો વીરા વાતના જાણે રે, વીરા,
તો રાંકના જાણે રીત અમારી જી ॥૩॥

કાલે તો કારણ થાશે, અજવાળા થાશે રે, વીરા,
તો સાલાં પોલાં તો સૂતા રહેશે જી ॥૪॥

ઓચિંતુ થાશે વીરા કાઈના જાણે રે, વીરા,
તો કારમું અચરત જોતાં થાશેજી ॥૫॥

સૈન્ય આવે રે વીરા, પશ્ચિમ દિશાથી રે, વીરા,
તો તે તો ખુદરત કોઈ ના જાણેજી ॥૬॥

ખુદના ખેલ તો વીરા અવનવા ખાસ્સા રે, વીરા,
તો તેની વાતો જવરલા જાણેજી ॥૭॥

કાયમ મેંદી વીરા કલંક ઉતારે રે, વીરા,
તો નકલંકી નામ ભણાવેજી ॥૮॥

એવું તો બોલ્યા વીરા પીર સવાઈ રે, વીરા,
તો **બુદરદીન** બાવા કરશે નવાઈજી ॥૯॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૧૬

અનંત કારણે આપે આવ્યા, શાહઅલી ખુદકાર રે,
દાદા અલી રે તે તો જાણજોજી ॥૧॥

ખેલ ખુદરત ખાંડે કરશું, નવખંડ જાણે વાત રે,
દીનના દીવા તમે જાણજોજી ॥૨॥

બાવાજી ના બોલ પાળો, તમને લાડ લડાવું રે,
દનદન અદકી વાતો જાણજોજી ॥૩॥

તમે જાણો જે કહેતા આવ્યા, તે ગતિના જાણો રે,
આલે આલે સોંપણ કરતા આવ્યા સહીજી ॥૪॥

વેળાએ તો વાતો થાશે, ઉતાવળનું નહિ કામ રે,
વખત અધૂરી ત્યારે શું કરેજી ॥૫॥

કળિજુગની તો સંધ પહોંચી, તેથી બુધ્ધિ નાઠી રે,
જપતપ દાન સરવે મૂકી બેઠાજી ॥૬॥

કહેર કાળ તો આવી પહોંચ્યો, તો લાહીના લોચા વાળ્યા રે,
તે કસાલે બાવે દેહા મૂકી સહીજી ॥૭॥

તેમણે સોંપણ અમને કીધી, તમે તમારું જાણો રે,
બાકરઅલી બંધ સરવના છોડશેજી ॥૮॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૧૭

હરિની હકિકત માનજો, અને કહેછે કાયમજી કિરતાર,
સીધા થઈને ચાલશો તો, પહોંચો પેલે પાર ॥૧॥

ગોરને પૂછીને પંથ કમાજો, તો સરે તમારાં કાજ,
સતગોર સહદેવ કહી વળ્યા, એ હદ પાળોને આજ ॥૨॥

પુછ્યા વિના નવ કીજીએ, આવી સન્મુખ વાત,
આપ મતે જો કામ કરશો, તો ભૂલ્યા છે જાણ ॥૩॥

આપ મતે તે તો હારિયા, અજાજેલની જુવો વાત,
વાર વરત જેણે કર્યાં, તેણે વહોર્યા અદબદ માલ ॥૪॥

માટે આજચેતી સંભાળજો મુનિવર મારા વીર,
પૂછીને પગલાં ભરો, એમ કહે છે **બુદ્દરદીન** પીર ॥૫॥

● ● ●

(અમરાપુરની વાણ)

સૂણો મુનિવર તપની કહું છું આજ,
ઘાતો આવી રે તે તો દૂર થસે ॥૧॥

તમને આપું લાભ અપરંપાર,
જેમ પૂર્વે કર્યાં તેમ કીજીયે ॥૨॥

કુંભકરણે કાયા કીધી વશ,
દશ દ્વાર રૂંધન ત્યા રે કર્યાં ॥૩॥

શ્વાસ પવન કીધાં ત્યાં તો બંધ,
વનમાં જઈને સાધન માંડીયા ॥૪॥

બ્રહ્મા ભોળા આવ્યા તત્ક્ષેવ,
વરમાગો રે જે મન ઈચ્છા સહી ॥૫॥

બોલ્યા માગુ આપો ઈન્દ્રાસન,
દૈત્યની જીભ્યાએ બેઠાં સરસ્વતી ॥૬॥

બોલતામાં નિંદ્રાશન કહેવાય,
અમારી ગતિ તો બળવંત છે ॥૭॥

મેઘનાદે તપ આરંભ્યુ ત્યાહે,
મેઘની પેઠે રે શક્તિ જપ તાં ॥૮॥

પ્રસન્ન થઈને શક્તિ બોલ્યાં સાર,
વર માગો રે બાળક માહ્યરા ॥૯॥
બોલ્યા તે તો અમર કરો મુજ કાય,
શક્તિ બોલ્યાં રે મારી પાસે નહિ ॥૧૦॥
અસ્તુ ત્યારે તેણે મન વિચારી પેર,
આહાર નિંદ્રા જે રે તજે ॥૧૧॥
બાર વરસ વનમાં કરે વાસ,
તેની સાથે મારું જોર નહિ ॥૧૨॥
અસ્તુ શક્તિ બોલ્યાં તેની વાર,
પૂજા કરજે રે નિત્ય માહ્યરી ॥૧૩॥
જે દન પૂજા ખાલી તારી જાય,
મરણ થાશે રે તારું તેરે ઘડી ॥૧૪॥
વિભિષણે માંડ્યું ત્યાં તો તપ,
વિષ્ણુંનું આરાધન તેણે માંડીયું ॥૧૫॥
વિષ્ણું વર દેવા ને ત્યાં,
વર માગો રે મારા મહોરવી ॥૧૬॥
એ તો હવે આગળ કહું વિસ્તાર,
તેરે સૂણીને જપતપ પુરાં કરો ॥૧૭॥
કહે **બાકરશાહ** કરવા જયજયકાર,
તપના બળિયા શૈન્યમાં શૂરા સહી ॥૧૮॥

• • •

(બુદરદીન બાવાની વિનંતી)

સ્વામીજી સાર કરો સારી, જેવી પુત્રને માડી,
તમારી કાયમ છે વાડી રે, સાંભળજો શમશેરના લાલ ॥૧॥

તમે તો નરરૂપી કહાવ્યા, બ્રહ્માજી કહેવાને આવ્યા,
સંદેશો છેલ્લો એ લાવ્યા રે, સાંભળજો શમશેરના લાલ ॥૨॥

તમારી જમલી છે બાળી, તે સામું જો જો નિહાળી,
રખે તમે મેલતા ટાળી રે, સાંભળજો શમશેરના લાલ ॥૩॥

જદુપતિ જુગમાં રે કહાવ્યા, સૌને મનડે રે ભાવ્યા,
સંભાળ લેવાને આવ્યા રે, સાંભળજો શમશેરના લાલ॥૪॥

વેળાતો આવી રે વસમી, તેમાં વેળા વસમી રે ઝૂકી,
તે તો તમ થકી જાય ચૂકી રે, સાંભળજો શમશેરના લાલ ॥૫॥

અસવારીઓ આવી તે દિસે અમારા મનડાં રે હીસે,
તે વેળા સંભાળી લેજો રે, સાંભળજો શમશેરના લાલ ॥૬॥

કાળિંગો ભૂલાવે પ્રાણી, ટીપું નહિ મળે રે પાણી,
સંભાળ લેજો ત્યાં જાણી રે, સાંભળજો શમશેરના લાલ ॥૭॥

હવે હાય હાય ના કરશો, તમે તો સંગ્રામે ચઢશો,
નજરો અમ ભણી ધરજો રે, સાંભળજો શમશેરના લાલ ॥૮॥

નજરો કરડી રે ના કરીએ, અમે તો બીતામાં મરીએ,
હવે તો તમ થકી તરીએ રે, સાંભળજો શમશેરના લાલ ॥૯॥

સદી તો સમવલવા લાગી, ગતિ તો સૌ પહેલાં ભાંગી,
તેમાં તમે રહેજો રે રાજી રે, સાંભળજો શમશેરના લાલ ॥૧૦॥

કાયા તો અન્ન તણી કહીએ, મલે તો ધીરજમાં રહીએ,
નહિતો ઊડી રે જઈએ રે, સાંભળજો શમશેરના લાલ ॥૧૧॥

ભજનતો ત્યારે સૂઝે, અન્નદેવ આવી ને દૂઝે,
નહિતો કાયા રે ધ્રુજે, સાંભળજો શમશેરના લાલ ॥૧૨॥

પહેલાના પેગાંબર કહીએ, તે અંશ તમારું લઈએ,
અમે તો પેટ ભર્યા કહીએ રે, સાંભળજો શમશેરના લાલ ॥૧૩॥

વિનંતી વીરંચી કહે છે, **બુદ્દરદીન** કાન ધરી રહે છે,
સોને દિલાસો દે છે રે, સાંભળજો શમશેરના લાલ ॥૧૪॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા **૧૨૦**

વેળા પહોંચીને તમે વેદ વિચારો,
તો જૂની વાતો કાઢી મેલો રે,સજની ॥૧॥
નવી વાતો ની વીરા વમરશ કરજો,
તો હરતાં ફરતાં નામ લે જો રે, સજની ॥૨॥
રૂદિયામાંથી તમે અમને ના મેલો,
તો મુખમાં નામજ, રાખો રે, સજની ॥૩॥
નામ રાખો તો વીરા પાવન થાશો,
તો જાહેર ડંકા જાણો રે, સજની ॥૪॥

જોતાં જોતાંમાં મારી ખુદરત જાગે,
તો મુનિવર ચેતીને ચાલો રે, સજની ॥૫॥

ચેતી ચાલો તો અમે પાસે ના પાસે,
તો આંચ ના લાગે લગાર રે, સજની ॥૬॥

બંધુ મારા તમે ધીરજ રાખો,
તો પાસે અમને જાણો રે, સજની ॥૭॥

દહાડા પહોંચ્યાને અમે વાણી રે બોલ્યા,
તો વેળાનાં વાજાં વાગ્યાં રે, સજની ॥૮॥

ચેતી રહેજો તમે ચંદ્રચકોરા,
તો ધરમી ધમધમ કાર રે, સજની ॥૯॥

આખર વેળાના વીરા જમાના પાકયા,
તો વેદ વેદના જાણકાર જાણો રે, સજની ॥૧૦॥

ડંકા વાગે રે વીરા ગગડે નિશાન,
તો કાળિંગો કુબુધ્ધિ જગાડે રે, સજની ॥૧૧॥

જોતાં જોતાં એ તો જંબુદ્રીપે આવે,
તો જાહેર જંગ રચાવે રે, સજની ॥૧૨॥

જોતાં જોતાં એ તો કાચાને મારે,
તો કારમી ખાંડ જ તમને આપે રે, સજની ॥૧૩॥

કાષ્ટના ઘોડાને ખાણાં ખવરાવે,
કારમાં માબાપ દેખાડે રે, સજની ॥૧૪॥

કારમું કરે ને માંહી ધરમી જ ભૂલે,
તો ફોગટ ધરમ જ સેવ્યા રે, સજની ॥૧૫॥

ધરમ લીધાને વીરા વરતના કીધાં,
તો સહેજે લપટાઈ પડ્યા રે, સજની ॥૧૬॥

ધરમ લીધાને વીરા ક્રિયા ના પાળી,
તો ફોગટ ફેરા ખાધારે, સજની ॥૧૭॥

ધરમ લીધાને વીરા તપસ્યા ના કીધી,
તો ધરમની વાતના જાણી રે, સજની ॥૧૮॥

તે પ્રાણી વીરા જોતામાં ડૂબ્યા,
તો વેદે સૂઝના આવીરે, સજની ॥૧૯॥

વાંણી બોલ્યા રે વીરા, **સૈયદ શરીફ શાહ,**
તો આખર વેળાની જાણો રે, સજની ॥૨૦॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : કલ્પીત : ૧૨૧

મારે દિવાળી થઈ આજ હરિમુખ જોવાને,
મારે સર્યાં તે સર્વે કાજ, ભવદુઃખ ખોવાને ॥૧॥

આજ દિવાળી અતિ અજવાળી, હરિદર્શનને કાજ રે,
સુંદર મુખપર વારી જાઉં વિઠલા,
મારી આંખલડી થઈ ટાઢી, હરિમુખ જોવાને,
મારે દિવાળી થઈ આજ હરિમુખ જોવાને ॥૨॥

પીતળ લોટા જળે ભર્યાને દાતણ દાડમી દઈશ રે,
દાતણ કરાવું મારા પ્રાણ જીવનને,

આલુ આલું જમણે હાથ હરિ મુખ જોવાને,
મારે દિવાળી થઈ આજ, હરિમુખ જોવાને ॥૩॥

ત્રાંબા કુંડીઓ જળે ભરીને, પીળાં પિતાંબર દઈશ રે,
નાવણ કરાવું મારા પ્રાણ જીવનને,
ચોળું હરખે અંગ,હરિમુખ જોવાને ॥૪॥

સોના થાળી રતને જડાવું, માંહી મેલ્યાં કપૂર રે,
આરતી ઉતારું મારા પ્રાણ જીવનની,
રવિ ઉગમતે સૂર હરિમુખ જોવાને ॥૫॥

સેવ સુંવાળી લાપશીને ઘીભરીયો કંસાર રે,
ભોજન કરાવું મારા પ્રાણ જીવનને,
ઠારૂ ઠારૂ રે મારો હાથ હરિને જમાડીને ॥૬॥

લવિંગ સોપારી એલચીને બીડલે બાસઠ પાન રે,
મુખવાસ કરાવું મારા પ્રાણ જીવનને,
આલુ આલું તે જમણે હાથ, હરિમુખ જોવાને ॥૭॥

હૃદય કમળ પર સહેજ બિછાવું પોઢો જુગ જીવનરે
વિઝણો લઈ વાયરા રે ઢોળું,
ત્યારે હરખે મારું મન, હરિમુખ જોવાને ॥૮॥

સોના સૂરજ ઊગીયો ને દૂધડે વરસ્યા મેઘ રે,
બાકરશાહ બાવા પાસે એટલું રે માંગુ,
ફરીના ઘરવો દેહ, ભવદુઃખ જોવાને, ॥૯॥

• • •

પ્રભાતિયું - ૧

જાગોને તમે જાગણહારા હુવારે પ્રભાતતો,
સૂરજ ઊગ્યાને શું સૂઈ રહ્યા રે ॥૧॥
જાગીને પવિત્ર થઈને સમરો રૂડા રામ તો,
ધ્યાન ધરો રે ધરણીધર તણાં રે ॥૨॥
દાતણપાણી શૌચ પાણી નહાવું નિત્ય વહેવારતો,
ચોખ્ખા થઈને સ્મરણ કીજીયે રે ॥૩॥
દેવદર્શન દેવ પૂજા કરીયે મન ભાવે તો,
પ્રસાદીમાં સંપત માત્ર લખાવી યે રે ॥૪॥
ભણે રે અમીરસ વાણી બ્રહ્માજી કિરતારતો,
વહાણાં વાયાનાં પ્રભાતિયાં રે ॥૫॥

• • •

પ્રભાતિયું - ૨

સૂણો મુનિવર સાચી વાતો, વખત વેળા શું સૂતા તો,
દેવ વેળાએ દરીદ્ર દૂર કરો રે ॥૧॥
રાત ખટઘડી હોય વીરા ત્યારે હુરાં આવે તો,
નુર નાં કચોલાં ભરી લાવતાં રે ॥૨॥
જેના સ્વામી સ્મરણ કરતા,
તેમને હરખ ન માય તો હેત કરીને તે ઉપર ઢોળતા રે ॥૩॥

હરખ ભરીને આશીષ દેતાં વૈકુંઠ વહેલા આવો,
તો તમારી કમાઈનાં ફળ ભોગવો રે ॥૪॥

રિધ્ધ સમૃધ્ધિ રળી સમજ્યા છ, એ વખત ફરમાંન,
તો જપતપ દાન સર્વે પુરાં કરો રે ॥૫॥

તે તો સરવે ત્યાં લખાશે, કર્મ ધર્મ પ્રમાણે,
તો મધનિશાએ ત્યાં તો સમે રે, ॥૬॥

અઘોરીને આળશુંને ફિકર નહિ ફળવેળા,
તો તેમની હુંરા તો પાછાં ફરી જશે રે ॥૭॥

દુઃખ ધરેને દિલમાં દાઝે, નુર કચોલાં તેનાં,
તો ઢોળાઈ જાશે પણ તેને શુધ્ધ નહિ રે ॥૮॥

તે માટે ગોર તમને કહે છે ચેતો મુનિવર મારા,
તો **બાક્રરશાહા અલી** ને સમરો આ સમે રે ॥૯॥

● ● ●

પ્રભાતિયું - ૩

સમજો સવેળા આવ્યા અવતાર,
મનુષ્ય જનમ નહિ આવે વારો વાર,
ભાઈ જ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૧॥

લક્ષ ચોરાશી દેહ ધરી,
ફોગટ ફાંસુ ફેરા ફરી,
ભાઈ જ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૨॥

સમજી સમારો વીરા આ અવતાર,
ઓળખો રામને જગ પ્રતિપાળ,
ભાઈજ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૩॥

દેવ દયાળ વર પુરણબ્રહ્મ,
પ્રગટ જુઓ જે પૂર્ણાનંદ,
ભાઈજ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૪॥

પાંચ પચીસ પચાસ સૈકડું જાણ,
અંતે દેહા તજવી નિર્વાણ,
ભાઈજ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૫॥

સગાં કુટુંબ સજ્જન પરિવાર,
સાથે કોઈ નહિ ચાલે તે વાર,
ભાઈ જ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૬॥

એવું જાણીને તમે સ્મરણ કરો,
નારાયણ શું સ્નેહ નિત્યે ધરો,
ભાઈજ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૭॥

આવ્યા ને ગયા રાણાને રાય,
સ્થિર નહિ કોઈ જુગમાંહે,
ભાઈજ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૮॥

રાવણ સરખા લક્ષજ ગયા,
આ સંસારમાં કોઈ ન રહ્યા,
ભાઈજ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૯॥

આદે અંતે વિચારી જોઈ,
રામ ભજન વિના તરીયાના કોઈ,
ભાઈ જ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૧૦॥

કહે **નિરંજન** સાંભળો રે જન,
મુકિત થાય તે પેર કરોને તન,
ભાઈ જ્ઞાનજો જ્ઞાનજો જ્ઞાનજો રે ॥૧૧॥

● ● ●

પ્રભાતિયું - ૪

જાગો રે મુનિવર મારા, વેળાને વિચારો રે,
તો આળશ કરીને શું સૂઈ રહ્યા રે ॥૧॥

સૂતા જાગી કરો સમરણી, પાક કરો શરીરતો,
નાહીને ભજન કરીએ ભાવશું રે ॥૨॥

હુરાં આવે હરખે ભરી, તે તમને વધાવેતો,
નૂરનાં કચોલાં તમ પર વારીયાં રે ॥૩॥

છ વેળા હિસાબ લેશે, કાયમજી કિરતાર તો,
વેળા વેળાનાં ભજન તે માગશે રે ॥૪॥

તે માટે ચેતો વીરા, છ વેળા સાધો રે,
ભજન કરો રે નિત્ય પ્રીતે રે ॥૫॥

ભણે રે બ્રહ્માજી વાણી **સતગોર** સ્વરૂપે તો,
નિરંજન વિષ્ણુવાણી ભણી વળ્યા રે ॥૬॥

● ● ●

પ્રભાતિયું - ૫

આ અવસર તમે ચેતો રે ભાઈ, મનુષ્ય જનમ વીરા ફરી ફરી નહિ,
ભાઈ જાગ જાગરે જાગ જાગ જાગ ઉંઘ્યો જાગ જાગ રે ॥૧॥

પાંત્રીસ પચવીસ સોળને આઠ,
ચારે જુગમાં તમે ભૂલ્યા વાટ, ભાઈ જાગ જાગ ॥૨॥

કર્તા જુગ, ત્રેતા જુગ, દ્વાપરમાંહે,
કળિજુગ સહીત ફર્યો ચોજુગ માંહે, ભાઈ જાગ ॥૩॥

ગફલત નિંદે સૂતો ચેતીને જાગ,
ફરી ફરી નહિ આવે આવો લાગ, ભાઈ ॥૪॥

જોને વિચારી તું તો આવ્યો છે શા કામ,
આજ સંભાળીને ખોળો અમરઠામ, ભાઈ ॥૫॥

છેલ્લી સંધે જોગ મળીયા, પામ્યો માણસ દેહ,
પ્રગટરૂપ જોઈ આલેકીજે સ્નેહ, ભાઈ જાગ ॥૬॥

જોતાં જોતાં વેળા પહોંચી, આવ્યા છેલ્લા દન,
ઘડીમાં ઘડિયાળાં વાગે જાગે જકરે મન, ભાઈ જાગ ॥૭॥

ચાર પહોર વાજાં વાગ્યા તોય ન જાગ્યો તું,
ફરી ફરી તારે માટે વેદે કહું છું હું, ભાઈ જાગ ॥૮॥

સ્થિર નહિ ઉમ્મર તારી, સ્થિર નહિ વેળાય,
પાણીનો પરપોટો કાયા જોતાં ભાંગી જાય, ભાઈ જાગ ॥૯॥

રાય રાણા જોગી ભોગી સૌના મારગ એક,
આવ્યા તેને જાવું, ભાઈ જાગ ॥૧૦॥
કહે **નિરંજન** માનજો રે ભાઈ,
આજ સંભાળો ને તમે કરોને સજાઈ, ભાઈ જાગ ॥૧૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા *: ગરબી :* ૧૨૭

હવે ધરમી ધરમની ઢાલ કેવી કરવી રે ॥૧॥
હવે ખેતર પાછળ વાડ સારી ભરવી રે ॥૨॥
એ ગોરનું છે ફરમાન, તે તો કરવું રે ॥૩॥
એ ઘમર ઘરની વાત કોઈ નહી જાણે રે ॥૪॥
એ ફરમાવે મહારાજ, અવસર ટાણે રે ॥૫॥
નમી નમી કરો નરનાર શાહના સંગી રે ॥૬॥
જે નહિ કરે નર નાર - દુનિયા રંગી રે ॥૭॥
નિત્ય શુક્રવારે સહુમેળા મળજો રે ॥૮॥
સવાસો માળાનું ફરમાન - તે દન કરજો રે ॥૯॥
સહુ ગામો ગામના યાર મેળા મળજો રે ॥૧૦॥
સવા રૂપિયો પૂજાએ - ગામ દીઠ કરજો રે ॥૧૧॥
એ સહુને છે ફરમાન, બુદરદીન કહે છે રે ॥૧૨॥
જે નહિ કરે નરનાર સંતાપ તેને રે ॥૧૩॥
જે દેવદુનિયાનો ભાર - તે શીર પડશે રે ॥૧૪॥

જેનાથી નહિ અવાય, ઘેર તમે કરજો રે ॥૧૫॥
પણ શુક્રવારને દન - તે દન કરવી રે ॥૧૬॥
એ માળાનો મુકામ મધ્યાને કરવો રે ॥૧૭॥
પછી દેવ કરો કરજોડ - મહેરો માગો રે ॥૧૮॥
એ જકર ફકરની વાત, દિલમાં જાગો રે ॥૧૯॥
બુદરદીન બોલ્યા દેવ કષ્ટ ભાંગો રે ॥૨૦॥
નિત્ય શુક્રવારે સહુ એવા જાગો રે ॥૨૧॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા : ગરબો : ૨ ૧૨૮

હોંશ કરીને ગોપીઓ રમતાં રાસજો,
તેવીને હોંસો રે આજ તમે કરો રે લોલ ॥૧॥
તેવી રીતે તમે કરો તો સાર જો,
તો આ અવસરમાં રમીએ ભક્તિ ભાવશું રે લોલ ॥૨॥
ત્રિકમને તો તપિયા વહાલા આજજો,
જેવી ગોપીઓ વહાલી રે ગોકુળગામની રે લોલ॥૩॥
ભૂધર તો છે ભકિતને આધિન જો,
તો જેણે માળાઓ કરી છ વખતની રે લોલ ॥૪॥
શુક્રવારે સૂતા નહિ અહોરાત જો,
તો જપ તપ કરીને સ્વામીને રીઝવો રે લોલ ॥૫॥
રૂડી રીતે દેવ કરો તો સાર જો,
તો પરસાદી રાંધો રે તમે પ્રેમથી રે લોલ ॥૬॥

જમવા આવે શામળિયો સહુ સાથજો,
અમે ભક્તિના ભોગી રે આદે અંતના રે લોલ ॥૭॥

પાંચ વરસના ધ્રુવજી નાના બાળજો,
તો તપેને ગયા રે વનમાં એકલા રે લોલ ॥૮॥

તે માટે તેને અવિચળ આપ્યાં રાજજો,
તો તે તો વખતો રે આસંસારમાં રે લોલ ॥૯॥

તે વેળા તો સતના હતા દનજો,
તો આજની વેળા રે વસમી જાણ જો રે લોલ ॥૧૦॥

તે માટે તો કહું છું તમારે કાજજો,
તો સમજીને સમરણ કરીએ શ્યામના રે લોલ ॥૧૧॥

તેથી અમારે અંતર નહિ લગાર જો,
તો જેવી રામા અવતારે જોડી લક્ષ્મણ વીરની રે લોલ ॥૧૨॥

એવા તમને કરવા છે આ દન જો,
તો સમરણ કરો તો લક્ષ્મણ વીરલા રે લોલ ॥૧૩॥

હવે તમને તારું નિશ્ચે આજજો,
તો મધની માળા રે તમે મન ધરો રે લોલ ॥૧૪॥

હવે અમને વાર નથી લગાર જો,
તો ગોવિંદની ગુંજો જાણી ને સમરીએ રે લોલ ॥૧૫॥

ભણે બુદરદીન ભર દરિયામાં આજજો,
તો સમરણ કરીને થાવો સરૂખડા રે લોલ ॥૧૬॥

● ● ●

સૂણો મેરા બંદા કહ્યા મેરા કીજીએ,
અમર કેરાં લહાણ લીજીએ,

(ઢાળ) કર કર બંદા કહ્યાં અમારાં હું કહું તુ જ કારણે,
શુક્રવારની સહાયના સમજો વસવું અમર બારણે ॥૧॥

માળા કરજો મોહભરીને સવાસો તસબી તે દને,
સવા રૂપિયો પૂજા દેજો, ગામ દીઠ માંગુ તમ કને ॥૨॥

એ સહાયના છે અમ તણીને, જે કોઈ કરશે દલ ધરી,
નિત્ય શુક્રવારે તમે કરજો, દુઃખ નહિ આવે ફરી ફરી ॥૩॥

દુનિયાં કેરાં દુઃખ જાશે, દેવને વળી સુખ થશે,
કહ્યાં અમારાં જે કોઈ કરશે, મોરાતબ તેને હશે ॥૪॥

ખોજી અમારા ખંત કરીને, અમને શોધી કાઢ્યા,
દસુંદ દીધી ને વાચા પાળી, તેને અમે તારીયા ॥૫॥

કાચા ઈમાનીની કમર ભાંગી - બીજાને વળી બંધ કરે,
સાલાં - પોલાં મનમાં શું જાણે તે આગળ જાતાં કેમ તરે ॥૬॥

સત ને નાવે બેસવાને - પવનપાણી વિના ગગન ચઢે,
અસત્‌ની જો આંચ લાગે, તો ઉપરથી હેઠા પડે ॥૭॥

માટે ઘોર અંધારા ટાળીએ, ને દિપક દિલમાં કીજીયે,
ગોરજી કેરાં કહ્યાં કરીને, અમર ફળ તો લીજીએ ॥૮॥

અમરફળ તો છે અરસમાંને, વૃક્ષ તો વસમાં ઘણાં,
તે લેવાને તમે બેઠા, ઝેરના ગયાં તમ ઘણાં ॥૯॥

ઝેરના તો ઝંડા રોપ્યા, જેમ જુધ્ધ વિષે ઝટકા પડે,
અમરફળમાં વિષ ભેળવ્યાં, તે હળાહળ શિવને નડ્યાં ॥૧૦॥

દેવ દાનવના દોષ માટે ભોગવ્યાં શિવે સહી,
આજ અમર ફળમાં વિષ ભેળવ્યા, તે ભોગવવાં અમને અહીં ॥૧૧॥

તે માટે આજ કહું છું જ્ઞાને, કહ્યાં અમારા જો કરો,
જકર ભજનની પાળ બાંધો કંઈક દલમાં ઓસરો ॥૧૨॥

કહે **બુદરદીન** સત વાતો, ઝેર સઘળાં ટાળીએ,
સતગોર કેરાં કહ્યાં કરીને, વખડાં સરવે વાળીએ ॥૧૩॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા — ૧૩૦

વીરાજી વિનંતી માનો અમારી, માનો અમારી,
તો લાજ રહેશે રે તમારીજી ॥૧॥

માળા કરો તમે મિજલસ મળી, મિજલસ મળી,
તો શુક્રવારની સહાયનાજી ॥૨॥

નિત્ય ઉઠી તમે કહો છો રે અમને, કહો છો રે, અમને,
તો સ્વામીજી દુઃખ છે અમને અપારજી ॥૩॥

તેરે માટે તમને એ રે ફરમાવ્યાં, એરે ફરમાવ્યાં,
તો કરશો તો કારજ સીધેજી ॥૪॥

તમ શીર દુઃખડા તે વળી જાશે, તે વળી જાશે,
વળતી તો લહાણ લખાશેજી ॥૫॥

ગત મળી તમે કમર બાંધો, તમે કમર બાંધો,
તો એરે વચન તમે સાધોજી ॥૬॥

જકરે જલાપા દૂર પળાશે,દૂર પળાશે,
તો અગ્નિ તો ટાઢી થાશેજી ॥૭॥
નમી નમી કરજો નિવરખ થઈને, નિરવખ થઈને,
તો મનમાં તો મેલ ના રાખોજી ॥૮॥
મેલ રાખી જે કોઈ મળશે મોરાદી, મળશે મોરાદી,
તો તેની કરણી કાળે ખાધીજી ॥૯॥
જેમહરણ સિંહ એક ન્યાયે ચરે છે,એક ન્યાયે ચરે છે,
તો કોઈ કોઈ ને વિષ નહિ લગારજી ॥૧૦॥
એવા થઈ તમે મિજલસે મળજો, મિજલસે મળજો,
તો સ્વામીજી તમ પર રીઝેજી ॥૧૧॥
મિજલસે મેળા કઈ પેરે મળીએ, કઈ પેરે મળીએ,
તો ગુણ અવગુણ ત્યાગ કરીનેજી ॥૧૨॥
મધ્યાંને માળા કરી પરવારો, કરી પરવારો,
તો દેવ જુગત કરીને જમાડોજી ॥૧૩॥
પોતે તરપત થઈને આશિષ દેશેઆશિષ દેશે,
તો દેવ દુનિયાના દુઃખ ટળશેજી ॥૧૪॥
ભજન કરી તમે મહેરજો માગો,મહેર જો માગો,
તો રહેમત રહેમાની થાશે જી ॥૧૫॥
બોલ્યા **બુદ્દરદીન** આપે સવાઈ,આપે સવાઈ,
તો દુનિયામાં કરશું નવાઈજી ॥૧૬॥

● ● ●

કાયમના હવે વારા આવ્યા તેના સૂણોને વિચાર,
મુલકમાં ક્ષય રોગ લાગ્યા, મહેંદી પસારા જાગ્યા,
વેળા વાઘણ છે વહેતાળ ॥૧॥

સ્થળ વિના તો થાકીને જાશો, કોની કરશો બેલ,
બેલતો હવે છેલ્લી વેળા, થાવો અમરમાં ભેળ,
વેળા વાઘણ છે વહેતાળ ॥૨॥

હવે સાથ મળ્યો સહુ દેવનો રે, સરવે તત્પર થાય,
અહો રાત્રિ આવશે રે, તેમાં તમને ભેળવું સાથ,
વેળા વાઘણ છે વહેતાળ ॥૩॥

શુક્રવાર મધના મેળા, સરવે કરોને જમાત,
માળા ભજનમાં હોશિયાર રહેજો, કરજો દેવનાં દર્શન,
વેળા વાઘણ છે વહેતાળ ॥૪॥

અહોરાત્રિ જાગજો, રે માળા કરજો નિત,
નિત જોતામાં હવે પરવરે, શાહના દળ અપાર,
વેળા વાઘણ છે વહેતાળ ॥૫॥

નુર જકરની વેળા રે જશે, ત્યારે કંઈક પસ્તાય,
અસવારી એ વાટે રે ચાલી, કોની લેશો હવે તાલી,
વેળા વાઘણ છે વહેતાળ ॥૬॥

સૂઝ પડે તો ચેતવીને રહેજો, છેલ્લો કહું છું ફાલ,
ચાનક રાખી નિંદ્રા રે કરજો, થાશે સ્વપ્નાની પેઠ,
વેળા વાઘણ છે વહેતાળ ॥૭॥

ઊંઘ્યા અઘોરી આળશું રે, તે શું જાણે વાત,
વાટે લશ્કર ચાલીયા રે, ત્યારે ખાધી તે મોટી ઘાત,
વેળા વાઘણ છે વહેતાળ ॥૮॥

ઘાત વસમી દોહયલી રે, કેમ કરી ભાંગે વાટ,
મેળાવો પુરે દોહેલે થાશે, તેના ભાગ્યા બંધ,
વેળા વાઘણ છે વહેતાળ ॥૯॥

એવાં ચલિતર હવે રે થાસે, થાશે મહમંદના રાજ,
રાજ તો ઋષિઓને કરાવું, હવે ચલાવું હામ,
વેળા વાઘણ છે વહેતાળ ॥૧૦॥

બોલ્યા **બાકરશાહ** વિનવું રે, હવે ભાગુ તે મોટી ચીન,
કમલાકુંવર ને હીમપુર લાવું, લશ્કર આવે ક્ષણમાં પુર,
વેળા વાઘણ છે વહેતાળ ॥૧૧॥

• • •

શ્રી સતગોર સહદેવ વાચા **૧૩૨**

સતગોર સાહેબ એક હે - નહિ દૂસરા કોઈ,
નવે ખંડે આપે રાજા,આપે નિરંજન સોહી ॥૧॥

સૂણો મુનિવર સાર ગીતા, વેદે લાવ્યા રે વિસ્તાર,
જ્ઞાને ગુંજો બતાવી ભાઈ,તેનો કર્યો વિસ્તાર ॥૨॥

વેળા આવી હવે દોહેલી, ધરમી ધરજો ને ધ્યાન,
મહમંદ મેંદીના વારા આવ્યા, હવે જાગે રે કિરતાર ॥૩॥

હળાહળ વેળા આવી બની, ત્યારે તમને કહાવ્યું એહ,
મધ સમે તમે માળા કરજો, સાડત્રીસ માળા તેહ ॥૪॥

આફિયત આવી હવે જોરમાં - તે તો દૂર નહિ રે થાય,
ધરમીને તો આંચ નહિ આવે, દુનિયા ઊડી જાય ॥૫॥

ત્રાહે ત્રાહે પોકારે મેદની હાહાકાર અપાર,
ખલક સહુ ખળભળે દુનિયાને સંતાપ ॥૬॥

એવા દન હવે આવીયા, જો જો મુનિવર ભાઈ,
સહાયના તમે કરશો તો, વેળા નડશે નહિ ॥૭॥

વળી બીજું તમને કહું, તેના સૂણોને વિચાર,
એક માસમાં એક દન કહીએ, પહેલો શુક્રવાર નિરધાર ॥૮॥

શુક્રવારે તમે મેળા મળજો, મધ નિશાએ એહ,
દેવે તો સરવેને જાવું, માસ એકે કહીએ તેહ ॥૯॥

નર નારી સરવે જા જો, ગતમાં નહિ જાય,
સહેલ વાતમાં હારી જશો, તો આગળ મારગ વસમા થાય ॥૧૦॥

બોલ્યા **બુદરદીન** સાંભળો તમને કહ્યા વિસ્તાર,
માનીને જે શીરે ચઢાવે તેના છે નિસ્તાર ॥૧૧॥

● ● ●

સૂણો મુનિવર વારતા રે,
તમને કહે છે રે કિરતાર ॥૧॥
વીરા આદે અંતે ખેલ કર્યા રે,
તે તો અમે રે નિરધાર ॥૨॥
વીરા અમે તો તમને ફરમાવીયા રે,
જે કોઈ કરશે નરને નાર ॥૩॥
વીરા તેને તો લાભ અતિ ઘણો રે,
તે તો કળિજુગની રે માંહે ॥૪॥
વીરા એક માસમાં ચાર સહીરે,
એક દિવસ માંરે સહી ॥૫॥
વીરા મધની સહાયના તમને કહીરે,
તે તો કરજો સરવે સહી ॥૬॥
વીરા જાગરણ તો કરવું સહીરે,
દેવે જાવું મારા ભાઈ ॥૭॥
વીરા પહેલો શુક્રવાર મોટો સહીરે,
પછી બીજા શુક્રવારે તહીં ॥૮॥
વીરા સરવેને કરવો સહી રે,
માટે માનો મારું અહીં ॥૯॥
વીરા તે કર્યા નો લાભ અતિ ઘણો રે,
તે તો કરજો સરવે સહી ॥૧૦॥

વીરા ગુપ્ત તમે સાંભળો રે,
જ્ઞાને સાંભળો તમે અહીં ॥૧૧॥
વીરા સાડત્રીસ માળા મધે ફેરવો રે,
જેથી દેવે અવાય નહિ ॥૧૨॥
વીરા એકસો ને અગિયાર બેરખા તણું રે,
સાડત્રીસ માળાનું ફરમાન ॥૧૩॥
વીરા જેને ઓપટી આવી પડે રે,
તેની કરી છે એ પેર ॥૧૪॥
વીરા ધરમીતો હટપટીયા સહી રે,
એ કેમ જવાશે તે તહીં ॥૧૫॥
વીરા માંહે માંહે થાય આકરા રે,
કાંઈ કરશે રે નિસ્તાર ॥૧૬॥
વીરા એવું મુનિવર ઓચરે રે,
એકચિત્તે નિહાળો દર્શન ॥૧૭॥
વીરા દેવનો લાભ નહિ મળે રે,
તે તો આજ વેળાની માંહે ॥૧૮॥
વીરા જેને ઓપટી આવી પડે રે,
તેને કર્યો છે નિસ્તાર ॥૧૯॥
વીરા સહેજે તો રહીના જશો રે,
એ તો ધરમી મારા સહી ॥૨૦॥
વીરા શુક્રવારે દેવે જાવું સહી રે,
એ તો મુનિવર મારા ભાઈ ॥૨૧॥

વીરા એ હદ સરવે માનજો રે,
તમે ધરજો સરવે ધ્યાન ॥૨૨॥

વીરા શિખામણ માનો ગોર ગત તણી રે,
ગોરનાં કહ્યાં કરજો સરવે અહીં ॥૨૩॥

વીરા સાચા હશે તે શીર ધરે રે,
જૂઠા માને નહિ રે લગાર ॥૨૪॥

વીરા માને તે થાય મહોરવી રે,
બાકીના રહ્યા ટળવળતા આજ ॥૨૫॥

વીરા દેવધારી થાળધારી સાંભળો રે,
ઉધારે કરશો નહિ કોઈનું કામ ॥૨૬॥

વીરા ગોર **બુદરદીન** બોલીયા રે,
ચારદિનમાં શું હટપટીયા નિરધાર ॥૨૭॥

● ● ●

શ્રી સતગોર સહદેવ વાચા ૧૩૪

અનંત કરોડી આપે હો આવ્યા,
તો આખર વેળામાં કહાવ્યાં જી હો ॥૧॥

ફરમાસ લાવ્યા છું અમોરે આજ,
તો કરવાં તમારાં કાજ જી હો ॥૨॥

ભજનની માળા આજતો ફરમાવી,
તો માંહે માંહે કોઈને નહિ ફાવીજી હો ॥૩॥

માંહે ધરમી તો આજ એમ કહે છે,
તો દન દન કપરૂ કહે છે જી હો ॥૪॥

નિત માળા સાઠ કહીએ,
તેમાં ઓછી રાખો તો દુઃખ નહિ અમને જી હો ॥૫॥

સહાયના શુક્રવારની આજ રે લાવ્યા,
તેના તો ભેદ તમને બતાવ્યા જી હો ॥૬॥

માળા સવાસો એક મનથી કરીએ,
પછી દેવ દર્શન મન ધરીએ જી હો ॥૭॥

એ નહિ કરે તો ફરજ તમ શીર રહેશે,
પછી કહેરની નદીઓ વહેશે જી હો ॥૮॥

માંહે ઢીલું નાડે તે ધરમી કેવા,
પછી ધારે છે અમર ગઢ લેવા જી હો ॥૯॥

અમરગઢ લેવા સહેલ નહિ વાતો,
અમે ભોળા નથી જુગનાથ જી હો ॥૧૦॥

તમે જાણો જે સહેલે ઘાંટી ઉતરશો,
પણ આજે અમે ખરા કરીશું જી હો ॥૧૧॥

એ છેલ્લી સંઘની સહાયના લખી છે,
તો તેની વાતો સરવે અહીં છે જીહો ॥૧૨॥

પછી આંહીંની કમાઈઓ તહીં જોવાશે,
પછી શું હાલ થાશે તમારો જી હો ॥૧૩॥

કહેર કરામત તમ તસગીર થાશે,
પછી બૂમારોળે જીવ જાશે જી હો ॥૧૪॥

પીર **બુદરદીન** સહાય કેમ કરી કરશે,
તો માળા સવાસો મન ધરશો જી હો ॥૧૫॥

● ● ●

સૂણીએ વાતો મુનિવર સાંભળો,
આજે શિખામણ કહું તેમ મનધરો,

(ઢાળ) મન ધરો રે મમતી મારા,
વેળા તો હલહલકાર,
પણ કારમું જોઈને શું રહ્યા છો,
પણ તરફોડે નિશ્ચે જાય ॥૧॥

આજ ઉતાવળ આપણે ને,
કહ્યાં કરો તો સાર છે,
પણ આખર દહાડા દન પહોંચ્યા,
ઉતાવળ કરો તો પાર છે ॥૨॥

સાગર ઉતરી પાર જાવું,
એવી ઉતાવળ તાંહાં કરો,
પણ આજ તમે એવું કરો તો,
વૈકુંઠમાં પાર પડો ॥૩॥

અને કહ્યાં હમારાં જો કરો,
તો કામ થાય આપણું,
પણ સારો દહાડો જુમા કેરો તો સત ભણો ॥૪॥

આખર દહાડે આવી પહોંચો,
તેમાં વાતો અવનવી,
મિજલસ મેળા જો મળે તો,
અમારા મનની જાણી ખરી ॥૫॥

નબી સાહેબના વખતમાં,
જુમાને દહાડે સરવે મળે,
બે પહોર સુધી બંદગી કરવી,
વળતી વાતો મન ધરે ॥૬॥

મહેજત માંહે નિત જાવું,
અને પાંચ વખતની વાત છે,
પણ આજ તમને છ વખતો બતાવી,
માળાની તો છાપ છે ॥૭॥

મહેજતમાં તો નિત મળો,
જ્યારે દહાડો આવે જુમા કેરો,
ત્યાં એક મનના થઈ બેસીએ,
અને ફરમાન શાહાનું ભણો ॥૮॥

અને સરવે ધરમી ત્યાં મળે,
જ્યાં નબી હોય કિરતાર,
અને ઘણી શિખામણ પોતે દે છે,
તમને સરવે વાત ॥૯॥

આજના ધરમી અવનવા,
અને મન સ્થિર નહિ લગીર,
અને ચિત તો ચોદસ ફરે,
તે તો શું પડે પાર ॥૧૦॥

ત્યાં સાઠ હજાર પાઘડી નિત્ય મળતા,
મહેજત કેરી માંહે,
નબી સાહેબ ઊભા રહીને,
નમાજ કરાવે તાંહે ॥૧૧॥

પણ તમને અમે બતાવ્યું,
આજ જુમા કેરે દન,
બપોર પહેલી માળા કરવી,
તેને મોટું પૂન્ય ॥૧૨॥

આજ તમને બતાવી ધરમશાળા,
જયાં દેવનું હોય ઠામ,
ત્યાં જઈને નામ લેવું,
એ તો છે મુકામ ॥૧૩॥

જયાં દેવ કરતા હોય સરવે મળી,
તેનો લાભ અપાર,
ત્યાં નિત્ય સતગોર દેવે આવે,
જુમા મહેજતમાં નબી કિરતાર ॥૧૪॥

આજ ધરમી માનો મારા,
લાભનો નહિ પાર,

સવાસો તસબી એક મનથી,
કરશે તેનો છે પાર ॥૧૫॥

ઓછાં કરમના કોને કહીએ,
કહ્યાં હમારા ના કરો,
માળાની વખતે વેગળા રહ્યા,
વળતી તો ફેરા ફરો ॥૧૬॥

સવાસો તસબી સરવે ને,
જે નીમધારી નરનાર,
તે તો કરવી આ વખતમાં,
એ મોટી છે છાપ ॥૧૭॥

લબદ હીણા ને હિંમત નહિ,
ના જાણે અસલની વાત,
આજ અંત વેળા તમને બતાવું,
ધરમશાળાની જગ્યા ॥૧૮॥

ત્યાં તો સરવે એક મનના બેસો વીરા ભાઈ,
એવી શિખામણ આપે દે છે,
આપે પીર સવાઈ ॥૧૯॥

બુદરદીને બાકી ના રાખી,
કથી સરવે કાજ,
માની ને મોરાતબ લો તો સાંચું થાશે કાજ ॥૨૦॥

● ● ●

(મધરાત્રીનુંજ્ઞાન)

મધ નિશા સમેરે : જાગી સમરોશ્રી કિરતાર ॥૧॥
રૂપ હૃદયે ધરો રે, જેવા દીઠા દેવ મોરાર ॥૨॥
મન તન એક શું રે, જપીએ જુગ જીવન મહારાજ ॥૩॥
મુનિવર માહરા રે, મળી મળી પીજો અમૃત નુર ॥૪॥
નુર નર નામનાં રે, તે હેતે જપો રે ભરપુર ॥૫॥
સમરો શ્યામને રે, આજ કળ વેળા રે આનંદ ॥૬॥
જકરે જાગીએ રે, આજ દન અવસર છે આનંદ ॥૭॥
નિંદના કીજીયે રે, સુખશું ના સૂઈએ રે નચંત ॥૮॥
લહાંણ અપાર છે રે, જાગો વીરા મારા ચંત ॥૯॥
પાપ પ્રલય જશે રે, કોટી કોટી જે અનંત ॥૧૦॥
તે કેમ વિસારીયે રે, મૂરખ આળશ કરીને અંધ ॥૧૧॥
ભજો ભગવાન રે, તજો બીજી આળ પંપાળ ॥૧૨॥
કુથલી નવ લહોરે, જાગી સમરો દેવ દયાળ ॥૧૩॥
વેળા અથરની રે મધે માળાનો વહેવાર ॥૧૪॥
એકમન થઈ રે, જપીએ જુગ જીવન કિરતાર ॥૧૫॥
બુદરદીન બોલીયા રે, તજોને મન તણાં અભિમાન ॥૧૬॥

● ● ●

સૌ જન જ્ઞાન સૂણો ને આજ રે ॥૧॥
મધ સુધી જાગો તો થાશે તમ કાજ રે ॥૨॥
ગોષ્ટિ કેરા જ્ઞાનના વમરસ કરીયે રે ॥૩॥
સાંભળ્યું તે મન અંતર ચિત્ત ધરીયે રે ॥૪॥
ગોષ્ટિ વેળા વાત કોઈની ના કરીયે રે ॥૫॥
દીઠ્યા તેવાં ધ્યાન ધણીનાં ધરીયે રે ॥૬॥
સાંભળવાને તિરથ દેવ સરવે આવે રે ॥૭॥
ઊંઘો નહિ તો મન અમારે તમે ભાવો રે ॥૮॥
સાંભળીને દેવ પધાર્યા સરવે સહીં રે ॥૯॥
તિરથ વાધ્યાં ઊપમા કરશે તમ તહીં રે ॥૧૦॥
માટે તમે સાવધાન થાવો ને આજ રે ॥૧૧॥
જ્ઞાન સૂણી ઘેર પધારો સરવે સહી રે ॥૧૨॥
મધ કેરી માળા જપો સરવે સાથ રે ॥૧૩॥
આખર વેળા પૂરી ભરાવું બાથ રે ॥૧૪॥
દેવ તીરથ વાધ્યાં પોતાને ધામ રે ॥૧૫॥
બ્રહ્મ સભામાં લેશે તમારાં નામ રે ॥૧૬॥
માટે તમે જ્ઞાન સૂણો ને આજ રે ॥૧૭॥
અસવારીમાં ત્યારે ભળશો ત્યાંહે રે ॥૧૮॥

એ તો બોલ્યા **બાકરશાહ** કિરતાર રે ॥૧૯॥

મદ્યે જાગી શયન કરો આ વાર રે ॥૨૦॥

દોઢી વાંણ,

શયન કરો સુરતાધરી
ચરણે ધરીયે ચિત્ત ॥૧॥
ખટઘડી રાતે જાગશો,
તો અમતમ રહેશે પ્રિત ॥૨॥

(સમપુરણ)

૧. દેવ પૂજામાં દરરોજ જવા વિષે :

નિત્ય નિત્ય ગતમાં આવશો રે (૨)
તો કળિયુગ ભાગે દૂર રે, કળિયુગ (૨)
જો એક દિવસ આળશ કરો રે (૨)
તો મતિ ફીરાવે હજૂર રે, મતિ (૨)

૨. "શ્રી બુદરદીન બાવા"

જો ક્રિયા પાળો તો ધરમ સૂઝે,
ત્યારે જપ તપ ભજન કરાયજી,
માટે એવે પદાર્થે સતપંથે ચાલો,
તો કારજ જીવનનું થાયજી,
વળી ગળીનું વસ્ત્ર પરિધાન ના કરવું,
વળી શાસ્ત્ર વચને વરત કરવું હોજી,

વળી નાટક ચેટક છળ ભેદ દૃષ્ટે નવ જોઈએ,
એવે ચલણે થી નારાયણને ખોઈએજી.

"શ્રી બુદરદીન બાવા"

૩. બ્રહસ્પત વારે ભક્તિના લાભ

બીજના લખ્યા મોટા દાવ,
ત્રેલાં તો તત્વ જાંણો,
શિયળ વ્રત શૂરા તો,
છલ્લો કરો તો પાંચે વ્રત પૂરાં રે,
છેલ્લા દહાડા સંભાળો ॥૧॥

ઉત્તારદિશાએ વ્રત બ્રહસ્પત બેસે,
તો દક્ષિણ દિશાએ બીજ બેસે રે,
પૂર્વ દિશાએ ત્રેલાં તત્વ જાણો,
તો પશ્ચિમે શિયળ વ્રતની એંધાણી રે,
છલ્લો તો છાકમ છોળો છત્ર ધરશે,
તો કાળિંગો કેમ કરી મરશે રે,
છેલ્લા દહાડા સંભાંળો રે ॥૨॥

વેલની વાંણ :

જ્ઞાન અંતે સુરતા ધરો, બે કર જોડો યાર,
અંતે વાણી સાંભળો, પછી નિંદ તણો વહેવાર ॥૧॥

કહે નિરંજન સાંભળો, એ વમરસ અંતે જ્ઞાન,
વાંચી રહો તો બોલજો, એ પાયે નમું પરમાણ ॥૨॥



આ જ્ઞાનગીતામાં કોઈ ભૂલચૂક કે ક્ષતિ હોય તો માફ કરશો. આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તન મન ધનથી સાથ સહકાર આપનાર સૌ ના આભાર સહ....

અંબાલાલ લાભશંકર પંડ્યા
જનરલ મેનેજર
ઘી આઠીયા ટ્રસ્ટ - પીરાણા

॥ ॐ श्री निष्कलंकी नारायणाय नमः ॥

॥शुभम् भवतु ॥

●● પ્રકાશક ●●

કાકાશ્રી ગોરધનભાઈ નગીનદાસ

ચેરમેનશ્રી

ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી

ટ્રસ્ટ રજી. નં. ઈ. ૭૫૪/અમદાવાદ

પીરાણા, તા. દશક્રોઈ, જી. અમદાવાદ

પીન નં. : ૩૮૨ ૪૨૫